
કિંમત ₹ ૫

# શ્રી સ્વામિનારાયણ માસિક

પ્રકાશન દર માસની ૧૧ તારીખે ● સળંગ અંક:૧૨૧ ● મે ૨૦૧૭




NNDYM
યુવા કેમ્પ મેલબોર્ન - ઓસ્ટ્રેલીયા
૨૦૧૭


પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ-૧



1



2



3



4

૧. રામનવમી - શ્રી હરિજયંતીના બાલસ્વરૂપ ઘનશ્યામ મહારાજનો અભિષેક કરતા પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ.લાલજી મહારાજશ્રી, તથા રાત્રે શ્રી ઘનશ્યામ જન્મોત્સવ નિમિત્તે શ્રી નરનારાયણ દેવ સમક્ષ ઠાકોરજીને પારણે ઝૂલાવતા પ.પૂ. મોટા મહારાજશ્રી. ૨. કર્મ શક્તિ (બાપુનગર)ના ૧૯માં પાટોત્સવ નિમિત્તે ઠાકોરજીની આરતી ઉતારતા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી તથા તે પ્રસંગે કથા પારાયણનું રસપાન કરાવતા વકતા શા.સ્વામી ચૈતન્યસ્વરૂપદાસજી. ૩.અંજલી મંદિરમાં રામનવમી - શ્રી ઘનશ્યામ જન્મોત્સવની આરતીના દર્શન. ૪. માંડલ (વિરમગામ) મંદિરના પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીનો અભિષેક કરતા સ.ગુ.શા.સ્વામી આત્મપ્રકાશદાસજી, મૂળી મંદિરના મહંત સ્વામી, તથા શા.સ્વામી ભક્તિનંદનદાસજી અને મહંત વિશ્વપ્રકાશદાસજી.



# શ્રી સ્વામિનારાયણ


શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર

વર્ષ - ૧૧ ● અંક : ૧૨૧

મે-૨૦૧૭

(મૂળ વર્ષ ૪૯)





**સંસ્થાપક**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી
**શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ**
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : ૨૭૪૮૯૫૯૭
ફેક્સ : ૨૭૪૧૯૫૯૭
મો. : ૯૮૭૯૫ ૪૯૫૯૭
પ.પૂ. મોટા મહારાજશ્રીના સંપર્ક માટે
ફોન : ૨૭૪૯૯૫૯૭
**www.swaminarayanmuseum.com**
**ફોન**
૨૨૧૩૩૮૩૫ (મંદિર)
૨૭૪૭૮૦૭૦ (સ્વા. બાગ)
**શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ**
**પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮**
**શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની**
**આજ્ઞાથી**
તંત્રી શ્રી
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી (મહંત સ્વામી)

**પત્રવ્યવહાર**

શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : ૨૨૧૩૨૧૭૦
ફેક્સ : ૨૨૧૭૬૯૯૨.
**Mo. : 9099098969**
**www.swaminarayan.info**
**www.swaminarayan.in**
એડ્રેસમાં ફેરફાર કરવા
**E-mail : manishnvora@yahoo.co.in**

**લવાજમ** - વાર્ષિક : રૂા. ૫૦-૦૦ ● છુટક નકલ રૂા. ૫-૦૦


## અ નુ ક્ર મ ણિ કા


| | | |
|---|---|---|
| ૦૧. | અસ્મદીયમ્ | ૦૪ |
| ૦૨. | પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ | ૦૫ |
| ૦૩. | ભગવાન થવાનું પ્રાયશ્ચિત | ૦૬ |
| ૦૪. | હે નાથ નિત્ય દર્શન આપો | ૦૮ |
| ૦૫. | “આવા સંત બ્રહ્માંડમાં ક્યાંય નથી” | ૧૦ |
| ૦૬. | પરિપક્વ નિશ્ચયવાળા ભક્તના લક્ષણો અને તેની પ્રાપ્તિ | ૧૨ |
| ૦૭. | પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીનો શ્રીરાજા સહ ઓસ્ટ્રેલીયા ધર્મ પ્રવાસ (૨૦૧૭) | ૧૪ |
| ૦૮. | શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દ્વારેથી | ૧૫ |
| ૦૯. | સત્સંગ બાલવાટિકા | ૧૮ |
| ૧૦. | ભક્તિ સુધા | ૨૦ |
| ૧૧. | પ્રશ્ન પેટી | ૨૪ |
| ૧૨. | સત્સંગ સમાચાર | ૨૫ |

# અસ્મદીયમ્

જીવન જીવવાની અતિ સુંદર કળા ભગવાન શ્રીહરિએ આપણને આપી છે પણ આપણે તે પ્રમાણે વર્તતા નથી એટલે સુંદર જીવતા પણ આવડતું નથી. આજના યુવાનોમાં વાચન સાવ બંધ થઈ ગયું છે. જે ખૂબજ જરૂરી છે. માટે વાચનની ટેવ ખાસ પાડવી.

આપણા નંદ સંતોએ અપાર ગ્રંથો લખ્યા છે. જેના ઉપર આજ સુધીમાં સેંકડો લોકોએ ઊંડો અભ્યાસ કરીને ડોકટરેટની પદવી મેળવીને પી.એચ.ડી. થયા છે. આપણા કવિ સમ્રાટ સ.ગુ. બ્રહ્માનંદ સ્વામી, પ્રેમાનંદ સ્વામી, દેવાનંદ સ્વામી, નિષ્કુળાનંદ સ્વામી, ભૂમાનંદ સ્વામી આદિ સંતોના એક એક પદ ઉપર આજના વિદ્વાનો પાને પાના ભરી વિવેચન કરે તોય તેનો પાર ન આવે એટલા શાસ્ત્રો આપણા નંદ સંતો દ્વારા લખાયેલા છે. લહીયા સંતોએ લખેલ એક એક હસ્તપ્રતના તમારે દર્શન કરવા હોય તો આપણા શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં તેના દર્શન થશે. શ્રીહરિના સમયમાં સંતોએ કેટલો દાખડો કર્યો છે તે આવા શાસ્ત્રોના વાચન થકી આપણને જાણવા મળે.

અમારું સૌ યુવાન હરિભક્તોને ખાસ સૂચન છે કે મોબાઈલનો ખપ પુરતો ઉપયોગ કરજો પણ સંપ્રદાયના અમૂલ્ય શાસ્ત્રોનું વાચન કરવાનું બંધાણ રાખશો. આપની ભાવિ પેઢીને પણ એજ સંસ્કાર આપજો. આ ચાતુર્માસમાં વચનામૃત, શ્રીમદ્ સત્સંગિજીવન, શ્રીમદ્ શિક્ષાપત્રી ભાષ્ય, શ્રીમદ્ સત્સંગિભૂષણ, ભક્તચિંતામણી, નંદ સંતોની વાતો તેમાંથી કાંઈક વાંચજો તો તમને આવા અલૌકિક સંપ્રદાય અને શ્રી સ્વામિનારાયણ ભગવાનનું સર્વોપરીપણું સમજાશે જેથી આપણું આ લોક તો સુધરશે પણ શ્રીજી મહારાજ આપણને તેમનું મહા અલૌકિક અક્ષરધામનું સુખ નિશ્ચે આપશે. અવસ્થા થશે ત્યારે કાંઈ નહીં થાય. માટે જ યુવાનોને ખાસ ફરી ફરીને સૂચન છે કે આપણા શાસ્ત્રો જરૂર વાંચજો.

**તંત્રીશ્રી (મહંત સ્વામી)**
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસના
જયશ્રી સ્વામિનારાયણ



# પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ (એપ્રિલ-૨૦૧૭)



| | |
|---|---|
| ૧ | શ્રી સ્વામિનારાયણ મંદિર અંજાર (કચ્છ) પાટોત્સવ પ્રસંગે પધરામણી. |
| ૮ | શ્રી સ્વામિનારાયણ મંદિર બાકરોલ પાટોત્સવ પ્રસંગે પધરામણી. |
| ૯ | શ્રી સ્વામિનારાયણ મંદિર નિકોલ પાટોત્સવ પ્રસંગે પધરામણી. મણીનગરમાં એક હરિભક્તને ત્યાં પધરામણી. |
| ૧૦-૧૧ | શ્રી સ્વામિનારાયણ મંદિર કેરા (કચ્છ) પાટોત્સવ પ્રસંગે પધરામણી. |
| ૧૨ | શ્રી સ્વામિનારાયણ મંદિર કર્મશક્તિ પાટોત્સવ પ્રસંગે પધરામણી. ત્યાંથી બોપલ એક હરિભક્તને ત્યાં પધરામણી. |
| ૧૪થી ૨૫ | અમેરિકા ધર્મ પ્રવાસ. |
| ૨૭ | શ્રી સ્વામિનારાયણ મંદિર રનેલા (પંચમહાલ) મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી. |
| ૨૮થી ૩૦ | શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ (કચ્છ) શ્રી ઘનશ્યામ મહારાજના ૭૫ માં વાર્ષિક પાટોત્સવ મહોત્સવ અને શ્રી નરનારાયણદેવના પાટોત્સવ પ્રસંગે પધરામણી. |
| (૫-૩-૧૭ | શ્રી સ્વામિનારાયણ મંદિર એપ્રોચ બાપુનગર પાટોત્સવ અને શ્રી ઘનશ્યામ મહારાજની પ્રાણ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી અને ઘાટલોડીયા શ્રી સ્વામિનારાયણ મંદિર દશાબ્દી મહોત્સવ પ્રસંગે પધરામણી). |



## પ.પૂ. લાલજી મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ
(એપ્રિલ-૨૦૧૭)

| | |
|---|---|
| ૫થી ૧૮ | ઓસ્ટ્રેલીયા મેલબોર્ન શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પોતાની અધ્યક્ષતામાં સત્સંગ યુવા શિબિર અને સીડની (બ્લેક ટાઉન) શ્રી સ્વામિનારાયણ મંદિરના પાટોત્સવ પ્રસંગે પધરામણી. |
| ૨૯-૩૦ | શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ શ્રી ઘનશ્યામ મહારાજના ૭૫ માં પાટોત્સવ અને શ્રી નરનારાયણદેવના પાટોત્સવ પ્રસંગે પધરામણી. |

# ભગવાન થવાનું પ્રાયશ્ચિત

- સાધુ પુરુષોત્તમપ્રકાશદાસ (જેતલપુરધામ)

ગોવિંદાનંદ સ્વામી હનુમાનગઢી અયોધ્યામાં ચારસો વૈરાગી સાધુના ગુરુ મહંત પદે હતા. તેઓ પશ્ચિમ ભારતની દ્વારિકાની યાત્રાએ જવા નીકળ્યા, વચમાં પંઢરપુરમાં શ્રી નીલકંઠ વર્ણી બે માસ રોકાયા છે તેમના દર્શન કર્યા.

એકાદ-બે દિવસ પછી આગળ ચાલ્યા તેમના અંતરમાં વૈરાગ્ય બહુ હતો. ત્યારે યોગ માયાએ વચમાં સ્ત્રીરૂપે મળી. માથે હીરા માણેક, મોતી ઝવેરાતની ભરેલી માટલી હતી. તે ઉતારીને વચમાં ગોવિંદાનંદના મોઢા આગળ મેલીને બોલી જે, આ બધું ધન તમારુ ને તમે મારા પતિને હું તમારી સ્ત્રીને તમે જે કહેશો તેમ કરીશ.

ગોવિંદાનંદ સ્વામી અને એ માયારૂપે સ્ત્રી બંને જણ ચાલ્યાં. આગળ જતાં રસ્તામાં એક ગામ આવ્યું. ત્યારે તેને જોઈને ગોવિદાનંદ કહે જે, તું અહીં બેસ, હું ગામમાં ભિક્ષા માગી આવું, સ્ત્રી કહે સ્વામીનાથ આ ઘડામાંથી ધન લઈને જમવાનું લઈ આવો, ગોવિંદાનંદ કહે - ના, ભિક્ષા વૃતિ સાધુનો ધર્મ છે, એમ કહી પોતાનું એક કપડું મેલીને દ્વારિકાની વાટે ચાલી નીકળ્યા પાછું વાળીને જોયું નહિ. અને ત્રણ દિવસ સુધી ક્યાંય રોકાયા પણ નહિ. યોગમાયાને હાથતાળી આપી દીધી.

લોજમાં રામાનંદ સ્વામીનાં દર્શન કરી ભગવાનપણાનો નિશ્ચય કરીને દ્વારિકાની યાત્રાને લોજમાં પૂર્ણ કરી રામાનંદ સ્વામીના શિષ્ય બનીને રહ્યા. ગોવિંદરામ નામ માંથી ગોવિંદાનંદ નામ રાખ્યું. રામાનંદ સ્વામીના પચાસ શિષ્ય મંડળમાં સેવક બનીને સેવા કરવા લાગ્યા.

પાછળ પાછળ થોડાજ વર્ષમાં નિલકંઠવર્ણી લોજ પધાર્યા અને માત્ર દોઢ વર્ષના ટૂંકા સમય ગાળામાં ગુરુએ ૨૧ વર્ષના યુવાન નિલકંઠ વર્ણીને જેતપુરમાં ઉદ્ધવ સંપ્રદાયના ગાદીપતિ બનાવ્યા.

રામાનંદ સ્વામીના મુખ્ય શિષ્ય મુક્તાનંદ સ્વામી સિવાયના પચાસમાંથી બાર શિષ્યોએ નિલકંઠવર્ણીને અનુગામી તરીકે ન સ્વીકાર્યા. ગુરુના આ નિર્ણયને પક્ષપાતી અન્યાય ભર્યો ઘટાવીને પોતપોતાના વિચારવાળા હેતરૂચિવાળા ભોળા ભાવિક ભક્તોને જુઠાણું, ફેલાવી ભરમાવ્યા અને બાર શિષ્યો પોતપોતાના પરિચિત સમુદાયમાં રામાનંદ સ્વામીના અનુગામી તરીકે પોતાને જ મનાવા લાગ્યા. ભગવાન બનીને પૂજાવા લાગ્યા.

પોતાની આધ્યાત્મિક સિધ્ધિઓ, પોતાના ગુણો-સદ્ગુણોનો ભાવ-પ્રભાવોનો, સાધુતા-વૈરાગ્યતાનો ગુરુના રાજીપા-સેવાનો ઉદ્ધવ સંપ્રદાયના પ્રચાર પ્રસારમાં કરેલા યોગદાન સમર્પણની સ્મૃતિઓનો દેખાવ કરતા કરતા તેમજ નિલકંઠવર્ણીનો અનુગામી તરીકેનો ઉતાવળીયો અયોગ્ય નિર્ણયની નિંદા ટીકા કરતા કરતા ગામો ગામ ફરવા લાગ્યા.

તેમાંના રામદાસ સ્વામી - ગોવિંદાનંદ સ્વામી, દેવાનંદ સ્વામી આ ત્રણ સાધુ જેતલપુરમાં રહેતા હતા.

શ્રીહરિ સ્વામિનારાયણ ભગવાન વિચરણ કરતા કરતા જેતલપુર પધાર્યા. ગંગામાના ઘેર જમવા પધાર્યા.

શ્રીહરિએ ગંગામાને પૂછ્યું કે, રામદાસ સ્વામી, ગોવિંદાનંદ, દેવાનંદ ક્યાં રહે છે ?

ગંગામા કહે - પ્રભુ ! એ ત્રણેય વિમુખની વિચારધારામાં ભળી જઈને ગામો ગામ ફરે છે અને આપની નિંદા કરે છે. શ્રીહરિ કહે - ગંગામા ! એ ત્રણેય સંતોને બોલાવો અમારે દર્શન કરવાં છે. ગંગામા કહે - પ્રભુ ! આપની નિંદા કરે તેના દર્શન વળી કેવાં ? શ્રીહરિ કહે - ગંગામા ! એ સાધુ તો બહુ મોટા છે. એ તો રઘુનાથદાસની વાણી સાંભળીને ભરમાઈ ગયા છે. તમે માણસ મોકલીને બોલાવો એવા પવિત્ર સાધુતાના

ગુણવાળા સાધુનું અમારે પૂજન કરવું છે.

ગંગામાએ માણસ મોકલી નજીકના ગામમાંથી રામદાસ સ્વામી, ગોવિંદાનંદ સ્વામી, દેવાનંદ સ્વામીને જેતલપુર બોલાવ્યા.

શ્રીહરિ સ્વામિનારાયણ ભગવાન અક્ષર ફુલવાડીમાં બોરસલીના નીચે સભા કરીને બિરાજમાન હતા. તે સમયે ત્રણેય સંતો આવ્યા. શ્રીહરિના સ્વરૂપમાં સાક્ષાત્ શ્રીકૃષ્ણ ભગવાનનાં દર્શન કર્યા, અને એવામાં રામાનંદ સ્વામીને જોયા. ગોલોકાધિપતિ પરબ્રહ્મનાં મુક્તોની સાથે દિવ્ય રૂપે જોયા ત્યારે ત્રિમૂર્તિ સંતોએ અદ્‌ભૂત ઐશ્વર્ય દર્શન કરીને શ્રીહરિની પ્રત્યે અવગુણ અજ્ઞાનનો અંકુર બળીને ભસ્મ થઈ ગયો. ભક્તિરૂપી આંખોમાં પશ્ચાતાપરૂપ જળ ભરાઈ આવ્યા. બંને હાથ નત મસ્તેક વંદન કરીને બોલ્યા જે, અમે આપને અને ગુરુ રામાનંદ સ્વામીને ઓળખી ન શક્યા અને ઘણી નિંદા કરીને અપરાધ કર્યો છે. હે મહારાજ ! અમે ભગવાન થઈને પૂજાયા તેનું પ્રાયશ્ચિત આપો. આપની નિંદા કરી, અવગુણ ગાયા, ગુરુના વચનની નિંદા કરી, તેનું પ્રાયશ્ચિત આપો.

શ્રીહરિએ કહ્યું જે, ડુંગળીના ટુકડાની માળા ગળામાં પહેરી જે જે ગામોમાં ભગવાન બનીને પૂજાયા હો તે તે ગામની શેરીએ શેરીએ ભિક્ષા માગવી, ને ભિક્ષા નાખવા આવે ત્યારે હાવ હાવ કરવું. આવું કરો તો પ્રાયશ્ચિત થાય. ભગવાન થઈને પૂજાવાના ભગવાનના દ્રોહ અપરાધમાંથી મુક્ત થવા ત્રણેય સાધુ ડુંગળીના ટુકડાની માળા પહેરી ગામો ગામ જવા નિકળ્યા. ત્યારે દયાળુ શ્રીહરિએ પાછા બોલાવી પ્રાયશ્ચિતમાંથી મુક્ત કર્યા.

આ ત્રણેય સંતોને પોતાના કલ્યાણનો માર્ગ સમજાયો અને ભગવાનનો પરિપૂર્ણ નિશ્ચય થયો. સદ્‌ગુરુ અદ્‌ભૂતાનંદ સ્વામીની વાતોમાં આ પ્રસંગ લખેલો છે.

સદ્‌ગુરુ રામદાસ સ્વામીતો એવા મોટા હતા કે, રામાનંદ સ્વામીના મંડળના પ્રથમ સાધુ હતા.

ભૂજના સુંદરજી સુતારનું માન ઉતારવા અઢાર જણા પર પત્ર લખીને જેતલપુરમાં રામદાસ સ્વામી પાસે દીક્ષા લેવા મોકલ્યા.

રામદાસ સ્વામીએ જેતલપુરમાં કાશી તીર્થનાં દર્શન કરાવી કાશી દર્શનનું વચન પૂર્ણ કરાવ્યું.

ભગવાનને મુકીને સાધુ ભગવાન થઈને પૂજાવા લાગે તે સર્વ કરતાં અધિક પાપ કહ્યું છે. ભગવાનનું ગમતું હોય તે પ્રમાણે જ વર્તવુ ને ભક્તિ કરવીને ભગવાનને ભગવાનના ભક્તને રાજી કરવા એવો ભગવાનના ભક્તનો પક્ષ છે.

**અંક ન મળવા અંગે**

શ્રી સ્વામિનારાયણ માસિક દર માસની ૧૧ તારીખે નિયમિત ચોક્કસાઈથી પીનકોડ અને જીલ્લા પ્રમાણે અલગ કરીને પોસ્ટ કરવામાં આવે છે. તેમ છતાં આપને પોસ્ટમાં અંક ન મળે તો દર માસની ૨૦ તારીખ બાદ ફોનથી ગ્રાહક નંબર સાથે જાણ કરવી. કોપી સ્ટોકમાં હશે તો ફરીવાર મોકલાશે. વારંવાર અંક ન મળે તો આપની સ્થાનિક પોસ્ટ ઓફિસમાં લેખિતમાં અરજી આપવી.

મો. નં. : ૯૦૯૯૦૯૮૯૬૯ ● સમય : સવારે ૧૦-૦૦ થી ૫-૦૦

**મનીઓર્ડરથી શ્રી સ્વામિનારાયણ માસિકમાં રકમ મોકલતા હરિભક્તોને સૂચન**

જે કોઈ હરિભક્ત શ્રી સ્વામિનારાયણ માસિક ઓફિસમાં લવાજમ અથવા ભેટનું મનીઓર્ડર કરતી વખતે ફોર્મમાં શ્રી સ્વામિનારાયણ માસિક લવાજમ અથવા સ્વામિનારાયણ માસિક ભેટ એવું સ્પષ્ટ લખવું. જેથી કરીને તે રકમ શરત ચૂકથી કોઠારમાં ભેટ કે થાળ રૂપે જમા ન થાય તેનું ખાસ ધ્યાન રાખવું.

**શ્રી સ્વામિનારાયણ મંદિર નારાયણઘાટ નવા મહંત સ્વામીની નિયુક્તિ**

શ્રી સ્વામિનારાયણ મંદિર નારાયણઘાટ નવા મહંત સ.ગુ. શા.સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજી ગુરુ સ.ગુ. સ્વામી દેવકૃષ્ણદાસજી (ગાંધીનગર મહંતશ્રી) તથા જોઈન્ટ મહંત પદે સ.ગુ. શાસ્ત્રી સ્વામી દિવ્યપ્રકાશદાસજી ગુરુ સ.ગુ. સ્વામી દેવપ્રકાશદાસજીને નિયુક્ત કર્યા છે.

**શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુરમાં થાળ, ભેટ, રસોઈ માટે સંપર્ક મોબાઈલ નં. : ૮૨૩૮૦૦૧૬૬૬**

# હે નાથ નિત્ય દર્શન આપો

- શાસ્ત્રી નિર્ગુણદાસ (અમદાવાદ)

॥ ललित छन्दः ॥

अतिमनोहरं सर्वसुन्दरं तिलकलक्षणं चंचलेक्षणम् ।
विबुधवन्दितं स्वामिनाथते वपुरिहास्तु नो नित्यदर्शने ॥१॥
मदनमोहनं प्रेमदोहनं नयनगोचरं भक्तसंचरम् ।
भुवि सुदुर्लभं स्वामिनाथते वपुरिहास्तु नो नित्यदर्शने ॥२॥
निजजनैः सदा वाञ्छितंहृदा परसुखावहं हत्तमोपहम् ।
परममंगलं स्वामिनाथते वपुरिहास्तु नो नित्यदर्शने ॥३॥
हृदयरोचनं बद्धमोचनं विगतशोचनं दीर्घलोचनम् ।
मृदुसितांम्बरं स्वामिनाथते वपुरिहास्तु नो नित्यदर्शने ॥४॥
मधुरभाषणं पुष्पभूषणं विजितदूषणं शोकशोषणम् ।
प्रहसदाननं स्वामिनाथते वपुरिहास्तु नो नित्यदर्शने ॥५॥
कुसुमशेखरं कोमलान्तरं सदयदर्शनं दुःखकर्शनम् ।
विधिहरार्चितं स्वामिनाथते वपुरिहास्तु नो नित्यदर्शने ॥६॥
परमपावनं लोकभावनं कुटिलकुन्तलं पुष्पकुण्डलम् ।
भवभयापहं स्वामिनाथते वपुरिहास्तु नो नित्यदर्शने ॥७॥
सकलसिद्धिभिः सर्वऋद्धिभिः श्रितपदं सदा योगिभिर्मुदा ।
तदिदमेवहि स्वामिनाथते वपुरिहास्तु नो नित्यदर्शने ॥८॥

॥ इति सत्संगिजीवनस्थ श्रीहरिप्रार्थनास्तोत्रं ॥

તૃતિય પ્રકરણ, ૪૩ અધ્યાય, શ્લોક૪૭-૫૪

ભગવાન શ્રી સ્વામિનારાયણ વર્ષો વર્ષ જ્યાં વિરાજમાન હોય તે ગામ કે નગરમાં જન્માષ્ટમી, રામનવમી, પ્રબોધિની આદિના મોટા મોટા ઉત્સવો કરતાં અને તેમાં હજારો ને લાખો માનવ મહેરામણ એકઠો થતો તે સૌના બધા જ પ્રકારના મનોરથો શ્રીહરિ પૂર્ણ કરતા. જે જે જનોના મનોરથો પોતાની મનોકામનાઓ ઈચ્છાઓ પૂર્ણ થતી તેઓ તો ભગવાન શ્રી સ્વામિનારાયણના પરમ આશ્રિત થઈને સત્સંગના દૃઢ પણે નિયમોનું પાલન કરીને શ્રીહરિને પ્રસન્ન કરીને આત્યન્તિક મોક્ષ રૂપ પોતાનું કાર્ય સાધીને અંતે અક્ષરધામને પામતાં અને આ મોટા સમૈયામાં આવેલ કોઈ સાધારણ વ્યક્તિને પણ જો અન્ત સમયે આ ઉત્સવનું સ્મરણ થાય તો તેના યોગે કરીને ભગવાન શ્રીહરિની સ્મૃતિ પણ અવશ્ય થાય અને તેને પણ અક્ષરધામની પ્રાપ્તિનું વરદાન શ્રી સ્વામિનારાયણ ભગવાને જગતના સર્વ જીવને આપેલ છે. ગઢપુરના એભલ ખાચરનો સમગ્ર પરિવાર સમૈયા અને ઉત્સવો કરવામાં અતિ ઉત્સાહ પૂર્વક પોતાના તન, મન અને ધનનો ઉપયોગ કરીને શ્રીહરિને પ્રસન્ન કરવાની કળા સારી રીતે જાણતાં. તેમાં ખાસ સ્ત્રી ભક્તોમાં જીવુબા અને લાડુબા એ દિપાવલી અને અન્નકૂટનો ભવ્ય ઉત્સવ કરીને શ્રીહરિને અતિ પ્રસન્ન કરીને સૌ ભક્તોને આવતા પ્રબોધિની એકાદશીની રોકાવાની આજ્ઞા કરવાની વિનંતી કરી શ્રીહરિએ તેમનો ભાવ જાણીને સંતો અને ભક્તોને રોકાવાની આજ્ઞા કરી તેથી સર્વે ભક્તોએ પ્રબોધિનીનો ઉત્સવ કરીને પોત પોતાના પ્રદેશ જવાની આજ્ઞા લઈને જતા જતાં સૌ સંતો તથા ભક્તો ભાઈઓ અને બાઈઓ પણ શ્રીહરિની સ્તુતિ પ્રાર્થના તેમાં છેલ્લે દૂર દૂર પ્રાન્તોમાંથી આવેલ સર્વ સ્ત્રીઓએ શ્રીહરિની આ રીતે નિત્ય દર્શન આપવાની પ્રાર્થના સ્તુતિ કરી છે. જે ભક્તો આ સ્તતિનું ગાન કરે છે તેમને પણ તે સર્વ સ્ત્રીઓની જેમ જ શ્રીહરિ દર્શન આપે છે. માટે તેની સમજણ અહિં આપી છે.

अतिमनोहरं सर्वसुन्दरं तिलकलक्षणं चंचलेक्षणम् ।
विबुधवन्दितं स्वामिनाथते वपुरिहास्तु नो नित्यदर्शने ॥१॥

પ્રબોધિનીના ઉત્સવમાં દેશાન્તરોથી આવેલ સર્વ સ્ત્રીઓ ભગવાન શ્રી સ્વામિનારાયણને સ્તુતિ પ્રાર્થના કરે છે. હે સ્વામિનાથ આ તમારી મૂર્તિ જે અતિ સુંદર છે. અને તમારા જ સર્વ અવતારોના સ્વરૂપો કરતાં આ સ્વરૂપ અતિ મનોહર અને સર્વ પ્રકારની સુંદરતામાં વધારો કરનારૂં એવું સુંદર નાસિકાના સમીપે તિલના ચિન્હે યુક્ત મુખારવિંદ છે. અથવા શાસ્ત્રોમાં કહેલાં ઉર્ધ્વપુંડ તિલકના લક્ષણ વાળુ લલાટને આભૂષણની જેમ શોભાવતું સુંદર દણ્ડાકાર તિલક છે. અતિ ચંચળ નેત્રોથી સર્વત્ર પોતાના ભક્તોને નિરખી રહ્યા છો. એવા તમારા સ્વરૂપને મોટા મોટા વિદ્વાનો પંડિતો બુદ્ધિજીવીઓ અને દેવતાઓ સદા સર્વદા વંદન કરે છે. હે સ્વામિનાથ એવી તમારી દિવ્ય મૂર્તિના સદા સર્વદા આ મૃત્યલોકમાં અમને દર્શન થતાં જ રહે તેવી પ્રાર્થના કરીએ છીએ. ॥૧॥

मदनमोहनं प्रेमदोहनं नयनगोचरं भक्तसंचरम् ।
भुवि सुदुर्लभं स्वामिनाथते वपुरिहास्तु नो नित्यदर्शने ॥२॥

જગતમાં સૌને મોહિત કરનારા કામદેવને પણ મોહ ઉત્પન્ન કરે તેવું અને દર્શન કરનારા તમારા ભક્તોના હૃદયમાં વારંવાર દર્શન કરવાનો પ્રેમનો ઉભરો લાવે તેવું અને ભૌતિક દ્રષ્ટિથી (આંખો) જોઈ શકાય છે. દર્શન કરી શકાય છે. એવું આ પ્રત્યક્ષ સ્વરૂપ જે મૂર્તિ છે તે તો તમારા એકાન્તિક એવા ભક્તોને જ દેખાય છે. તે આ પૃથ્વી ઉપરતો અન્ય જગતના જીવોને અત્યંન્ત દુર્લભ છે. હે સ્વામિનાથ એવી તમારી દિવ્ય મૂર્તિના સદા સર્વદા આ મૃત્યલોકમાં અમને દર્શન થતાં જ રહે તેવી પ્રાર્થના કરીએ છીએ. ॥૨॥

निजजनैः सदा वाञ्छितंहृदा परसुखावहं हत्तमोपहम् ।
परममंगलं स्वामिनाथते वपुरिहास्तु नो नित्यदर्शने ॥३॥

હે પરમેશ્વર તમારા પોતાના એકાન્તિક ભક્તો જે સ્વરૂપને સદા પોતાના હૃદયમાં ધારણ કરવાની અભિલાષા ઈચ્છા રાખે છે. કારણ કે તે સ્વરૂપને ધારણ કરવાથી ભક્તોના હૃદયમાં રહેલા અજ્ઞાન રૂપી અંધકારનો તત્કાળ જ નાશ થાય છે. અને તમારા આ દિવ્ય સ્વરૂપના જ્ઞાન રૂપી પ્રકાશનો અત્યન્ત સુખાવહ આનંદનો અનુભવ થાય છે. જેથી સર્વ પ્રકારના પરમ મંગલની પ્રાપ્તિ થાય છે અર્થાત્ પરમ મોક્ષ રૂપ એવા તમારા અક્ષરધામની પ્રાપ્તિ કરાવે છે. હે સ્વામિનાથ એવી તમારી દિવ્ય મૂર્તિના સદા સર્વદા આ મૃત્યલોકમાં અમને દર્શન થતાં જ રહે તેવી પ્રાર્થના કરીએ છીએ. ॥૩॥

हृदयरोचनं बद्धमोचनं विगतशोचनं दीर्घलोचनम् ।
मृदुसिताम्बरं स्वामिनाथते वपुरिहास्तु नो नित्यदर्शने ॥४॥

તમારા એકાન્તિક ભક્તોના હૃદયને અત્યન્ત રૂચિકર દિવ્ય પ્રકાશથી આનંદિત કરનારૂ છે. અને અજ્ઞાનરૂપી ત્રિગુણાત્મિકા માયાના બંધનથી છોડાવનારૂ છે. તથા સંસાર પાશબદ્ધ જીવોને મુક્ત કરનારૂ છે. શોક રહિત આનંદ સ્વરૂપ છે. અને દીર્ઘ વિશાળ દૃષ્ટિથી સમગ્ર બ્રહ્માંડમાં પોતાના ભક્તોની સુરક્ષાને જોનારા છો. સદા કોમળ શ્વેત વસ્ત્રો ધારણ કરો છો. એવા હે સ્વામિનાથ એવી તમારી દિવ્ય મૂર્તિના સદા સર્વદા આ મૃત્યલોકમાં અમને દર્શન થતાં જ રહે તેવી પ્રાર્થના કરીએ છીએ. ॥૪॥

मधुरभाषणं पुष्पभूषणं विजितदूषणं शोकशोषणम् ।
प्रहसदाननं स्वामिनाथते वपुरिहास्तु नो नित्यदर्शने ॥५॥

પોતાના ભક્તોને અમૃતમય મધુર વાણીથી ઉપદેશ કરવા માટે ભાષણ આપો છો. અને સદા સાત્વિક અને સરળ એવા સુગન્ધીમાન પુષ્પોના આભૂષણો અલંકારો ધારણ કરો છો. ભક્તોના હૃદયમાં રહેલા મન, કર્મ અને વાણીના દોષોને જીતાડનારૂ અને સ્વયં નિર્દોષ એવું તમારૂ સ્વરૂપ છે. દર્શન કરનાર માત્રના સર્વ પ્રકારના શોકને વિનાશ કરનારૂ છે. પોતાના એકાન્તિક ભક્તોને જોઈને પ્રસન્ન મુખ મુદ્રાથી હાસ્યને વેરતા મુખારવિન્દવાળા છો. હે સ્વામિનાથ એવી તમારી દિવ્ય મૂર્તિના સદા સર્વદા આ મૃત્યલોકમાં અમને દર્શન થતાં જ રહે તેવી પ્રાર્થના કરીએ છીએ. ॥૫॥

कुसुमशेखरं कोमलान्तरं सदयदर्शनं दुःखकर्शनम् ।
विधिहरार्चितं स्वामिनाथते वपुरिहास्तु नो नित्यदर्शने ॥६॥

હે પ્રભુ તમે તો સુંદર રંગ બે રંગી સુગન્ધીમાન પુષ્પોના પાઘ ઉપર તોરા ધારણ કરનારા છો. પોતાના ભક્તોના કષ્ટને જોઈને જેમનું હૃદય તત્કાળ દ્રવી જાય છે. એવા કોમળ હૃદય કમળવાળા છો. સદા ભક્તોના ઉપર દયામય દૃષ્ટિ રાખીને નિરખો છો. શરણે આવેલા સમગ્ર ભક્તોના સર્વ પ્રકારના દુઃખોનો સરળતાથી નાશ કરો છો. તેથી મોટા મોટા દેવો બ્રહ્માજી અને શિવજી પણ તમારી સદા પૂજા કરે છે. એવા હે સ્વામિનાથ એવી તમારી દિવ્ય મૂર્તિના સદા સર્વદા આ મૃત્યલોકમાં અમને દર્શન થતાં જ રહે તેવી પ્રાર્થના કરીએ છીએ. ॥૬॥

परमपावनं लोकभावनं कुटिलकुन्तलं पुष्पकुण्डलम् ।
भवभयापहं स्वामिनाथते वपुरिहास्तु नो नित्यदर्शने ॥७॥

હે પ્રભુ તમે તો સંપૂર્ણ વિશ્વમાં જ્યાં જ્યાં તમારા ચરણનો સ્પર્શ થાય તે સર્વને પરમ પાવન અત્યન્ત પવિત્ર કરનારા છો. તેથી સર્વ લોકોને ભાવતા મનગમતા એવું તમારૂં સ્વરૂપ છે. અને સુંદર મસ્તક ઉપર કાળાને વાંકડીયા કેશ ધારણ કરેલ છે. કર્ણ ઉપર સુગંધિમાન રંગીન પુષ્પોના કુંડલ ધારણ કરેલા છે. દર્શન કરનારા ભક્તોના જન્મ મૃત્યુના ભયને સંસારસાગરના ભયને નાશ કરનારૂં છે. એવા હે સ્વામિનાથ એવી તમારી દિવ્ય મૂર્તિના સદા સર્વદા આ મૃત્યલોકમાં અમને દર્શન થતાં જ રહે તેવી પ્રાર્થના કરીએ છીએ. ॥૭॥

सकलसिद्धिभिः सर्वत्रऋद्धिभिः श्रितपदं सदा योगिभिर्मुदा ।
तदिदमेवहि स्वामिनाथते वपुरिहास्तु नो नित्यदर्शने ॥८॥

હે શ્રીહરિ તમારા ચરણોમાં તો અણિમાદિક આઠ સિદ્ધિઓ નિવાસ કરીને રહે છે. અને તમારા જ ચરણોમાં ભક્તોને સર્વ પ્રકારની રીદ્ધિ સિદ્ધિ અને સમૃધ્ધિ મળે છે. તેથી જીવ માત્રને તમારા જ ચરણનો આશ્રય કરવા યોગ્ય છે. અને અષ્ટાંગ યોગ સિદ્ધ કરેલા મોટા મોટા યોગીઓ પણ સદા તમારા જ ચરણનો આશ્રય કરે છે. એવા હે સ્વામિનાથ એવી તમારી દિવ્ય મૂર્તિના સદા સર્વદા આ મૃત્યલોકમાં અમને દર્શન થતાં જ રહે તેવી પ્રાર્થના કરીએ છીએ. ॥૮॥

# "આવા સંત બ્રહ્માંડમાં ક્યાંય નથી"

- અતુલ ભાનુપ્રસાદ પોથીવાલા (અમદાવાદ)

શ્રી કારિયાણીનાં બીજા વચનામૃતમાં શ્રીહરિ મહાપ્રભુ આ કથન કરે છે :

'આવા સંત બ્રહ્માંડમાં ક્યાંય નથી અને આ મહારાજ વિના બીજો કોઈ ભગવાન નથી.'

ભગવાન અને ભગવાનના સંત-બન્નેનું ઉત્તમ માહાત્મ્ય સમજાવતું આ અમૃત-વચન છે. મહારાજ વિના બીજો કોઈ ભગવાન નથી એવી માહાત્મ્ય જ્ઞાને સહિત સમજણ રાખીને શ્રીહરિને ભજીએ અને શ્રીહરિ આશ્રિત એવા બ્રહ્મનિષ્ઠ સર્વે સંતોને વિષે "આવા સંત બ્રહ્માંડમાં ક્યાંય નથી" એવું સંતનું પણ માહાત્મ્ય સમજીએ તો પછી સત્સંગ જેવું રૂડું નૈમિષ્યારણ્ય ક્ષેત્ર બીજું કોઈ નથી !

શ્રી સહજાનંદ સ્વામી મહારાજની સાથે પાંચસો પરમહંસો હતા. વળી સંન્યાસી અને દાસ પંક્તિનાં સાધુ તો જુદા. આ પ્રત્યેક સંત કેવા હતા તો શ્રી નિષ્કુળાનંદ સ્વામી લખે છે.

**"એક એક નામમાંહિ માનો મુનિનાં વૃંદ છે !"**

અર્થાત્ એક એક સંતમાં મુનિનાં વૃંદનું સામર્થ્ય ભેગું કરીએ એટલું સામર્થ્ય છુપાયેલું હતું. ધારે તો પલવારમાં બ્રહ્માંડનો પ્રલય સર્જી શકે એવા સામર્થીવાન હતા સંતો ! પરંતુ મહારાજની આજ્ઞાને અનુસરીને સત્સંગમાં દાસાનુદાસ બનીને વિચરતા.

એકવાર મહારાજે આકરી ઠંડીના દિવસોમાં બધા સંતોને ચાર હાથનું કંતાન ઓઢવા પાથરવા માટે આપ્યું. બ્રહ્માનંદ સ્વામી તો છ ફૂટના વિશાળ દેહ ધરાવતા હતા. તેમને આ કંતાન ક્યાંથી થઈ રહે ! થોડાંક ગ્લાનિ પામ્યા. મહારાજ સમજી ગયા. બે દિવસ પછી મહારાજે પૂછ્યું "સ્વામી કેમનું છે ?" બ્રહ્માનંદ સ્વામી બોલ્યા : "મહારાજ! શું કરીએ ? આખુંય બ્રહ્માંડ ખૂંદી વળ્યો પણ આ મહારાજ વિના બીજો કોઈ ભગવાન ભાળ્યો નહિ ! એટલે આ ચાર હાથના કંતાનની પ્રસાદી બહું મીઠી લાગે છે!"

અને આજ બ્રહ્માનંદ સ્વામી વડતાલ મંદિરમાં હતા ત્યારે શ્રીજી મહારાજે અચાનક આજ્ઞા કરી સ્વામી અમારી સાથે ચાલો. સ્વામી પોતાના આસને પણ ન ગયા અને શિષ્ય સંત પાસે પોતાની ઝોળી મંગાવી લીધી અને સભામાંથી બારોબાર જ મહારાજની આજ્ઞા શિરો માન્ય ધારીને શ્રીહરિ સાથે ચાલી નીકળ્યા.

આવી નિર્લેપી સંતોની ધરોહર આજે પણ સત્સંગમાં જીવંત છે, બસ દ્રષ્ટિ ખુલ્લી રાખીને જોવાનું છે.

શ્રીહરિના સમકાલીન એવા પ્રખ્યાત અંગ્રેજ પાદરી રેજીનાલ્ડ હેબર શ્રી સહજાનંદ સ્વામીને મળવા આતુર હતા. ૨૬ મી માર્ચ ૧૮૨૫ ના રોજ નડિયાદ મુકામે આ બંને મુલાકાત યોજાઈ. એક ખ્રિસ્તી ધર્મપ્રવર્તક ને તો મનમાં એમ હતું કે જો હું સહજાનંદજીને મુંબઈમાં ધર્મ પરિવર્તન કરાવીને તેમને તાલિમ આપું તો તેમની સાથેના તેમના લાખો અનુયાયીઓ આપો આપ ખ્રિસ્તી બની જશે ! સભામાં ખૂબ સંવાદો થયા.

બીશપ હેબરે નોંધ્યું છે કે "મારી પાસે સશસ્ત્ર સૈનિકો હતા પણ તે તો સરકારે આપેલા પગારદારો હતા. પરંતુ સ્વામી સહજાનંદજીની નૈતિક મહત્તા એ હતી કે તેમના સંતો અને અનુયાયીઓ એ સર્વે ભાડેદાર નહીં પરંતુ તેમના પોતાનાં આપ્તજનો હતાં. જો અમારી વચ્ચે યુધ્ધ થયું હોત તો નિઃશંક પણે હું સહજાનંદજીને હરાવી શક્યો હોત, પરંતુ એમનાં સંતોનાં વાણી, વર્તન અને વ્યવહાર વિચારીને જોયું તો નૈતિક દષ્ટિએ એ મારા કરતાં ખૂબ ચઢિયાતા હતા !"

બીશપે તો ખૂબ ખૂબ પ્રશ્નો પૂછ્યા છે અને એ બધાનાં ઉત્તરો શ્રીહરિએ એવી રીતે આપ્યાં કે એણે નોંધ્યું : "એમનાં કરિશ્મા યુક્ત વચનો સાંભળીને મને મારા વિચારો ઉપર હસવું આવ્યું કે આ તો ઉલટાનું સ્વામિનારાયણ મને જ વટલાવવા નડિયાદ આવી પહોંચ્યા છે !

શ્રીહરિની બધી જ જ્ઞાન વાર્તાઓમાં ભગવાન અને ભગવાનના સંતને સરખું જ પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. સાથે સાથે પરમેશ્વરના ભક્ત હરિભક્તો પ્રત્યે પણ પૂર્ણ આદરભાવ અને માન હોવાં જોઈએ. કેમ કે ભગવાનના જે સાધુ તે જે કહે તેમ માને ત્યારે જ ભગવાનનો આશ્રય ન

ટળે. કેમ કે શ્રીહરિ કહે છે કે, ''પોતાની પ્રકૃતિ (સ્વભાવ) ગમે તેવી કઠણ હોય તેને મૂકીને ભગવાન તથા સાધુ તે કહે તે પ્રમાણે સરળપણે વર્તે એ પ્રકારે જેની સમજણ હોય તેને ગમે તેવો આપત્ત કાળ પડે તો પણ ભગવાનનો આશ્રય ન ટળે !''

મહારાજ કહે છે કે જેને ભગવાનનો ને સંતનો માહાત્મ્ય જ્ઞાને સહિત નિશ્ચય હોય તેથી ભગવાનને અર્થે ને સંતને અર્થે શું ન થાય ? .......... તે જેમ કહે તેમ કરે.'' (લોયા.૩)

આવો માહાત્મ્ય જ્ઞાન સહિત નિશ્ચય આવે ક્યારે ? તો ''આવા સંત બ્રહ્માંડમાં ક્યાંય નથી'' એમ સમજીને સંતને વિષે આત્મીયપણું રાખીએ ત્યારે એવો નિશ્ચય થાય.

ઘણાં કહે છે કે પહેલાનાં સંતો કેવા હતા અત્યારે તો બધું બગડી ગયું છે ! અરે ભાઈ ! કશું બગડી નથી ગયું. તું તારા અંતરમાં ઉતરીને જો કે તું બગડી નથી ગયો ને ! આજે પણ સત્સંગમાં એવા જ સંતો વિચરે છે, ફેર તો સમજણમાં પડ્યો છે. ઘણી વાર સંત કે સાધુની (કે હરિભક્તની) સ્વાભાવિક પ્રકૃતિ જોઈને આપણે આપણો ઓપીનિયન ફટાક દઈને આપી દઈએ છીએ એ સર્વથા ઉચિત નથી.

મંદિરમાં આવીએ એટલે માત્ર શ્રી નરનારાયણદેવનાં જ દર્શન નથી કરવાનાં હોતાં. મંદિરમાં નિવાસ કરતાં અને સામે મળતા બધા જ સંતો વંદનીય અને આદરણીય જ હોય છે. અને એ ''એ સર્વ સંત જેવા સંત બ્રહ્માંડમાં બીજે ક્યાંય નથી.'' એવી ભાવના રાખીને આદર સહિત જય સ્વામિનારાયણ કહેવાના છે.

સંત વિષે એક વાત તો દીવા જેવી સ્પષ્ટ છે કે સંત સ્વભાવે સરળ હોય છે. સંસારીની જેવી આંટીઘૂંટી ન આવડે ! એમની બોલી એમનું વર્તન સ્વાભાવિક હોય છે. જે હોય તે સ્પષ્ટ પણે કહી દે એવી એમની પ્રકૃતિ હોય છે.

સંત કહેવાતા હોય અને અત્યંત પ્રવૃત્તિશીલ રહીને ભભક ભર્યું વર્તન રાખીને ફરતા હોય પરંતુ જો શ્રી નરનારાયણદેવ અને શ્રીહરિએ માન્ય કરેલ બે દેશની ગાદી તથા તે ગાદી પર બિરાજમાન ધર્મવંશના જે આચાર્યપદ તેની અવહેલના કરીને આગવી પ્રતિભામાં રાચીને સમાજને આંજવાનો જો પ્રયત્ન કરતા હોય તો આવા સંતથી અવશ્ય ચેતવું જોઈએ.

બાકી શ્રી નરનારાયણદેવના પરિસર અને પરિશ્રેપ્યમાં રહીને શ્રી નરનારાયણદેવ તથા આચાર્યશ્રીનાં પદનો મહિમા યથાર્થ જાળવીને સત્સંગમાં પ્રવૃત્તિશીલ રહેતા હોય પછી દેખાવે ગમે તેવા સાદા અને સરળ લાગતા હોય પરંતુ આ પ્રમાણિત સંતો જ આપણા માટે ''આવા સંત બ્રહ્માંડમાં ક્યાંય નથી'' ની ગણનામાં આવે છે.

પરમ પૂજ્ય આચાર્ય મહારાજશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજ પણ અવાર-નવાર આવા નિખાલસ બ્રહ્મનિષ્ઠ સંતોનું માહાત્મ્ય દર્શાવતાં કહે છે. ''આવા સંત ભલે એકાદ સાધનમાં ઓછાવત્તા પ્રમાણે વર્તતા હોય પરંતુ શ્રી નરનારાયણદેવના પાયાને પકડીને બેઠા છે, એમનાં આશ્રયે રહ્યાં છે. એટલે એ સર્વે બ્રહ્મની મૂર્તિઓ જ છે. એમ સમજવું અને બહાર બીજે ગમે તેવાં આકર્ષક સંતો જોવા મળતાં હોય પણ એ થકી આપણું કલ્યાણ ક્યારે થતું નથી.''

મંદિરમાં આવીએ અને જો સંત સામા મળે અને નમીએ નહિ કે જયશ્રી સ્વામિનારાયણ ના કહીએ તો શું આપણા દર્શન ભગવાન સાર્થક ગણશે ? કેમ કે મહારાજે સ્વયં કહ્યું છે કે એવા ભગવાનના સંત હોય તેની આગળ માન કેમ રહે ? અને તેને નમાય કેમ નહિ ? તેને આગળ તો દાસાનું દાસ થઈને રહેવાય અને પાંચ પાંચ ખાસડાં મારે તો પણ ખમે અને એમ સમજે જે મારાં મોટા ભાગ્ય થયાં જે એવા સંતનો તિરસ્કાર હું સહું છું....

સંત પ્રત્યે સન્માનીય ભાવના અને સરળ વર્તન રાખવાનાં છે. કેમ કે, જેમ સુખને કરે તે શંકર તેમ સત્સંગ ઓળખાવે - સત્સંગ સમજાવે તે સંત. માટે ભગવાનને ભગવાનના સંતની આગળ તો જે માન રાખવું તે સારું નથી ને તેમની આગળ તો માનને મૂકીને દાસાનુદાસ થઈને નિર્માનીપણે વર્તવું તે જ રૂડું છે.'' (પંચાળા-૫)

અને તેથી જ સંત સમાગમરૂપી નૈમિષારણ્ય ક્ષેત્ર જ્યાં દેખાય ત્યાં કલ્યાણને ઈચ્છવું અને અતિ દઢ મન કરીને રહેવું. (સારંગપુર-૭)

''આવા સંત બ્રહ્માંડમાં ક્યાંય નથી'' એ ભાવના દઢ થાય પછી ''આ મહારાજ વિના (શ્રી નરનારાયદેવ, શ્રી સ્વામિનારાયણ ભગવાન) બીજો કોઈ ભગવાન નથી.''

# પરિપક્વ નિશ્ચયવાળા ભક્તના લક્ષણો અને તેની પ્રાપ્તિ

- ગોરધનભાઈ વી. સીતાપરા

સ્વામિનારાયણ સંપ્રદાયમાં નિયમ, નિશ્ચય અને પક્ષ એ ત્રણ અંગનું બહુ પ્રાધાન્ય આંકવામાં આવે છે. આ ત્રણ અંગની પરિપકવતા જે ભક્તને હોય તેને ઘણો પાકો હરિભક્ત કહ્યો છે. આ ત્રણ અંગ પૈકી આ લેખમાં નિશ્ચયની બાબતમાં વચનામૃતના આધારે સ્વયં શ્રીજી મહારાજના વચનોનું ખૂબ સંક્ષિપ્તમાં આલેખન કરું છું.

શ્રીજી મહારાજ કહે : જેને નિશ્ચયમાં કસર હોય તેને જ્યારે ભગવાનમાં કાંઈ સામર્થી દેખાય ત્યારે અતિ આનંદ થાય, અને જ્યારે સામર્થી ન દેખાય ત્યારે અંતર ઝાંખું થઈ જાય. અને પોતાના હૃદયમાં ભૂંડા સંકલ્પ થતા હોય અને તેને ટાળે તોય પણ ટળે નહિ, ત્યારે ભગવાનમાં અવગુણ પરઠે જે, 'હું આટલા દહાડાથી સત્સંગ કરી કરીને મરી ગયો તોય પણ ભગવાન મારા ભૂંડ ઘાટ ટાળતા નથી' એવી રીતે ભગવાનમાં દોષ પરઠે. પછી પોતાને વિષે જે કામાદિક દોષ હોય તે ભગવાનને વિષે પણ પરઠે, તેવો જે હોય એનો પરિપક્વ નિશ્ચય ન કહેવાય.

"જેને પરિપક્વ નિશ્ચય હોય તેને તો મનમાં એમ રહે જે, **'મારે સર્વ પ્રાપ્તિ થઈ રહી છે. અને જ્યાં પ્રત્યક્ષ ભગવાન રહ્યા છે ત્યાં જ પરમ ધામ છે. અને આ સંત સર્વે તે નારદ, સનકાદિક જેવા છે. અને સત્સંગી સર્વે તે તો ઉદ્ધવ, અક્રૂર, વિદુર, સુદામા અને વૃંદાવનના ગોપ તેવા છે. અને જે બાઈઓ હરિભક્ત છે તે તો જેવી ગોપીઓ તથા દ્રૌપદી, કુંતાજી, સીતા, રુક્મિણી, લક્ષ્મી તથા પાર્વતી એવી છે. અને હવે મારે કાંઈ કરવું રહ્યું નથી. અને ગોલોક, વૈકુંઠ, બ્રહ્મપુર તેને હું પામી રહ્યો છું.** એવી રીતના ઘાટ થાય અને પોતાના હૃદયમાં અતિ આનંદ વર્તે. એવી રીતે જેના અંતરમાં વર્તતુ હોય **તેને પરિપક્વ નિશ્ચય જાણવો."**

..... એવી રીતે મહિમાએ સહિત જે ભગવાનનો નિશ્ચય તે જેને **હૃદયમાં દ્રઢપણે થયો હોય તેને કાળ, ક્રમ, માયા કોઈ બંધન કરવા સમર્થ નથી.** માટે એવી રીતે તત્વે કરીને જે ભગવાનને જાણે તેને કાંઈ કરવું રહ્યું નથી.

જેને અતિ દ્રઢ નિશ્ચય હોય તેના લક્ષણો વર્ણવતા શ્રીજી મહારાજ કહે છે કે, પોતે અત્યંત ત્યાગી હોય તોય પણ તે પાસે ગમે તેવી પ્રવૃતિમાર્ગની ક્રિયા કરાવીએ તો તે કરે, પણ તેમાંથી પાછો હઠે નહી અને કચવાઈને પણ કરે નહિ, રાજી થકો કરે અને બીજું એ લક્ષણ જે, ગમે તેવો પોતામાં કોઈક સ્વભાવ હોય અને તે કોટિ ઉપાય કરે તોય પણ ટળે એવો ન હોય, ને જો તે સ્વભાવને મુકાવ્યાનો પરમેશ્વરનો આગ્રહ દેખે તો તે સ્વભાવને તત્કાળ મૂકે. અને ત્રીજું એ લક્ષણ જે, પોતામાં કાંઈક અવગુણ હોય, તો પણ પરમેશ્વરની કથા કીર્તન, અને ભગવાનના સંત તે વિના ઘડીમાત્ર રહેવાય નહિ. અને પોતાનો અવગુણ લે ને સંતનો અતિગુણ ગ્રહણ કરે. અને ભગવાનની કથા, કીર્તન અને ભગવાનના સંતનો અતિ મહિમા સમજે. એવું જેને વર્તતુ હોય તેને પરિપક્વ નિશ્ચય જાણવો. એવા નિશ્ચયવાળાને કોઈક દિવસ કોઈક પ્રારબ્ધ યોગે કરીને કાંઈક વર્તવામાં ફેર પડી જાય, તોય પણ તેનું અકલ્યાણ ન થાય. અને એવો નિશ્ચય ન હોય ને તે ગમે તેવો ત્યાગી હોય તોય પણ તેના કલ્યાણમાં ફેર છે.

જે ભગવાનના ભક્તને ભગવાનનો નિશ્ચય માહાત્મ્યે સહિત હોય ને સંતનું સત્સંગીનું માહાત્મ્ય ઘણું જાણતો હોય, **ને તે ભક્તનું કર્મ જો કઠણ હોય ને કાળ પણ કઠણ હોય, તો પણ તે ભક્તને એવી ભક્તિનું અતિશે બળ છે તે કાળ ને કર્મ એ બેય મળીને તેનું ભૂંડું કરી શકતા નથી.** અને જેને ભગવાનને ભગવાનના સંતને વિષે જો નિષ્ઠામાં કાંઈક ફેર હોય તો તેનું ભગવાન રૂડું કરવાને ઈચ્છે તોય પણ રૂડું થતું નથી.

**પ્રત્યક્ષ મૂર્તિને વિષે અતિ દ્રઢ નિશ્ચય થવો જોઈએ તો સર્વ કામ સરે** (મહારાજના આ વચન ઉપર સહેજ સુક્ષ્મ દ્રષ્ટિથી વિચારીએ તો જણાશે કે હાલમાં તો શ્રીજી મહારાજે પધરાવેલા શ્રી નરનારાયણાદિક દેવ તેમજ ધર્મવંશી આચાર્યશ્રીએ પધરાવેલા શ્રીજી મહારાજના સ્વરૂપોએ પ્રત્યક્ષ મૂર્તિ છે તે મૂર્તિને વિષે જેને અતિ દ્રઢ નિશ્ચય હોય તો તેનું સર્વે કામ સરે છે.) સામે શ્રીજી મહારાજ પણ એમ કહે છે કે, અમે પણ એમ દ્રઢ નિશ્ચય કર્યો છે જે, **કોઈ અમને સાચો થઈને મન અર્પે, અને લેશ માત્ર અંતરાય રાખે નહિ તો તેમાં અમે કોઈ વાતની કસર રહેવા દઈએ નહિ.**

"જેને આત્માના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન હોય, અને દ્રઢ વૈરાગ્ય હોય અને ભક્તિને સ્વધર્મ પણ પરિપૂર્ણ હોય તેનો નિશ્ચય પરિપૂર્ણ જાણવો અને એમાંથી જો એકે વાનું ઓછું હોય તો નિશ્ચય છે તો પણ માહાત્મ્ય વિનાનો છે અને તે ચાર વાના સંપૂર્ણ હોય તે માહાત્મ્ય સહિત ભગવાનનો નિશ્ચય જાણવો."

**...... અને જેને ભગવાનનો નિશ્ચય હોય તેના હૈયામાં તો પ્રભુના કલ્યાણકારી ગુણ જરૂર આવે, અને જ્યારે પ્રભુના ગુણ સંતમાં આવે ત્યારે તે સાધુ ત્રીસ લક્ષણે યુક્ત હોય.**

જેને અચળ નિશ્ચય હોય તેને ભગવાન સારી ક્રિયા કરે અથવા નરસી ક્રિયા કરે તે સર્વે કલ્યાણકારી ભાસે અને ભગવાન જીતે અથવા હારે અથવા કોઈ ઠેકાણે ભાગે અથવા ક્યારેક રાજી થાય, ક્યારેક શોક કરે ઈત્યાદિક અનંત પ્રકારની ભગવાનની ક્રિયાઓ તેને જોઈને નિશ્ચયવાળો ભક્ત હોય તે એમ કહે જે, 'પ્રભુની સર્વે ક્રિયા કલ્યાણને અર્થે છે.' ભગવાનના અચળ નિશ્ચયવાળાને કોઈ રીતે ભગવાનને વિષે દોષ બુદ્ધિ આવે નહિ. તેમજ ભગવાનના ભક્તનો પણ કોઈ રીતે અવગુણ આવે નહિ.

શ્રીજી મહારાજ કહે છે કે, જેને શાસ્ત્રના વચનનો વિશ્વાસ હોય તેને જ ભગવાનના સ્વરૂપનો નિશ્ચય અડગ થાય છે અને કલ્યાણ પણ તેનું જ થાય છે અને તે ધર્મમાંથી પણ કોઈ કાળે ડગે જ નહિ. જેને ભગવાનનો નિશ્ચય માહાત્મ્ય જ્ઞાને સહિત હોય તે ભગવાનના વચનમાં ફેર પાડે નહિ ને જેમ કહે તેમ કરે. જેને ભગવાનનો ને સંતનો માહાત્મ્ય જ્ઞાને સહિત નિશ્ચય હોય તેથી ભગવાનને અર્થે ને સંતને અર્થે શું ન થાય ? એને અર્થે કુટુંબનો ત્યાગ કરે, લોકલાજનો ત્યાગ કરે, રાજ્યનો ત્યાગ કરે, સુખનો ત્યાગ કરે, ધનનો ત્યાગ કરે, સ્ત્રીનો ત્યાગ કરે અને સ્ત્રી હોય તે પુરુષનો ત્યાગ કરે. જે ભગવાનનો ભક્ત હોય તે એમ સમજે જે ભગવાનના ભક્તનો અપમૃત્યુએ કરીને દેહ પડે તો પણ ભગવાનના ભક્તની અવળી ગતિ થાય જ નહિ. એ તો ભગવાનના ધામને જ પામે. અને ભગવાનથી વિમુખ હોય તેનો દેહ સુધી સારી પેઠે પડે ને ચંદનના લાકડામાં સંસ્કારે યુક્ત બળે તો પણ તે તો નિશ્ચય યમપુરીમાં જાય. એ બેની વિક્તિ જે સારી પેઠે સમજતો હોય તેને ભગવાનને સંતનો માહાત્મ્યે સહિત નિશ્ચય છે એમ જાણવું. **અને એવો નિશ્ચયવાળો જે હોય તે જરૂર બ્રહ્મહોલમાં જ પુગે પણ બીજે ક્યાંય કોઈ ધામમાં ઓરો રહે નહિ.**

**અને ભગવાન સંબંધી તો એ સાધન છે જે નિશ્ચય રહે તો સર્વે આવે.** (ભજન, સ્મરણ, કીર્તન, વાર્તા એ આદિક સાધન). ભગવાનના નિશ્ચયરૂપ જે મતિ તેને તો ફરવા જ દેવી નહિ. ભગવાનનું માહાત્મ્ય સાંભળીને તેની પુષ્ટિ વારંવાર કર્યા કરવી, તો રૂડું થાય ને એ મતિને વારંવાર ફેરવો તો ભૂંડું થાય.

ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચવાળાની વ્યાખ્યા કરતા શ્રીજી મહારાજ કહે છે કે, અષ્ટાવરણે યુક્ત **એવાં જે કોટિ કોટિ બ્રહ્માંડ તે જે અક્ષરને વિષે અણુંની પેઠે જણાય છે એવું જે પુરુષોત્તમ નારાયણનું ધામરૂપ અક્ષર તે રૂપે પોતે રહ્યો થકો પુરુષોત્તમની ઉપાસના કરે તેને ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચય વાળો કહીએ.** (સાદી ભાષામાં આ વચનનો સાર લઈએ તો બ્રહ્મ રૂપે થઈને પરબ્રહ્મ એવા જે સ્વામિનારાયણ ભગવાન તેની ભક્તિ ઉપાસના કરવી.)

જેને દેહેનો અનાદર હોય ને દ્રઢ આત્મનિષ્ઠા હોય ને પંચવિષયમાં વૈરાગ્ય હોય અને ભગવાનનો માહાત્મ્ય સહિત યથાર્થ નિશ્ચય હોય એવા ને સૂજે એવું દેશકાળાદિકનું વિષમપણું થાય તો પણ એની મતિ અવળી થાય નહિ. જેને ભગવાનનો નિશ્ચય હોય તે તો એમ સમજે જે, ગોલોક, વૈકુંઠ, શ્વેતદ્વીપ, બ્રહ્મપુર એ ધામના જે ઐશ્વર્ય, સમૃદ્ધિ તથા પાર્ષદ, તેણે સહિત એ ભગવાન છે અને એમની સેવાનાં કરતલ તો રાધિકા, લક્ષ્મી આદિક છે, એવા પરમ ભાવે સહિત ભગવાનને દેખે છે.

જેમ સ્ત્રીના ઉદરમા ગર્ભ હોય પછી તેમાંથી પુત્ર રૂપ ફળ ઉદય થાય છે, તેમ જેને ભગવાનના સ્વરૂપનો નિશ્ચયરૂપ ગર્ભ હોય તેને **ભગવાનનું જે અક્ષરધામ તે રૂપ ફળની પ્રાપ્તિ થાય છે.** માટે એવો ઉપાય કરવો જેણે કરીને એ ગર્ભને વિઘ્ન ન થાય.

વચનામૃતમાં શ્રીજી મહારાજે નિશ્ચય અંગે ઘણી વાતો કરી છે. જેમાંથી અડધી લખાણી અને વિસ્તાર ભયથી અડધી બાકી રહી, પરંતુ સારનો સાર એ છે કે ભગવાન શબ્દથી આપણે આપણા ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનને જાણવા. જેવી રીતે એ સમયે શ્રીજી મહારાજની વાર્તા સાંભળીને **સર્વ સાધુ તથા સર્વે હરિભક્ત તે શ્રીજી મહારાજને સર્વે અવતારના કારણ અવતારી જાણીને દિવ્ય ભાવની અતિશય દ્રઢતા કરતા હવા તેવી જ રીતે આજે આપણે સૌએ પણ આ વાતની દ્રઢતા કરવી** અને એ વાતની સદાય દ્રઢ ગાંઠ વાળી રાખવી કે મને મલ્યા જે સ્વામિનારાયણ ભગવાન તેમણે ઉપાસનાની શુધ્ધિ માટે પોતાની જગ્યાએ શ્રી નરનારાયણાદિક દેવો પધરાવ્યા છે. દીક્ષાની સુગમતા માટે પોતાની જગ્યાએ ધર્મદેવના કુળમાં ત્યાગી-ગૃહી તમામ આશ્રિતોના ગુરુપદે ધર્મવંશી આચાર્યશ્રીની સ્થાપના કરી છે, આ વાત જે માને છે, અનુસરે છે, માત્ર તેઓએ જ શ્રીહરિને ઓળખ્યા છે.

# પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીનો શ્રીરાજા સહ ઓસ્ટ્રેલીયા ધર્મ પ્રવાસ (૨૦૧૭)

- શાસ્ત્રી સ્વામી રામકૃષ્ણદાસજી (કોટેશ્વર)

સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણની અસીમ કૃપાથી તથા અમદાવાદ શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા અને અથાક પરિશ્રમથી ભગવાન શ્રીસ્વામિનારાયણનો દિવ્ય સંદેશ વિશ્વભરમાં વ્યાપી રહ્યો છે. એ ન્યાયે ઓસ્ટ્રેલીયા ખંડમાં પણ છેલ્લા ૧૨ વર્ષમાં ભવ્ય ૫ (પાંચ) મંદિરોનું નિર્માણ થયેલ છે. ત્યાં વસતા ભક્તોના સત્સંગના પોષણ અને વૃદ્ધિ માટે પૂજ્ય લાલજી મહારાજશ્રી  પ.પૂ. ગાદીવાળાશ્રી તથા પૂ. શ્રીરાજા સંતો-સાંખ્યયોગી બાઈઓ પાર્ષદો સાથે ઓસ્ટ્રેલીયાના પ્રવાસે પધાર્યા હતા.

**મેલબોર્ન NNDYM CAMP તથા સત્સંગ સભા :** મેલબોર્નમાં પૂ. લાલજી મહારાજશ્રીની અધ્યક્ષતા તથા ધર્મકુળના સાંનિધ્યમાં ઓસ્ટ્રેલીયા ખંડમાં પ્રથમવાર શ્રશ્રશ્રશ્ર નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં ઓસ્ટ્રેલીયાના દરેક મંદિરોમાંથી ૩૦૦ જેટલા યુવાનો-યુવતીઓ જોડાયા હતા. માત્ર ઓસ્ટ્રેલીયા જ નહીં પરંતુ ન્યુઝીલેન્ડ અને યુ.કે.થી પણ યુવાનો આમાં જોડાયા હતા. ૩ દિવસ સુધી જંગલના પ્રાકૃતિક સૌંદર્યની વચ્ચે સૌએ પૂ. લાલજી મહારાજશ્રીના સાનિધ્યમાં માત્ર સત્સંગ જ નહી પરંતુ જીવનનું પણ ઉત્તમ જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું. બહેનોએ પણ પ.પૂ. ગાદીવાળાશ્રી તથા પૂ. શ્રીરાજાના સાનિધ્યમાં સત્સંગનો અનેરો લાભ પ્રાપ્ત કર્યો હતો.

કેમ્પ બાદ આપણા મંદિરમાં બહેનો તથા ભાઈઓને વિશેષ લાભ માટે સુંદર સત્સંગ સભાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

આપણા મંદિરથી ૨ કલાક દૂર સાઉથ મેલવોકમાં નૂતન મંદિર નિર્માણની જાહેરાતથી સર્વે ભક્તોમાં આનંદની લહેર વ્યાપી ગઈ હતી. અને આ મંદિર પણ ઝડપથી પૂર્ણ થાય અને એમાં સૌ ભક્તો તન, મન, ધનથી જોડાય તેવી આજ્ઞા અને આશીર્વાદ પૂ. લાલજી મહારાજશ્રીએ પાઠવ્યા હતા.

**પર્થ તથા એડીલેડ (૧૦ થી ૧૪ એપ્રિલ) :** આ બન્ને શહેરોમાં ધર્મકુળ તથા સંતો ૨-૨ દિવસ રોકાઈ ત્યાંથી સર્વે ભાઈઓ-બહેનો યુવાનો યુવતીઓને વિશેષ સત્સંગ સેવા અને ભક્તિના આશીર્વાદના સાથો સાથ યુવાનો વિશેષ પણે મંદિર સાથે જોડાઈને પોતાના જીવનનો વિકાસ કરી તેવી ભાવનાઓ પ.પૂ. લાલજી મહારાજશ્રીએ વ્યક્ત કરી હતી. સભા પધરામણી-સત્સંગથી આખો દિવસની વ્યસ્તતા છતા દરેક બહેનો ભાઈઓને પ.પૂ. ગાદીવાળાશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીએ ખૂબ ખૂબ સમય આપી દરેકના વિચારો અને ભાવનાઓ પૂર્ણ કરી હતી.

**સીડની (૧૨ મો વાર્ષિક પાટોત્સવ) (૧૪ થી ૧૬ એપ્રિલ) :** સીડનીમાં આપણા બ્લેકટાઉન મંદિરના પાટોત્સવ પ્રસંગે ૩ દિવસની સુંદર પરચા પ્રકરણની કથાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કથા પ્રસંગે દિવસ અને રાત્રે બહેનો માટે જ વિશેષ સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરેલ. જેમાં ૨ કલાક સુધી પ.પૂ. ગાદીવાળાશ્રીએ હાજર રહી બહેનોના પરિશ્રમને બિરદાવી તેમની સેવા તથા ભક્તિ બદલ ખૂબ ખૂબ આશીર્વાદ પાઠવ્યા હતા.

પાટોત્સવ પ્રસંગે પ.પૂ. લાલજી મહારાજશ્રીએ પણ અભિષેક આદિ દર્શનનો લાભ આપી સૌ ભક્તોને આનંદ આપ્યો હતો.

સીડનીમાં આપણા કિંગ્સ પાર્ક મંદિરમાં પણ સુંદર સત્સંગ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું.


સમગ્ર પ્રવાસમાં પૂ. લાલજી મહારાજશ્રીની ઉપસ્થિતિમાં યુવાનોને વિશેષ આનંદ અને બળ પ્રાપ્ત થયું હતું. તથા પૂ. ગાદીવાળાશ્રી અને પૂ.શ્રીરાજાએ બહેનોને વિશેષ પોષણ આપ્યું હતું.

આ પ્રવાસમાં શા. સ્વામી રામકૃષ્ણદાસજી, શા. સ્વામી નારાયણમુનિદાસજી, પાર્ષદ વનરાજ ભગત, સાં.યો.શ્રી મંજુલાબા તથા ભારતીબા પણ સેવામાં સાથે જોડાયા હતા.

શ્રી
સ્વામિનારાયણ
મ્યુઝિયમ

# શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનાં દ્વારેથી....

# પંખો



સૂર્ય, ચંદ્ર, અગ્નિ, વાયુ આદિક દેવગણો પણ જેની આજ્ઞામાં નિરંતર રહ્યા છે તેવા સર્વાવતારી ભગવાન શ્રીસ્વામિનારાયણે સંવત ૧૮૩૭ના ચૈત્ર સુદી ૯ના દિવસે સર્વે જીવોના કલ્યાણને અર્થે માનુષી દેહ ધારણ કર્યો અને આ દેહે કરીને અનેક દુઃખ આપણા કલ્યાણને અર્થે સહન કર્યા.

તે જમાનામાં પણ આજની જેમ જ પ્રખર ગરમી પડતી. ઉનાળાની બપોરે બળબળતા તાપમાં પણ ભગવાન શ્રી હરિ પોતાના સંતોની સાથે સમાજના ઉદ્ધારઅર્થે વિચરણ કરતા. આજની જેમ તે વખતે એરકન્ડીશનર, ઈલેક્ટ્રીક પંખા, એરકુલરો વિગેરે ઠંડકના સાધનો ન હતાં.

કુદરતના ખોળે, વૃક્ષોની છાયામાં કે હરિભક્તોને ઘેર ઉતરેલા શ્રી હરિને ઠંડક થાય તે માટે મૂળજી બ્રહ્મચારી હંમેશા પાણીનો કુંજો અને હાથ પંખો (વીંઝણો) લઈને સેવામાં સદાય તત્પર રહેતા. જે પંખાથી મૂળજી બ્રહ્મચારી શ્રી હરિને ઠંડક પહોંચાડતા. તે આ પંખાના આજે અહીં આ મ્યુઝિયમમાં દર્શન થાય છે. વાળા આદિકથી બનાવેલ જે પંખા વડે શ્રી હરિના ડિલે-શરીરે ઠંડક થાતી. તેના દર્શન કરીને આજે આપણા દિલમાં અપાર ઠંડક-શાંતિ થાય છે. જે પંખાના દર્શન માત્રથી જ મૂળજી બ્રહ્મચારી જેવા ઉર્ધ્વરેતા બ્રહ્મચારી અને શ્રી હરિનું અચૂક સ્મરણ થઈ આવે, અખંડ સેવા ભાવનાના દર્શન સાંભરી આવે, તેવો આ પંખો આજે દાયકાઓ પછી પણ ખૂબ જ સંભાળપૂર્વક સાચવી રખાયો છે.

પંખાના દર્શન માત્રથી જ શ્રી હરિની સેવા અખંડ કેમ કરાય તેનો જીવ માત્રને ખ્યાલ આવે છે. પ્રખર તાપમાં પણ શ્રીહરિ અને સંતો હરિભક્તો સમાજના કલ્યાણ અર્થે કેટલું વિચરણ કરતા હશે તેની ઝાંખી થાય છે. કોઈપણ પ્રકારની ભૌતિક સુખ સગવડો સિવાય પણ ભગવત્ પ્રાપ્તિનો ખટકો કેમ રખાય તેનો ઉપદેશ આપોઆપ જ મળી રહે છે.

આ પંખાને શ્રી હરિના હસ્ત કમળનો, મૂળજી બ્રહ્મચારીનો તથા હજુર સેવામાં રહેતા અનેક નંદ સંતોનો સ્પર્શ છે. આપણે પણ આ પંખાના દર્શન સ્મરણ કરીને ત્રિવિધ તાપથી નિઃસંદેહ મૂકાઈને શ્રી હરિની અનૂભૂતિ પામીશું. સર્વે હરિભક્તો આ ગરમીમાં આ પંખાના દર્શન અચૂક કરશો તેનાથી જ આત્માને જીવને ઠંડક થશે.

આ પંખો હોલનં. ૧માં રાખવામાં આવ્યો છે

-પ્રો. હિતેન્દ્રભાઈ નારણભાઈ પટેલ

**પ.પૂ. મોટા મહારાજશ્રીના સ્વરવાળી કોલરટ્યુન (ફક્ત વોડાફોન ધારકો માટે)**
**પ.પૂ. મોટા મહારાજશ્રીના સ્વવચનવાળી કોલરટ્યુન મોબાઈલમાં ડાઉનલોડ કરવા નીચે મુજબ કરવું.**
**મોબાઈલમાં ct>સ્પેસ> 270930 ટાઈપ કરી. 56789 નંબર પર SMS કરવાથી કોલરટ્યુન શરૂ થશે.**

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ ભેટ - એપ્રિલ-૨૦૧૭

| | |
|---|---|
| રૂા. ૫૩૪૦૦/- | નારણ પ્રેમજી મેઘજી પરિવાર - બળદીયા-કચ્છ |
| રૂા. ૫૧૦૦૦/- | દિનેશભાઈ આર. પટેલ - વસ્ત્રાપુર |
| રૂા. ૨૧,૦૦૦/- | મોરી કમાભાઈ દાનાભાઈ પરિવાર - કાલીયાણા |
| રૂા. ૨૧૦૦૦/- | નિલય શાહ - અમદાવાદ |
| રૂા. ૧૧૦૦૦/- | ડૉ. વસંત વાલુ - સરદાર પટેલ બાવલા - નારણપુરા |
| રૂા. ૫૬૨૦/- | છત્રાજી ગજાજી રબારી - આલપુરા (રાજસ્થાન) |
| રૂા. ૫૦૦૦/- | કમલેશભાઈ એચ. શાહ - ઉસ્માનપુરા |
| રૂા. ૫૦૦૧/- | વનરાજભાઈ ભીમાભાઈ પઢારીયા સંકલ્પ પુરો થયો તે નિમિત્તે હ. રમેશભાઈ પઢારીયા - ગુંદીયાળા |
| રૂા. ૫૦૦૦/- | મીનાબેન કે. જોષી - બોપલ |
| રૂા. ૫૦૦૦/- | લક્ષ્મણભાઈ જે. ચાવડા અ.નિ. ચાવડા અરજણભા તથા રામબાના સ્મરણાર્થે હ. ગીતાબેન તથા જીગ્નેશ (સ્વા. બાગ) મેમનગર |
| રૂા. ૫૦૦૦/- | રીટાબેન તથા હસમુખભાઈ વોરા - બોસ્ટન |
| રૂા. ૫૦૦૦/- | રીટાબેન તથા હસમુખભાઈ કાળીદાસ વોરા - બોસ્ટન |

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ શ્રી નરનારાયણ દેવની મૂર્તિના અભિષેકની યાદી એપ્રિલ-૧૭

| | |
|---|---|
| તા. ૦૧-૦૪-૨૦૧૭ | અવનીશ વાલજીભાઈ પટેલ - લંડન |
| તા. ૦૨-૦૪-૨૦૧૭ | દિનેશભાઈ રાવજીભાઈ પટેલ - મણીનગર (બોસ્ટન) |
| તા. ૦૫-૦૪-૨૦૧૭ | (સવારે) માવજી શીવજી પિંડોરીયા તથા ધીરેશ કાંતિલાલ હાલાઈ - કચ્છ<br>(બપોરે)બળદેવભાઈ મણીલાલ પટેલ - બાયરન |
| તા. ૧૧-૦૪-૨૦૧૭ | ડૉ. નરેન્દ્રભાઈ ડી. ભાવસાર પ.પૂ. મોટા મહારાજશ્રીના જન્મોત્સવ નિમિત્તે - મહેસાણા |
| તા. ૧૪-૦૪-૨૦૧૭ | મધુબેન ભીખાભાઈ પટેલ હ. ભીખાભાઈ, પ્રિયકાંબેન દિલીપભાઈ, દેવ તથા આયુષ - ડાંગરવાવાળા (એલનટાઉન) |
| તા. ૧૫-૦૪-૨૦૧૭ | રીટાબેન તથા હસમુખભાઈ કાળીદાસ વોરા - બોસ્ટન |
| તા. ૧૬-૦૪-૨૦૧૭ | (સવારે) હર્ષાબેન ઈન્દ્રવદનભાઈ પટેલ - નારણપુરા<br>(બપોરે) અશ્વિનભાઈ તથા ભરતભાઈજાગાણી હ. ડૉ. મગનભાઈ જાગાણી - આંબાવાડી. |
| તા. ૨૦-૦૪-૨૦૧૭ | ક્રિષ્ણા મુકેશભાઈ પટેલ હ. બળદેવભાઈ પટેલ તથા સાન્વી તથા જસીબેન - ડાંગરવાવાળા (એલનટાઉન) |
| તા. ૨૧-૦૪-૨૦૧૭ | બળદેવભાઈ મણીલાલ પટેલ - બાયરન |
| તા. ૩૦-૦૪-૨૦૧૭ | રસિકભાઈ બબલદાસ ગજ્જર (જગદીશ ઓફસેટ) - નારણપુરા |

**શુભ પ્રસંગે ભેટ આપવા માટે અથવા પોતાના અંગત સંગ્રહ માટે શ્રી નરનારાયણદેવની પ્રતિમાવાળા ૫/૧૦/૨૦ ગ્રામ ચાંદીના સિક્કા મ્યુઝિયમમાં મળશે.**

**સૂચના : શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં દર પૂનમે પ.પૂ. મોટા મહારાજશ્રી સવારે ૧૧-૩૦ કલાકે આરતી ઉતારશે.**

સંપ્રદાયમાં એક માત્ર વ્યવસ્થા શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં મહાપૂજા / મહાભિષેક નોંધાવવા સંપર્ક કરો.
મ્યુઝિયમ મોબાઈલઃ- ૯૮૭૯૫૪૯૫૯૭, પ.ભ. પરષોત્તમભાઈ - દાસભાઈ (બાપુનગર) : ૯૯૨૫૦૪૨૬૮૬
**www.swaminarayanmuseum.org/com ● email: swaminarayanmuseum@gmail.com**

# બાળવિભાગ

- પ્રફુલ ખરસાણી



બાળ મિત્રો શ્રીજી મહારાજ ફૂલોથી સજાયેલ હિંડોળા પર ઝૂલે છે અને તેમની સામે હંમેશા સેવામાં તત્પર એવા સંતો ઉભા છે. તેવા આ ચિત્રમાં આપના મનગમતા રંગો પૂરી શ્રી સ્વામિનારાયણ માસિકના કાર્યાલયમાં તા.૩૧-૫-૨૦૧૭ સુધીમાં મોકલી આપશો. સૌથી સારા ૩ બાળમિત્રોના ચિત્રને ઈનામ આપવામાં આવશે તથા તેમના નામ સાથે તેમનું ચિત્ર માસિકમાં છાપવામાં આવશે.

નોંધઃ આ ચિત્રની એ૩ સાઈઝની ઝેરોક્ષ કરાવી તેમાં રંગ પૂરવા અને ચિત્રની પાછળ નામ સરનામું ઉંમર અને કોન્ટેક નંબર લખવો

# સત્સંગ બાલવાટિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

## વાત છે બ્રેકની

- શાસ્ત્રી હરિપ્રિયદાસ (ગાંધીનગર)

જેતલપુરમાં સ્વામિનારાયણ ભગવાન સ્વયં બિરાજી મહામોટો યજ્ઞ કરાવી રહ્યા હતા. પોષ સુદ એકાદશીનો દિવસ હતો. સંતોએ મહારાજની આગળ વિનંતી કરી. હે મહારાજ બધા સંતોની ઈચ્છા છે કે તમારૂં પૂજન કરવું છે. સ્વામિનારાયણ ભગવાન કહે છે - સારૂ, ઘણું સારૂં. બધાજ સંતો આવો અને અમારૂં પૂજન કરી લો. અને વિશાળ સભા ભરાઈને બેઠી હતી એમાં એક પછી એક સંતો સભામાં શ્રીજી મહારાજની પાસે આવવા માંડ્યા. સૌ પ્રથમ પૂજન કરવા માટે પાંચ સંતો ઉભા થયાં.

એમાં સૌથી પહેલું નામ આવે છે સ્વામી રામદાસભાઈ, ભક્તચિંતામણીમાં નિષ્કુળાનંદ સ્વામીએ જ્યાં પાંચસો પરમહંસના નામ લખ્યા છે એમાં પણ રામદાસભાઈનું નામ પહેલું જ લખ્યું છે. રામદાસભાઈ બહુ જુના સંત હતા. એટલું જ નહી, મહારાજે ભરી સભા વચ્ચે એમને એક હોદ્દો આપેલો. એમનું નામ તો સ્વામી રામદાસજી હતું પણ શ્રીજી મહારાજે ભરી સભા વચ્ચે નક્કી કર્યું કે આજથી આરંભીને આ રામદાસજી સંત છે એ અમારા મોટાભાઈ છે. મહારાજને વળી ભાઈની શી જરૂર કે એક સંતને ભાઈ બનાવ્યાં ! જે સંતો ભાઈને, બાપાને ભત્રીજાને બધું છોડીને સાધુ થયા છે એને પાછી ભાઈની પ્લેટ ચોંટાડવાની ! શ્રીજી મહારાજે ખુલાસો કર્યો કે, ''હે ભક્તો ! અમે એ રામદાસજીને એટલા માટે ભાઈ બનાવીએ છીએ, કેમ કે રામદાસભાઈ સ્પષ્ટ વક્તા છે. સાચું કહી દે તેવા સંત છે અને નિષ્પાપ છે. જેવા અંદર તેવા બહાર.

મનસ્યેકम् વચસ્યેકम् કર્મવ્યેકम् મહાત્મનામ્

એ સાચા મહાત્મા છે. મન વચન અને કર્મ એમાં એક જ સરવાળો છે. અમારી ક્યાંક ભૂલ થતી હોય તો અમને વઢે એવાં એક સંત તો જોઈએ જ એટલે અમે એમને ભાઈ બનાવ્યાં છે.

રામદાસભાઈને શ્રીજી મહારાજ કહે છે, આજથી તમે અમારા ભાઈ અને તમને જ્યાં એમ થાય કે, અમારી ક્યાંક ભૂલ થાય છે તો અમને તમારે કહેવું. એટલા માટે શ્રીજી મહારાજે રામદાસજીને ભાઈ બનાવ્યા. ત્યારથી સત્સંગમાં રામદાસભાઈ તરીકે જ ઓળખાતાં પણ મહારાજનું આ આચરણ આપણાં ઉપદેશ માટે છે.

સત્સંગમાં, સમાજમાં કે કુટુંબમાં ગમે એવા મોટા હો છતાં એકની સાથે આત્મીયભાવથી રહેવું જ જોઈએ. તો તમને એ વઢી શકે, કહી શકે. આ તું શું કરે છે ? તને આ શોભે ? બધા તમારાં વખાણ કરશે - તમે બહુ સારાં છો, બહુ ડાહ્યા છો. પણ એક જણ વઢે એવું જોડાણ કોઈની સાથે જોઈએ. બધાંજ પંપાળે, બધાં જ વખાણે એમાં તો બહુ જોખમ છે. બહુ ભય છે. તમે વાહનની યાંત્રિક વ્યવસ્થા જાણતા હો તો સ્કુટર, ગાડી, રેલ્વે, બસ, ટ્રક કે વિમાન કે સ્ટીમર આ વાહનો ચલાવનારો જ્યારે આગળ બેઠો હોય ત્યારે તેની પાસે બધા કંટ્રોલ હોય છે. પણ એમાં એક કંટ્રોલ એવો હોય કે ગમે એવું ગતિમાન વાહન હોય એને સટાક દઈને ઉભું રાખી દે, બ્રેક મારી દે. ગમે એવા વાહન હોય જરૂર પડે ત્યારે ઉભા રાખવાનું એક સાધન બ્રેક છે. બ્રેક વગરનાં વાહનમાં બેસવું એતો ભય છે, બહુ જોખમ છે. તો માણસને બ્રેક કઈ ? માણસને બ્રેકની બહુ જરૂર છે, વાહન કરતાંય વધુ જરૂર છે.

જેની સાથે આપણે પ્રેમ હોય, લાગણી હોય, ભાવ હોય આપણું મન સર્મપ્યુ હોય એ આપણી બ્રેક છે. ગમે ત્યારે આપણને વઢી શકે, ઉભા રાખીને કહી શકે, અટકાવી શકે. સત્સંગમાં કે સમાજમાં સુખી થવું હોય તો એવો ભાવ એક વ્યક્તિ સાથે તો જરૂર બાંધી રાખવો. ગોપાળાનંદ સ્વામી પોતાની વાર્તામાં કહે છે - ''આ સત્સંગમાં જેને કોઈ વઢનાર નથી, એ અભાગીયામાં અભાગીયો છે.'' સ્વામિનારાયણ ભગવાને પોતાના આચરણથી શીખવાડ્યું કે સત્સંગમાં એક જણ સાથે તો એવું મન બાંધી રાખવું કે આપણને વઢી શકે. એ પ્રેરણા આપવા શ્રીજી મહારાજે આ સંત રામદાસજીને ભાઈ બનાવ્યાં.

મિત્રો ! બહુ સુંદર વાત છે ને ? તો તમે પણ તમારા જીવનમાં કોઈ એક વ્યક્તિ એવી નક્કી કરી રાખજો કે જે તમને વઢે, તમારી ભૂલ થતી હોય તો ઠપકો આપીને ભૂલ સુધારે. પછી ભલે મમ્મી હોય કે પપ્પા હોય કે ગુરુ હોય પણ કોઈ એક વઢનાર તો જોઈએ જ ............ તોજ સત્સંગમાં સમાજમાં તમારી પ્રગતિ અખંડ ટકી રહેશે.

●

## ભગવાન ભક્તની રક્ષા કરે છે

- નારાયણ વી. જાની (ગાંધીનગર)

ભગત અને જગતની વાત બહુ ન્યારી હોય છે. ભગવાનના ભક્તો સતત એક વાતનું અનુસંધાન રાખી જવાબદારી સમજી સંસારનું નિર્વહન કરતા હોય છે. સુખ કે દુઃખ બંને પરિસ્થિતિમાં ભગવાનનું સતત અનુસંધાન રાખી પ્રભુ ભક્તિનું બળ અવિરત રાખે છે. જ્યારે જગતના જીવો સુખની પરિસ્થિતિમાં સંસાર સાગરમાં આનંદથી જીવતા હોય છે. સગા-સંબંધી, વહેવાર, માન-મોભો, સુખ-વૈભવ, ભોગ-વિલાસમાં જીવન પસાર કરતા રહે છે. પણ આ વાતમાં, આ ધમાલમાં તેને ખબર પડતી નથી કે કાળ પોતાની તરફ મોઢું ફેરવીને તાકી રહ્યો છે. ભલે આ રીતે કહેવાતા આનંદથી હું જીવું છું પણ કોઈક વિચિત્ર શક્તિ, કોઈ અગમ્ય દુઃખ મારા તરફ આંખો ખોલીને જોઈ રહ્યું છે. સુખ ક્યારે દુઃખમાં પરિવર્તિત થઈ જાય છે તેની સંસારી જીવોને ખબર પણ પડતી નથી. પણ એક વાત સત્ય છે કે સંસારમાં ભગવાન, સત્સંગ, સંત સમાગમ સિવાય કાંઈ સુખદાયી નથી.

''સુરપુર, નરપુર, નાગપુર એ તીનમે સુખનાહી,
સુખ હે હરિકે ચરન મે, કાં સંતન કે માંહી.''

આ વાતની સમજણ શ્રીમદ્ ભાગવતના અષ્ટમસ્કંધમાં ગજેન્દ્ર મોક્ષની કથામાંથી પ્રાપ્ત થાય છે. ગજેન્દ્ર નામનો એક હાથી હતો. તે બે-ત્રણ હાથણીઓ અને પાંચ-સાત બચ્ચાંઓના કુટુંબમાં સુખેથી જીવતો. ત્રિકુટ નામના પર્વતની તળેટીમાં સુંદર સરોવર અને લીલું છમ જંગલ હતું. તેમાં તે પોતાના કુટુંબ સાથે વિહાર કરતો. મનમાં વિચારતો કે હું ખુબ સુખી છું. મારા બચ્ચાં, મારી હાથણીઓ મને ખૂબ વફાદાર છે. સુખ-દુઃખ કે કોઈ પણ મુશ્કેલીમાં આ બધાં મારી સાથે ઉભા રહી મને મદદરૂપ થશે તેવી ધારણામાં તે ગૌરવથી ફરતો હતો.

એક દિવસની વાત છે. આ ગજેન્દ્ર હાથીએ તેની હાથણીઓ અને બચ્ચાં સાથે સરોવરના પાણીમાં પ્રવેશ કર્યો. પાણી સૂંઢમાં ભરી ભરીને ગજેન્દ્ર અને તેનું કુટુંબ એક બીજા ઉપર છાંટવા લાગ્યા. પરમાનંદથી સરોવરના પાણીમાં વિહરવા માંડ્યા. સંસારી કુટુંબનું એક દ્રશ્ય જાણે અહીં દેખાઈ રહ્યું હતું. આ રીતે જ્યાં આનંદ વિનોદ ચાલી રહ્યો હતો ત્યાં અચાનક મહા મોટા મગરે ગજેન્દ્રનો પગ પકડ્યો. મગરનું બળ પાણીમાં અનેક ગણું હોય છે. સુખના સમયમાં ઘડિયાળ જાણે ઝડપથી ગતિ કરતું હોય છે. પણ જ્યારે દુઃખ આવી પડે ત્યારે ઘડિયાળના કાંટા જાણે થંભી ગયા હોય તેવો આભાસ થાય છે. ગજેન્દ્રમાં તો બળ ઘણું હતું તેથી શરૂઆતમાં તો તેણે બચવા માટે ઘણા પ્રયત્નો કર્યા પણ તેમાં સફળતા મળી નહી.

હાથીને આ રીતે બચવાના પ્રયત્નો કરતો જોઈ હાથણીઓને પણ અંદાજ આવ્યો કે હાથીને મગરે પકડ્યો છે. શરૂઆતમાં તેમણે થોડા પ્રયત્નો કર્યા. પણ લાગ્યું કે હવે આ હાથી બચી શકશે નહી. જ્યાં આશાનો અંત થતો જણાયો કે હાથણીઓ અને બચ્ચાં સહુ પાણીમાંથી બહાર નીકળી ગયા. બૂમો પાડતો, ચીસો પાડતો અને નિરાધાર થયેલો ગજેન્દ્ર ધીમે ધીમે ઊંડા જળમાં ખેંચાવા લાગ્યો. હવે હાથીનું મૃત્યુ લગભગ નક્કી જણાવા લાગ્યું. હાથણીઓ અને બચ્ચાં કિનારો પણ છોડી દઈ પોતાના નિવાસ સ્થાને પહોંચી ગયા. સંસારમાં જીવને જ્યારે દુઃખ આવી પડે ત્યારે કોઈ સહારો આપતું નથી.

સુખનો સમય હોય ત્યારે બધા જ કહેતા હોય કે કંઈ પણ કામ હોય તો કહેજો. ચિંતા શું કરો છો ? જરૂર પડ્યે અડધી રાતે બોલાવજો પણ ખરેખર મુશ્કેલી આવે ત્યારે ભર બપોરે પણ કોઈ દેખાય નહી. સંસારની આ અજબ લીલા છે. મોઢેથી સારી સારી વાતો કરનારા સમય આવે ત્યારે સરી જતા હોય છે. જેને પોતાના માન્યા હોય, અંગત માન્યા હોય તે પણ તરછોડીને જતા રહે છે. આ અનુભવ જ્યારે ગજેન્દ્રને થયો ત્યારે તેણે બહુ વિચાર કર્યો. હવે હું શું કરૂં ? હવે ક્યાં જાઉં ? હવે તો માત્ર એક જ આશા છે જો પરમાત્મા બચાવે તો જ મારૂ રક્ષણ થાય. આવી પડેલા દુઃખના સમયે આ ગજેન્દ્રને પરમાત્મા યાદ આવ્યા. ગજેન્દ્ર પરમાત્માનું સ્મરણ કરવા લાગ્યો. હે ઈશ્વર ! હે પરમાત્મા ! સુખ-દુઃખના દાતા ! દયાળુ ! હું મૃત્યુના મુખમાં જઈ રહ્યો છું, મારૂં બળ ઘટતું જાય છે. હે પ્રભુ ! મારી રક્ષા કરો.

આજુ બાજુ નજર દોડાવી, કોઈ એવી વસ્તુ દેખાય છે કે જે ભગવાનને અર્પણ કરી શકું ! અત્યારે શું આપી શકું ? પહેલા ભગવાન યાદ આવ્યા હોત તો જંગલના પુષ્પો, ફળો વગેરેથી કેટલી બધી સેવા કરી શક્યો હોત ! પણ જીંદગી આખી સંસાર પાછળ ખર્ચી નાંખી પણ તે કોઈ અત્યારે કામ નથી લાગતું. પાણીમાં ખેંચાતા ખેંચાતા તેની નજર કમળના

(અનુ. પેજ નં. ૨૩ ઉપર)

# ભક્તિસુધા

**(પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વચનમાંથી)**
**એકાદશી સત્સંગ સભા પ્રસંગે કાલુપુર મંદિર-હવેલી)**
**"બધા શાસ્ત્રોનો નિચોડ એ જ છે, સંસારથી સંપૂર્ણ વીતરાગ થવું"**

(સંકલન : કોટક વર્ષા નટવરલાલ ઘોડાસર)

આપણી જે બધી ઈન્દ્રિયો છે, ને તે બધી ઈન્દ્રિયો માત્ર પોતાનું જ કાર્ય કરી શકે છે. દા.ત. નાકથી સૂંઘવાનું કાર્ય થાય છે. કાનથી સાંભળવાનું કાર્ય થાય છે. આંખથી જોવાનું કાર્ય થાય છે. તો વિજ્ઞાન ગમે તેટલું આગળ વધી જાય તો પણ કાનથી જોવાનું કાર્ય થાય અને આંખથી સાંભળવાનું કાર્ય થાય આવું ક્યારેય શક્ય નથી. 'કોઈપણ ઈન્દ્રિય એક બીજાનું કાર્ય કરવા સક્ષમ નથી,' પરંતુ 'મન' એક એવું છે જે બધી ઈન્દ્રિયોને સાથે લઈને ચાલે છે. કઈ રીતે ? તો દા.ત. આપણે રાત્રે સૂતા હોઈએ અને 'સ્વપ્ન' આવે તો કોઈપણ 'ઈન્દ્રિય' કાર્યમાં જોડાયેલી હોતી નથી. બધી 'ઈન્દ્રિયો' સુષુપ્ત અવસ્થામાં જ હોય છે. છતાં પણ 'સ્વપ્ન' દેખાય છે. અને સંભળાય પણ છે. અને સ્વપ્નમાં કાંઈક ખાઈએ છીએ તો સ્વાદ પણ આવે છે. એટલે બધો 'અનુભવ' જાગ્રત અવસ્થામાં કરેલા કાર્ય જેવો જ થાય છે. અને સ્વપ્ન બધું સાચું જ લાગે છે ! અને ખરાબ સ્વપ્ન આવ્યું હોય તો એકદમ હૃદયના 'ધબકારા' પણ વધી જાય છે. એ જ એનું પ્રમાણ છે કે મન બધી ઈન્દ્રિયોને સાથે લઈને ચાલે છે. અહીયા આપણે અત્યારે કથામાં બેઠા હોઈએ અને ધ્યાન બીજે હોય તો કશું સમજાય નહિ અને કાંઈ યાદ પણ રહે નહિ. તો કહેવાનો અર્થ છે કે આપણું ચિત્ત (ધ્યાન) જ્યાં ચોંટે બધી ઈન્દ્રિયો એ તરફ જ હોય છે.

એક જગ્યાએથી રથયાત્રા પસાર થઈ ગઈ હતી અને એક ભાઈને રથયાત્રામાં આવવાનુ મોડુ થયુ. તો તે ભાઈએ એક દુકાનદારને પૂછ્યું કે રથયાત્રા અહીંથી પસાર થઈ તેને કેટલો સમય થયો ? ત્યારે દુકાનવાળા ભાઈએ કીધું કે રથયાત્રા અહીંથી નીકળી જ નથી. હકીકતમાં એ દુકાનવાળા ભાઈ પોતાના કામમાં એટલા બધા મશગૂલ હતા કે રથયાત્રા નીકળી ગઈ તેનો તેમને ખ્યાલ જ ન હતો. અર્થાત્ મન વગર કાંઈ થતું નથી. બધી ઈન્દ્રિયો જે કાંઈ કાર્ય કરે છે તેમાં મન પ્રધાનપણે રહેલું છે. આપણે રસોઈ બનાવતા હોય તો દરરોજ એકને એક વસ્તુ દાળ-ભાત, શાક-રોટલી બનાવતા હોય છતાં પણ ક્યારેક એક વસ્તુમાં મીઠું વધારે પડી જાય છે. એવું બને છે કે એવું થઈ જાય છે. તેનું કારણ મન બીજે હોય તો એવું થઈ જાય છે. તો મન દ્વારા કરેલા કર્મો છે તે સાચા કર્મ કહેવાય છે. તેનાથી કર્મ-બંધન થાય છે. શરીર દ્વારા જે કર્મ થાય છે તેનાથી કર્મનું બંધન થતું નથી. મનનું જોડાણ ન હોય ત્યાં સુધી કર્મનું બંધન થતું નથી. હાથમાં માળા હોય અને મન બીજે હોય તો કરેલી માળાનું ફળ મળતું નથી. મહાભારતના યુધ્ધમાં મુખ્ય યોધ્ધા અર્જુન હતા. તેમણે કેટલા બધા કૌરવોને મારી નાખ્યા તો પણ તેમને કર્મ બંધન થયું નહિ. એનો અર્થ એવો નહિ કે આપણે પણ કોઈને મારી નાખીએ તો આપણને પણ બંધન નહિ થાય, દોષ નહિ લાગે. એ તો 'અર્જુન' હતા અને તેમની બાજુમાં સાક્ષાત્ 'શ્રીકૃષ્ણ' ભગવાન હતા. એ તો એને લાયક બનવું પડે. કોઈ પણ કાર્ય 'તન્મયાકાર' થઈને કરીએ તો જ બંધન થાય છે. તો દરેક કાર્યમાં મન તો હોય જ છે. 'તો કાર્ય કેવી રીતે કરવું ? તો જો આપણે આપણા ઘરમાં દીકરા-દીકરી માટે કે ઘરના સભ્ય માટે રસોઈ બનાવીએ છીએ તો કેટલા પ્રેમથી બનાવીએ છીએ. અને રસોઈયા આપણા ઘેર રસોઈ બનાવે તે તો ફરજથી બનાવે છે. તો દરેક કાર્ય 'રાગ-દ્વેષ' વગર ફરજથી કરવાનું છે. બંધન રાગ-દ્વેષથી છે. સંપૂર્ણ 'વીતરાગ' રહીને ઉદાસીન ભાવે (ફરજથી) તન્મયાકાર થયા વગર કાર્ય કરશો તો બંધન નહિ થાય. તો સવાલ થાય છે કે ઉદાસીન ભાવે કાર્ય કેવી રીતે કરવું ? તો તે અભ્યાસથી થાય છે. થોડી 'સહજતા' રાખવાની છે. જે મોટા ઋષિમુનિ હતા અથવા તો અગાઉ જે લોકો મોક્ષે ગયા તે બધા પાસે એ જ 'મન' હતું અને તે લોકો આ રીતે અભ્યાસ કરીને જ મોક્ષે ગયા છે. આપણે સામાન્ય ઉદાહરણ લઈએ તો આપણે સાઈકલ ચલાવતા શીખીએ છીએ તો શરૂઆતમાં કેટલી બધી બીક લાગે છે. પગથી પેંડલ પર ધ્યાન આપવાનું હોય છે. હાથથી બેલેન્સ જાળવવાનું. હાથ, પગ, આંખો, મગજ દરેક અવયવોથી ક્યાંય અથડાઈ ન જાય તેનું ધ્યાન રાખવાનું હોય છે. પછી આવડી જાય તો રોડ પર ગમે તેટલી ભીડ હોય અને ગમે ત્યાં પહોંચવું હોય તો પણ બિલકુલ બીક લાગતી નથી. તો અભ્યાસ દ્વારા બધું થઈ શકે છે. બધા શાસ્ત્રોનો નિચોડ એ જ છે કે 'સમભાવ' માં રહેવાનું છે. દા.ત. આપણા ઘરમાં

મહેમાન આવ્યા હોય તો આપણે બહાર કેટલું હેત અને પ્રેમ બતાવીએ છીએ. અને અંદરથી ઘણી વખત અણગમતા મહેમાન હોય તો એવું થાય છે 'અત્યારે ક્યાંથી આવ્યાં ?' 'ક્યારે જશે ?' તો અણગમતા મહેમાન પર મનમાં 'દ્વેષ' ન થવો જોઈએ અને ગમતા મહેમાન પર 'રાગ' ન થવો જોઈએ. બધું ફરજ સમજીને પુરૂ કરવાનું છે. 'મન' જે વિચલિત થાય છે. અંદર જે 'રાગ-દ્વેષ' થાય છે તેનાથી કર્મ-બંધન થાય છે. એટલે સંસારથી સંપૂર્ણ 'વીતરાગ' થવાનું છે. અને ભગવાન માટે કરો ત્યારે ઉદાસીનતા ન હોવી જોઈએ. ત્યારે રાગથી કરવાનું છે. તો જ જગતમાંથી છૂટાશે. બધીજ ખબર છે કે આ જગતમાં કાંઈ માલ નથી ગૂંચવાઈ ગયા છીએ. બધું જાણવા છતાં 'મોહ' ને કારણે વિચારવાની શક્તિ ઓછી થઈ જાય છે. અનેક જન્મોથી આ સંસારમાં જ રચેલા-પચેલા રહ્યા છીએ. એટલે સંસાર તરફ 'આસક્તિ' થઈ જ જાય છે. અને વિપરીત પરિસ્થિતિ આવે ત્યારે ચટકીનો 'વૈરાગ્ય' આવે છે. અને ફરી પાછા સંસારમાં 'આસકત' થઈ જઈએ છીએ. તો બહુ જ ઓછા લોકો છે જે માત્ર ભગવાનમાં જ 'આસક્ત' હોય છે. તો આવું કેમ ? તો 'માયિક' થકી દિવ્યતાને પ્રાપ્ત કરવું તે અશક્ય છે. એટલું સહેલું નથી. આ શરીર પણ 'માયિક' છે. અને આ સંસાર પણ 'માયિક' છે. જેમાં આપણે રહીએ છીએ. તો માયિક થકી દિવ્યતાને પામવા માટે આપણું 'અંતઃકરણ' પણ 'દિવ્ય' બનાવવું પડે છે. આપણને આ સંસારમાં એટલા માટે વધારે ફાવે છે કે આ સંસાર 'માયિક' છે. જેમ કે, બે બહેનપણીઓ હોય, સરખી હોય, સરખો સ્વભાવ હોય અને આખા ગામની પંચાત કરવાની હોય તો બન્નેને સરખું ફાવે છે. અર્થાત્ આ જગતમાં આપણા સ્વભાવને છોડતા કષ્ટ પડે છે. તો અભ્યાસ કરતા રહેવાનું, સત્સંગમાં આવતા રહેવાનું અને દરેક પરિસ્થિતિમાં સાવચેત રહેવાનું કે 'મોક્ષ માર્ગમાં કઈ વસ્તુ બાધક છે.' ધીમે ધીમે બધું થશે. અને શરીરથી એવી રીતે રહેવાનું કે તમને જોઈને બીજા રાજી થાય. આપણને જોઈને બીજાનું ટેન્સન જતું રહે. બધી સુવિધા બધાની પાસે છે જ નહિ. અને મનનું જોડાણ ભગવાન સાથે રાખવાનું. શરીરનું જોડાણ સંસાર સાથે ભલે હોય પરંતુ મનથી ભગવાનને 'સમર્પિત' થઈને રહેવાનું છે. અને સંસારથી 'વીતરાગ' રહેવાનું છે.

●

## ''સેવકરામ''

- સાંખ્યયોગી કોકિલાબા (સુરેન્દ્રનગર)

''સેવકરામ'' કેમ મજાનું સરસ નામ છે ? સેવા કરે એ સેવક અને નામ પાછળ જેમ ભાઈ, લાલ, કુમાર જેવા શબ્દો મૂકાય છે, તેમ અહીં રામ શબ્દ મૂકાયો છે. એટલે રામના સેવક એવું પણ અર્થઘટન થઈ શકે.

પરંતુ સેવકરામ શબ્દ વાંચી કે સાંભળી સ્વામિનારાયણ ભગવાનના અનુયાયીઓને ભગવાન શ્રીહરિએ ગઢડાના પ્રથમ પ્રકરણના ૧૦ માં વચનામૃતમાં જે સેવકરામની વાત કરી છે. તે સહેજે યાદ આવી જાય.

વચનામૃતમાં ભગવાન શ્રીહરિએ અમુક પ્રસંગોએ પોતાના અંગની, પોતાના સ્વભાવની, પોતાને ગમે ન ગમે વગેરેની વાત કરી છે, ભગવાન શ્રીહરિએ પોતાના વન વિચરણના કોઈ પ્રસંગોની વાત વચનામૃતમાં કરી નથી. સિવાય કે સેવકરામની. શ્રીજી મહારાજે વચનામૃતની શરૂઆત જ આ રીતે કરી છે કે, 'અમે વેંકટાદ્રિથી સેતુબંધ રામેશ્વર જતા હતા. ત્યાં એક સેવકરામ નામે સાધુ હતો. તે તિરૂપતિ બાલાજીથી રામેશ્વર તરફ જતાં માંદો પડ્યો. તેને લોહીખંડ બેસણું થયેલું એટલે કે લોહી પાશના ઝાડા થતાં હતાં. અને ખૂબ રિબાતો હતો. શ્રીજી મહારાજનો ખૂબ દયાળુ સ્વભાવ હતો. ''સ્વભાવ છે સ્વામીનો પરદુઃખ હારી રે'' દેખી ન ખમાય દયા આણી રે, અતિ આકળા થાય ''અન્ન ધન વસ્ત્ર રે.''

શ્રીજી મહારાજને રોકાવાનો ખરેખર જરા પણ સમય ન હતો. છતા એક સાધુ જોઈને અતિશે દયા આવતા તેની પાસે ગયા ને તેને નવડાવી બાજુની વાડીમાંથી કેળના પત્રો લાવી તેના ઉપર તેને સૂવડાવ્યો. રોજ તેની સેવા ચાકરી કરતા. તે સાધુ પાસે હજાર રૂપિયાની સોના મહોરો હતી. તેમાંથી તે ખાંડ, સાકર, ઘી અન્ન વગેરે મંગાવતો અને ભગવાન શ્રીહરિ પોતે ભિક્ષા માગીને તથા રાંધીને તેને જમાડતા છતાં રસોઈમાંથી મહારાજને કંઈ આપતો નહી. શ્રીજી મહારાજને થોડા જ દિવસમાં ખ્યાલ આવી ગયો હશે કે આ સાધુ લોભી સ્વાર્થી અને કૃતઘ્ની છે. છતાંય તેની સેવા ચાકરી મૂકીને પોતે ચાલી ગયા નહી. પરંતુ તે સાજો થયો ત્યાં સુધી બે મહિના સુધી રોકાયા. મહારાજને રોગીની સેવા કરવાની કેવી ઉચ્ચ ભાવના હતી. તે પછી પણ તેમને વધુ કડવો અનુભવ થયો કે તે સાજો થયો અને શેર ઘી પચાવે એવો સમર્થ થયો તો પણ રામેશ્વર જતાં પોતાનો મણ એકનો ભાર નીલકંઠવર્ણીની પાસે ઉપડાવતો. પછી તો મહારાજ તેને કૃતઘ્ની જાણી તેના સંગનો ત્યાગ કર્યો. પરંતુ સાજો થયો ત્યાં સુધી તો સેવા કરી.

શ્રીજી મહારાજને માંદાની સેવાનું ઘણું મહત્વ હતું. સમૈયાનો લાભ લેવાનો લોભ મૂકી માંદાની સેવામાં

રોકાયેલા ગુણાતીતાનંદ સ્વામી ઉપર શ્રીજી મહારાજનો ઘણો રાજીપો થયો હતો.

સેવકરામ સાધુના વેશમાં હતો. ઘરબાર છોડી સાધુ બનેલો. પરંતુ સાચો માર્ગ ભૂલ્યો હશે એમ લાગે છે. નહીં તો એક મણનું મોટું પોટલું લઈને સાધુને શું નીકળવાનું હોય ? સોના મહોરોનો મોટો સંગ્રહ શા માટે હોય ? શ્રીજી મહારાજે આ દ્રષ્ટાંત ઉપરથી સાધુ અસાધુનો ભેદ સહેજે સમજાવ્યો છે. માટે સાચા સાધુને ઓળખી તેમનો સંગ કરવાની વાત કરેલી છે.

સેવકરામમાં સાધુતાના થોડાક ગુણ હોત તો, સાક્ષાત્ પુરુષોત્તમ નારાયણ મળ્યા તેથી તેનામાં પરિવર્તન આવવું જોઈએ. બબ્બે માસના વર્ણીના સંગ પછી પણ પરિવર્તન આવ્યું નથી. શ્રીહરિના યોગમાં સેવકરામ આવેલા તેથી પાછળથી મહારાજે કરૂણા કરીને ઝીંઝાવદરમાં ખોડાભાઈ તરીકે જન્મ આપ્યો હતો. ખરેખર તો કૃતઘ્ની માણસો સેવાને લાયક જ ન ગણાય. તેનો સંગ થાય તો આખરે પસ્તાવાનું જ રહે તેથી એવા માણસથી દૂર રહેવાની હિત ભરી વાત શ્રીજી મહારાજે કરી છે. માનવીએ પોતા ઉપર કોઈકે ઉપકાર કર્યો હોય તો તેના પ્રત્યે કૃતજ્ઞતા તો દર્શાવવી જોઈએ. એનો બદલો વાળી શકાય તો એનો બદલો વાળવો જોઈએ. આજે જગતમાં કૃતજ્ઞીને બદલે મોટે ભાગે કૃતઘ્ની માણસો હોય છે. પોતાના સ્વાર્થ માટે બીજાનો ઉપયોગ કરીને તેનો લાભ લઈ લે છે. તેની સામે ભગવાને લાલ બત્તી ધરી છે. જે કૃતઘ્ની નહી પરંતુ કૃતજ્ઞી થવા પ્રેરણા આપી છે. કૃતઘ્નીથી દૂર રહેવા ચેતવણી પણ આપી છે.

કૃષ્ણ યર્જુવેદના ગર્ભોપનિષદમાં લખ્યું છે કે જીવ જ્યારે માતાના ગર્ભમાં આવે છે ત્યારે ઉંધે માથે લટકતો હોય છે. અતિશય પીડા પામતો હોય છે. તે વખતે તેની સામે ૧૦૦ જન્મનું જ્ઞાન ઉદય થાય છે. અને તેની સામે પૂર્વજન્મના પ્રસંગો દેખાય છે. અને આવી પીડામાંથી મુક્ત થવા ભગવાનને પ્રાર્થના કરે છે કે મને આ દુઃખમાંથી છોડાવો. આ જન્મમાં તો હવે હું આપનું ભજન કરીશ. દયાળુ ભગવાન તેને દુઃખ મુક્ત કરી જન્મ આપે છે. પછી તો પહેલો ઉદ્ગાર રૂદન સાથે ''ઉંવા તુંવા'' નીકળે છે. ભગવાનને કહે છે કે તું ત્યાં અને હું અહીંયા. આ લોકની હવા સ્પર્શતા જ ભગવાનને ભૂલી જાય છે. આમ જીવનું પણ કેવું કૃતઘ્નીપણું છે !

ભગવાનના ભક્તોને ભગવાને દયા કરીને ગર્ભવાસમાંથી છોડાવ્યા મનુષ્ય જન્મ આપ્યો તેનો ઉપકાર ભૂલતા નહી. તેમનું ભજન સ્મરણ કરી ભવસાગરમાંથી મુક્ત થવા માટે સદાય જાગૃત રહેજો. ભગવાનને કૃતજ્ઞ ભાવે ભજવા. અને અંતે પામવા એજ માનવી માત્રનું મુખ્ય કર્તવ્ય છે. અને એજ જીવનનું સાચું ધ્યેય છે. એ ભૂલાવું ન જોઈએ.

ભગવાને કરૂણા કરીને મનુષ્ય દેહ આપ્યો. જન્મતા પહેલાં માતાના સ્તનમાં દૂધ બનાવી આપ્યું. જન્મેલા બાળકને દાંત ન હોય જેથી અનાજ ચાવી ન શકે. માટે દૂધ પી શકે જેથી દૂધ બનાવી દીધું. પછી બાળક મોટો થાય, દાંત આવે, ત્યારે અનાજ ચાવી શકે પણ નાનું બાળક દાંત બરાબર સાફ ન કરે કહેતા બ્રશ કે દાતણ બરાબર ન કરે જેથી દાંત પડી જાય. પરંતુ ભગવાને પરમેનેટ કહેતા ચલાઉ દાંત આપ્યા. તે પછી બાળકને સમજણ આવે ત્યારે તે દાંત પડી જાય પછી મજબૂત દાંત આવે છે. આમ ભગવાને આપણી ઉપર અપાર કરૂણા કરી છે. માટે ભગવાન નો ઉપકાર ભૂલતા નહિ. જન્મ સમયે ભગવાનને આપેલો કોલ ભૂલાય નહિ તેની સાવધાની રાખવી.

શ્રીજી મહારાજે વચનામૃતમાં કૃતઘ્નીના સંગનો ત્યાગ કરવાની સાથે સંગ શુધ્ધિની વાત પણ સમજાવી છે. માનવ જીવનમાં કદાપિ કૃતઘ્ની પણું આવે નહિ તેની સાવધાની રાખવાનું કહ્યું છે. મનુષ્ય જન્મનો જે હેતુ છે તે પરિપૂર્ણ કરવા માટે સુધા સાવધાન રહેવા માટે પણ ગર્ભિત પ્રેરણા પણ સ્વયં શ્રીજી મહારાજના સ્વઅનુભવની સત્ય વાર્તા કરી જે કર્યા કૃત્યને ન જાણે તે કૃતઘ્ની કહેવાય. સંવત ૧૮૭૬ ના માગસર સુદી-૧૩ ને દિવસે વાત કર્યા પછી મહારાજે શિક્ષાપત્રીમાં પણ ૨૬ માં શ્લોકમાં આટલાનો સંગ ન કરવો. તેમાં કૃતઘ્નીનો સંગ ન કરવા ખાસ નિર્દેશ કરેલો છે.

●

### સેવા અને સમર્પણ

- પટેલ લાભુબેન મનુભાઈ (કુંડાળ, તા. કડી)

આપણાં શરીર વડે બીજાની સેવા કરવાથી આપણું શરીર પવિત્ર બને છે. આપણું ધન બીજાને માટે વાપરીને દાન કરીએ તો ધન પવિત્ર બને છે અને આપણે ભગવાનનું ભજન કરીએ તો આપણું મન પવિત્ર બને છે. ભોજનમાં ભક્તિ ઉમેરાય તો તે પ્રસાદ બની જાય છે. નિરાહારમાં ભક્તિ ઉમેરાય તો તે ઉપવાસ બની જાય છે. ઘરમાં ભક્તિ ઉમેરાય તો તે ઘર મંદિર બની જાય છે. શ્રમમાં ભક્તિ ભળે તો તે સેવા બની જાય છે.

જ્યારે રાવણ સિતાજીને લંકામાં ઉપાડી ગયો ત્યારે ત્યાં પહોંચવા માટે રામચંદ્રજી અને સૌ વાનરો સમુદ્ર પાર કરવા માટે પુલ બનાવતા હતા. આ પુલ બાંધવાની સેવામાં નલ અને નીલ મુખ્ય હતા. સહુ પોતપોતાની શક્તિ અનુસાર ભક્તિ કરતાં હતાં. આ સેવાયજ્ઞમાં એક ખીસકોલી પણ જોડાઈ હતી. તે રેતીમાં આળોટતી હતી અને સમુદ્રના પાણીમાં જઈને રેતી ખંખેરી આવતી ફરી રેતીમાં આળોટતી

અને ફરી સમુદ્રમાં જઈને રેતી ખંખેરી આવતી. આ એનો દરરોજનો નિત્ય ક્રમ બની ગયો હતો. આ જોઈને તેને પૂછ્યું કે, તું આ શું કરે છે ? ત્યારે તેણે કહ્યું કે, સમુદ્ર ઉપર પુલ બંધાય છે તેમાં હું આ સેવા કરું છું. હું ભલે મોટા મોટા પત્થર ના લાવી શકું પણ મારાથી જે બને તે હું કરું છું, કહેવાય છે કે, રામચંદ્ર ભગવાનને આ વાતની ખબર પડી ત્યારે તેમણે અતિ પ્રસન્ન થઈને ખીસકોલીના શરીર ઉપર હાથ ફેરવ્યો ત્યારથી તેના શરીર ઉપર લીટા-પટ્ટા થઈ ગયા છે. ખીસકોલીનું પુલ બાંધવામાં કામ સાધારણ હતું પણ તેનું સેવા કરવાનું દિલ અસાધારણ હતું. તેમ આપણે પણ આપણાથી જે બની શકે તે સેવા અવશ્ય કરવી જ જોઈએ.

સ્વામિનારાયણ સંપ્રદાયમાં પણ સેવા ઉપર ખૂબજ ભાર મૂકવામાં આવ્યો છે. સમગ્ર સૃષ્ટિમાં સેવા, સમર્પણ અને સદાચારનાં બીજ વાવનાર શ્રી સ્વામિનારાયણ ભગવાન ગઢપુરમાં દાદા ખાચરના દરબારમાં ભવ્ય શિખર બંધ મંદિરનું સર્જન કરી રહ્યા છે. ગામે ગામથી સંતો-ભક્તો મંદિરની સેવા કરવા ઉમટી પડ્યા છે. શ્રી સ્વામિનારાયણ ભગવાન દાદા ખાચરના દરબારમાં લીંબડાના વૃક્ષ નીચે ભક્તોની વચ્ચે બિરાજમાન છે. પ્રેમી ભક્તો અનેરા અવસરની સેવાનો લાભ લેવા પોતાની યથાશક્તિ દાન, ધર્માદો લખાવી રહ્યા છે.

શ્રીજી મહારાજ સહુને અમી દૃષ્ટિથી નિહાળી રહ્યા છે. ત્યાં પાછળથી એક ગરીબ હરિભક્ત પ્રભુ પાસે આવીને કહેવા લાગ્યા કે, હે પ્રભુ ! મને પણ મંદિરની સેવા કરવાનો લાભ આપો. શ્રીજી મહારાજે પ્રેમથી હસતાં-હસતાં કહ્યું કે દુબળી ભટ્ટ તમારી ભાવના સારી છે પણ સેવા કરવા માટે તમારી પાસે શું છે ? ત્યારે દુબળી ભટ્ટ કહે કે, પ્રભુ મારી પાસે જે કંઈ પણ છે તે તમામ તમોને અર્પણ કરવા માંગુ છું. એમ કહીને ગાંઠો અને થીંગડવાળી પાઘડી માથેથી ઉતારીને પાઘડીમાં વાળેલી ગાંઠો એક પછી એક ખોલતાં-ખોલતાં તેમાંથી બાર પૈસા નિકળ્યા. જે દુબળી ભટ્ટે હરખાંતા હૈયે હાથમાં લઈને પ્રભુના ચરણમાં ધર્યા અને કહ્યું કે, હે ! પ્રભુ મારા જીવનની આ બચાવેલી પૂંજી છે તે સમગ્ર આપના ચરણે અર્પણ કરું છું. સભામાં સન્નાટો વ્યાપી ગયો. પ્રભુએ કહ્યું દુબળી ભટ્ટ આ તમારી પાઘડી ફાટી ગઈ છે. તો આ પૈસામાંથી નવી લાવજો. તમારી સેવા અમને આવી ગઈ. ત્યારે દુબળી ભટ્ટ કહે, પ્રભુ હવે આયખુંય ઘસાઈ ગયું છે તેને માથે નવી પાઘડી કે જુની પાઘડી શું ફરક પડવાનો છે ! પરંતુ આવી સેવાનો લાભ મને ફરી ક્યારે મળશે ? તેથી મારી આ સેવાનો પ્રભુ આપ સ્વીકાર કરો.

પ્રભુ પાટ ઉપરથી ઉભા થયા અને દુબળી ભટ્ટનાં બાર પૈસાનો સ્વીકાર કરી તેમને પ્રેમથી બાથમાં લઈને ભેટ્યા અને કહ્યું કે, ''હવે અમારું મંદિરનું કાર્ય પૂર્ણ થઈ જશે.'' ''ભક્તજનો બાર પૈસા બહુમોટી ચીજ નથી. પણ તેમની સમર્પણ ભાવના અદ્‌ભુત છે. જેની પાસે કંઈજ નથી છતાં પણ સર્વસ્વ સમર્પણ કરી દેવાની જેના દિલમાં તમન્ના છે તેના બાર પૈસા સમગ્ર સૃષ્ટિની સંપતિ કરતાં અધિક છે. તો આપણે શ્રી સ્વામિનારાયણ ભગવાનને પ્રસન્ન કરવા માટે સેવાના માર્ગે પા-પા પગલી ભરીશું તો પણ તેમની અમિદૃષ્ટિ આપણાં ઉપર જરૂર વર્ષશે. ભગવાનની દૃષ્ટિ આપણા ઉપર વરસે તેથી બીજું આપણે શું જોઈએ.

અનુ. પેજ નં. ૧૯ નું ચાલુ

પુષ્પ ઉપર પડી. પોતાની સૂંઢ વડે તેણે પુષ્પ ખેંચ્યું અને આકાશમાં ઉંચે ધર્યું અને પરમાત્માની સ્તુતિ કરવા લાગ્યો.

જ્યારે ભક્ત એક આર્તનાદથી, એક નિષ્ઠાથી સાદ પાડે તો તેની રક્ષા કરવા પ્રભુ ઉતાવળા થઈ જાય છે. પ્રભુ ઉતાવળા ઉતાવળા હરિ સ્વરૂપે પધાર્યા છે.

''ગરૂડ તજીને પાળા પધાર્યા, ગજ સારૂં મહારાજ.''

હરિસ્વરૂપે પધારી પ્રભુએ ગજને મગરના મુખમાંથી છોડાવ્યો. ગજેન્દ્રને મૂળ સ્વરૂપની પ્રાપ્તિ થઈ. અને તે પોતાના લોકમાં ચાલ્યો ગયો.

મિત્રો ! ગજેન્દ્ર મોક્ષની આ જે કથા છે તે સંસારમાં જે રચ્યા પચ્યા રહેતા અને સગા-વ્હાલાની સરભરામાં ભગવાનને ભૂલી જતા જીવાત્માઓ માટે લાલ બત્તી સમાન છે. પોતાની ફરજનું પાલન કરવું જોઈએ તે સારી વાત છે. પણ એક વાતનું અનુસંધાન સતત જોઈએ જ કે પરમાત્મા અને સત્સંગ સિવાય કાંઈજ હિતકારી નથી. જો જીવાત્મા આ વાતનું અનુસંધાન રાખીને પરમાત્માનું ભજન કરે તો બેડો પાર થઈ જાય.

સ્વામિનારાયણ ભગવાને આપણા ઉપર કેવી કૃપા કરી છે. દેવ, આચાર્ય સંત અને શાસ્ત્રના શરણમાં રહેલા ભક્તો આવી વિપત્તિમાં ફસાતા નથી. કારણ કે સદા પ્રગટ અને સદા પ્રત્યક્ષ શ્રીહરિ પોતાના ભક્તોની રક્ષા કરવામાં તત્પર રહે છે..

# પ્રશ્નપેટી

સાધુ ભક્તિનંદનદાસ ગુરુ શા.સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી
(શ્રી સ્વા. મંદિર, જેતલપુર)

પ્ર. ૧ ''શ્રી નરનારાયણ ઋષિ જે તે બદરિકાશ્રમમાં રહ્યા થકા આ ભરતખંડના સર્વે મનુષ્યના કલ્યાણને અર્થે અને સુખને અર્થે તપને કરે છે. ત્યારે સર્વે મનુષ્ય કલ્યાણના માર્ગને વિષે કેમ નથી પ્રવર્તતા?

પ્ર. ૨ લંકાનો રાજા રાવણ ચોસઠ યુગ જીવ્યો છતાં મૃત્યુ સમયે તેના પાંચ ક્યા કામ બાકી રહી ગયા હતાં?

પ્ર. ૩ નાના લાખાણી ગામમાં શ્રીહરિ પધાર્યા. ગામની પાદર હનુમાનજીની દેરી સામે એક પથ્થર ઉપર બિરાજ્યા છે. ત્યારે ગામમાંથી વિરજી સુથાર તથા દરબાર કાથડજી આદિ ભક્તો દર્શન કરવા આવ્યા ત્યારે શ્રીજી મહારાજે ભક્તોને ઉદ્દેશીને હનુમાનજી તરફ આંગળી ચીંધીને શું કહ્યું?

પ્ર. ૪ ભગવાન શ્રીરામ લંકા વિજય કરી સૈન્ય સાથે અયોધ્યા પધાર્યા. સભામાં સૌને વરદાન દેવા માંડ્યા ત્યારે હનુમાનજીને માંગવા કહ્યું ત્યારે શું માગ્યું?

પ્ર. ૫ પોતાના સ્વાર્થની સિધ્ધિને અર્થે પણ કોઈને વિષે ક્યા અપવાદ આરોપણ ન કરવો?

પ્ર. ૬ 'એસે સંત મીલે કમી કાહુ રહી, સાચી શીખવે રામકી રીતકુંજી પરાપાર સાંઈ પરિબ્રહ્મ જામે, ઠહરાત હૈ જીવ કે ચિતકુંજી.' - ઉપરોક્ત સ.ગુ. બ્રહ્માનંદ સ્વામીની છંદ રચનાની પૂર્તિ કરશો.

પ્ર. ૭ ''મોરલી વજી - મોરલીવજી મોરલીવજી વીસા મેજી મોરલી વજી'' - આ સુંદર કીર્તનના રચયિતાનું નામ જણાવશો?

## એપ્રિલ-૨૦૧૭ માસના પ્રશ્નપેટીના સાચા ઉત્તરો અને ઉત્તરો આપનારના નામ

(૧) સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામી. (૨) ''તમે રુધિરમાં સ્નાન કરી આવ્યા છો માટે અમને અડશો નહી. છેટે રહેજો. કેમ કે તમે ભગવાનનું નામ સ્મરણ સાથે સ્નાન કર્યું નથી. તેથી તે સ્નાન રુધિર સ્નાન તુલ્ય જ છે. (૩) જેને ભગવાનને રાજી કરવા હોય તેને તો દેહના સુખને ઈચ્છવું નહિ અને દર્શનનો પણ લોભ રાખવો નહિ ને ભગવાન જેમ કહે તેમ કરવું એજ ભગવાનને રાજી થયાનું સાધન છે. (૪) ગુરુ, રાજા, વૃધ્ધ, ત્યાગી, વિદ્વાન, તપસ્વી આ છ જણાની સામે જઈને મધુર વચનો વડે સન્માન કરવું. (૫) ગ.પ્ર.પ્ર. ૬૮ વચનામૃત. (૬) મુક્તાનંદ કહે છે રે તમને પરહરી રે, ભવજળ કોઈ ન પામે પાર, ભલેને પધાર્યા રે ગિરધર ગાજતા રે.... (૭) સુરાખાચર! હું તો ઘણું એ બોલવા ખાતર બળ કરતો હતો પણ મારાથી તો બોલાણું જ નહિ.

| | |
|---|---|
| ૧ | વિનોદ પી. પટેલ (વહેલાલ) |
| ૨ | લલિતાબેન રમણભાઈ પટેલ (સાબરમતી) |
| ૩ | શારદાબેન નંદુભાઈ પટેલ (ઉનાવા) |
| ૪ | કોકિલાબેન બાબુભાઈ પટેલ (સાબરમતી) |
| ૫ | વલ્લભભાઈ શીવાભાઈ પટેલ (સોજા) |
| ૬ | લલિતાબેન જયંતિભાઈ પટેલ (સાબરમતી) |
| ૭ | રક્ષાબેન ગણપતભાઈ પટેલ (મેમનગર) |
| ૮ | પ્રભાતસિંહ કેશરજી ડાભી (ડાંગરવા) |
| ૯ | મહેન્દ્રભાઈ સોમાભાઈ ભાવસાર (માણસા) |
| ૧૦ | ચંદ્રપ્રકાશ ચુનીલાલ પટેલ (રાણીપ) |
| ૧૧ | ચંદુભાઈ પુરૂષોત્તમદાસ ભાવસાર (નવાવાડજ) |
| ૧૨ | શારદાબેન વિઠ્ઠલભાઈ પટેલ (ડાંગરવા) |
| ૧૩ | વિઠ્ઠલભાઈ મગનદાસ પટેલ (ડાંગરવા) |
| ૧૪ | ઉષાબેન એમ. પટેલ, શારદાબેન એચ. પટેલ (વાવોલ) |
| ૧૫ | મહંત શા.સ્વા. પ્રેમપ્રકાશદાસજી (હિંમતનગર) |
| ૧૬ | સાં.યો. બહેનો (વાવોલ) |
| ૧૭ | ધર્મિષ્ઠાબેન રવિન્દ્રભાઈ પટેલ (રાજપુરવાળા) |
| ૧૮ | ડૉ. અરૂણભાઈ ડી. પટેલ (રાણીપ) |
| ૧૯ | સંગીતાબેન કલ્પેશભાઈ દરજી (કાલુપુર) |
| ૨૦ | મીનાબેન કમલેશભાઈ પટેલ (કુહા) |
| ૨૧ | વસંતીબેન જયંતીલાલ પટેલ (ઉંઝા) |
| ૨૨ | ઈલાબેન પ્રવિણભાઈ પટેલ (અંબાપુર) |
| ૨૩ | અમિતાબેન જીજ્ઞેશભાઈ પટેલ (અંબાપુર) |
| ૨૪ | સંગીતાબેન મનોજકુમાર પટેલ (અંબાપુર) |
| ૨૫ | સંગીતાબેન અરૂણભાઈ પટેલ (અંબાપુર) |
| ૨૬ | લાલભાઈ એમ. પટેલ (સેકટર-૨૪, ગાંધીનગર) |
| ૨૭ | રેખાબેન કીર્તિકુમાર પટેલ (ઉંઝા) |
| ૨૮ | વિષ્ણુભાઈ જીવાભાઈ પટેલ (સીતાપુર) |
| ૨૯ | મગનભાઈ મોહનભાઈ પટેલ (હિંમતનગર) |
| ૩૦ | શારદાબેન હિરાભાઈ પટેલ (મોટેરા) |
| ૩૧ | કિંજલબેન ભરતકુમાર પટેલ (સાબરમતી) |
| ૩૨ | શારદાબેન રતિલાલ પટેલ (સાબરમતી) |
| ૩૩ | શારદાબેન રાવજીભાઈ પટેલ (સાબરમતી) |
| ૩૪ | વિણાબેન આર. ભાવસાર (નવરંગપુરા) |
| ૩૫ | અરવિંદાબેન એન. ભાવસાર (ચાંદલોડીયા) |
| ૩૬ | સાં.યો. કંચનબા, હીરાબા, ભગવતીબા (ધ્રાંગધ્રા) |
| ૩૭ | સાં.યો. ભારતીબા, મંજુબા (હવેલી-કાલુપુર) |
| ૩૮ | સાં.યો. કોકિલાબા તથા ઉષાબા (સુરેન્દ્રનગર) |
| ૩૯ | રીટાબેન જયેશભાઈ ઠક્કર (વસ્ત્રાપુર) |
| ૪૦ | પ્રયાગકુમાર માધવલાલ પટેલ (મારૂસણા) |
| ૪૧ | ભક્તિભાઈ પુંજલદાસ પટેલ (દેઉસણાવાળા) |
| ૪૨ | ત્રિભોવનભાઈ લક્ષ્મણભાઈ અધારા (નવાવાડજ) |
| ૪૩ | કંચનબેન બાબુબાઈ અડાલજા (રતનપર) |
| ૪૪ | રંજનબેન કાનજીભાઈ પટેલ (જશોદાનગર) |
| ૪૫ | સાં.યો. કંચનબા તથા કુંદનબા (મેડા) |
| ૪૬ | મફાજી સરદારજી ડાભી (ડાંગરવા) |
| ૪૭ | શોભનાબેન કે. ઝોલાપુરા (સુરેન્દ્રનગર) |
| ૪૮ | વિષ્ણુભાઈ પટેલ (ડાંગરવાવાળા) |
| ૪૯ | પલ્લવીબેન આર. સોની (સુરેન્દ્રનગર) |
| ૫૦ | દક્ષાબેન ઘનશ્યામભાઈ સોની (સી.જી. રોડ) |
| ૫૧ | ભાવનાબેન નટવરભાઈ પટેલ (મુબારકપુર) |
| ૫૨ | સરોજબેન રણછોડભાઈ પટેલ (મુબારકપુર) |
| ૫૩ | પટેલ કૈલાસબેન વિષ્ણુભાઈ (નાંદોલ) |
| ૫૪ | પટેલ અંજનાબેન મનુભાઈ (નાંદોલ) |
| ૫૫ | ભાવસાર સુમિત્રાબેન એન. (વિસનગર) |

# સત્સંગ સમાચાર

## શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરમાં રામનવમી શ્રીહરિ પ્રાકટ્યોત્સવ

પરમકૃપાળુ પૂર્ણ પુરૂષોત્તમ સર્વ અવતારના અવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાન આ પૃથ્વી પર પ્રગટ થયા તેને ૨૩૫ થયા. અમદાવાદ કાલુપુર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પરમ કૃપાળુ શ્રી નરનારાયણદેવના શુભ સાનિધ્યમાં તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની શુભ આજ્ઞાથી અને કાલુપુર શ્રી સ્વામિનારાયણ મંદિરના મહંત સ.ગુ.શા. સ્વામી હરિકૃષ્ણદાસજીના સુંદર માર્ગદર્શનથી ચૈત્ર સુદ-૯ રામનવમી શ્રીહરિ પ્રાકટ્યોત્સવ ખૂબજ ધામધૂમથી ઉજવાયો.

સવારે ૭-૦૦ કલાકે અક્ષર ભુવનમાં બિરાજમાન બાલ સ્વરૂપ શ્રી ઘનશ્યામ મહારાજનો પાટોત્સવ મહાભિષેક પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે ષોડશોપચાર પૂર્વક ધામધૂમથી ઉજવાયો. ત્યારબાદ અન્નકૂટ આરતી થઈ હતી. બપોરે ૧૨-૦૦ મર્યાદા પુરૂષોત્તમ શ્રી રામચંદ્રજી ભગવાનની પ્રાગટ્યની આરતી થઈ હતી. સમૈયાના દર્શને શહેર અને ગામો ગામથી અનેક હરિભક્તો પધાર્યા હતા. પાટોત્સવના યજમાન પ.ભ. કૌશિકભાઈ પાટડીયા પરિવાર રહ્યા હતા.

મંદિરના વિશાળ ચોકમાં રાત્રે ૮ થી ૧૦ દરમ્યાન આપણા સંપ્રદાયના સુપ્રસિદ્ધ ગાયક પ.ભ. જયેશભાઈ હેમચંદભાઈ સોની અને તેમના સાથી કલાકારોએ નંદ સંતો રચિત કીર્તનની સમઝટ બોલાવી હતી. ભાઈઓ અને બહેનોએ અલગ અલગ રાસ રમ્યા હતા. હજારો દર્શનાર્થીઓએ અલૌકિક લાભ લઈ ધન્ય ધન્ય બન્યા હતા. રાત્રે ૧૦-૧૦ પ.પૂ. મોટા મહારાજશ્રીના વરદ્ હસ્તે સર્વોપરી શ્રી ઘનશ્યામ મહારાજની પ્રાકટ્યોત્સવની આરતી થઈ હતી. હજારો દર્શનાર્થીઓએ અલૌકિક દર્શન કરી ખૂબજ ધન્ય બન્યા હતા.

આ પ્રસંગે બ્ર. પૂ. સ્વામી રાજેશ્વરાનંદજી, હરિચરણ સ્વામી (કલોલ), ભંડારી જે.પી. સ્વામી, કોઠારી જે.કે. સ્વામી, યોગી સ્વામી, ભક્તિ સ્વામી આદિ સંત મંડળે ખૂબજ સુંદર આયોજન કર્યું હતું. (શા.સ્વા. નારાયણમુનિદાસજી)

## શ્રી સ્વામિનારાયણ મંદિર માણેકપુર (ચૌધરી) શ્રી ઘનશ્યામ ત્રિદશાબ્દી મહોત્સવ

પરમકૃપાળુ સર્વ અવતારના અવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાનની પૂર્ણ કૃપાથી તથા શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી એવં સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા સ.ગુ. મહંત શા.સ્વામી. પી.પી. સ્વામી (ગાંધીનગર)ની પ્રેરણાથી તથા સ.ગુ. સ્વામી દેવપ્રસાદદાસજી (મૂળીવાળા) તથા સમસ્ત સત્સંગ સમાજ તથા શ્રી નરનારાયણદેવ યુવક મંડળ માણેકપુરના સુંદર આયોજનથી તા. ૩૦-૩-૧૭ થી તા. ૩-૪-૧૭ પર્યન્ત શ્રી ઘનશ્યામ ત્રિદશાબ્દી મહોત્સવ ધામધૂમથી ઉજવાયો. આ પ્રસંગના ઉપલક્ષમાં સ.ગુ.શા.સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજી (ગાંધીનગર)ના વક્તાપદે શ્રીમદ્ ભાગવત પંચાન્હ પારાયણનું સુંદર આયોજન સંપન્ન થયું હતું. ૩૦ વર્ષ પહેલા પ.પૂ.અ.નિ. સ.ગુ. સ્વામીશ્રી કરશનદાસજીએ આ ગામનું ભવ્ય મંદિર નિર્માણ કરાવ્યું હતું. જેમાં ઠાકોરજીની પ્રાણ પ્રતિષ્ઠા પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી તેજેન્દ્રપ્રસાદજીમહારાજશ્રીના વરદ્ હસ્તે થઈ હતી. ગામના નાના-મોટા હરિભક્તોએ વિવિધ નાની મોટી સેવામાં યજમાન બની મહા લાભ લીધો હતો.

આ પ્રસંગે સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમ ડાયરો-ભજનકીર્તન, તથા કથામાં શ્રીકૃષ્ણ જન્મોત્સવ, શ્રી રૂક્ષ્મણી વિવાહ, ઠાકોરજીનો અભિષેક, શ્રીહરિ યાગ, અન્નકૂટ આદિ કાર્યક્રમો થયા હતા.

કથા દરમ્યાન તા. ૩૦-૩-૧૭ ના રોજ પ.પૂ. લાલજી મહારાજશ્રી પધાર્યા હતા. સૌને દર્શન આપી રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. બહેનોને દર્શન આશીર્વાદ આપવા પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રી પધાર્યા હતા અને કથા શ્રવણ કરી બહેનોને આશીર્વાદ આપી ખૂબજ રાજી થયા હતા. તા. ૩-૪-૧૭ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા હતા. અને મંદિરમાં બિરાજમાન સર્વોપરી શ્રી ઘનશ્યામ મહારાજની અન્નકૂટ આરતી ઉતારીને સભામાં કથાની પૂર્ણાહુતિની આરતી અને શ્રીહરિયાગની પૂર્ણાહુતિની આરતી ઉતારીને સૌ સંત-હરિભક્તોને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

આ પ્રસંગે ધામો ધામથી સંતોમાં સ.ગુ. મહંત શા.સ્વામી હરિકૃષ્ણદાસજી કાલુપુર, સ.ગુ. શા.સ્વામી હરિકેશવદાસજી (ગાંધીનગર સે-૨૩) સ.ગુ. ભંડારી સ્વામી શ્રી જાનકી વલ્લભદાસજી કાંકરિયા, સ.ગુ.બ્ર. સ્વા. રાજેશ્વરાનંદજી (કાલુપુર પૂજારીશ્રી), સ.ગુ. સ્વામી દેવપ્રસાદદાસજી (માણેકપુર) અને સ.ગુ. સ્વામી માધવપ્રસાદદાસજી (કોઠંબા) આદિ ધામો ધામથી સંતો પધાર્યા હતા. પાંચેય દિવસ સમસ્ત ગામ અને આવેલ તમામ મહેમાનોને પ્રસાદ ભોજન જમાડવામાં આવેલ.

(શ્રી નરનારાયણદેવ યુવક મંડળ માણેકપુર)

**શ્રી સ્વામિનારાયણ મંદિર ધોળકા શ્રી હનુમાન જયંતી**

પરમકૃપાળુ પરમાત્મા શ્રી સ્વામિનારાયણ ભગવાનની પૂર્ણ કૃપાથી તથા મૂ.અ.મૂ.સ.ગુ. ગોપાળાનંદ સ્વામીના રાજીપાથી તેમજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા અત્રે ધોળકા મંદિરના મહંત સ.ગુ. સ્વામી જગદીશપ્રસાદદાસજી તેમજ કોઠારી સ્વામી સત્યસંકલ્પદાસજીની પ્રેરણા-માર્ગદર્શનથી સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાનના અલૌકિક દિવ્ય ચરણોથી પવિત્ર તીર્થ ભૂમિ ધોળકા નગરીમાં સ.ગુ. ગોપાળાનંદ સ્વામીએ જ્યાં બ્રહ્મરાક્ષસનો ભૂતાવલીમાંથી ઉદ્ધાર કર્યો હતો તેજ ભૂમિ પર પરમ કૃપાળુ સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાને શ્રી મોરલી મનોહરદેવ હરિકૃષ્ણ મહારાજની પ્રતિષ્ઠા કરી મોક્ષનું સદાવ્રત ખુલ્લું મૂક્યું હતું. તેવા ભવ્ય શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ચૈત્ર સુદ-૧૫ શ્રી હનુમાન જયંતીના સુંદર મારૂતિયજ્ઞ સંપન્ન થયો. જેના યજમાન પદે પ.ભ. રાજેન્દ્રસિંહ હેમતસિંહ (વાલથેરા) પરિવારે સુંદર લાભ લીધો હતો. બીજા અન્ય ૧૧ પાટલા રાખવામાં આવેલ. જેમાં હરિભક્તોએ યજ્ઞનું પૂજન યજન કરી દાદાનો રાજીપો મેળવ્યો હતો. પૂ. મહંત સ્વામીના તમામ સંત-પાર્ષદ મંડળે આ પ્રસંગે સુંદર સેવા કરી હતી.

(શા. અજય સ્વામી - ધોળકા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર સોનારડા ત્રિદિનાત્મક પારાયણ**

પરબ્રહ્મ પુરૂષોત્તમ નારાયણ એવા સર્વોપરી શ્રીજી મહારાજની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી શ્રી નરનારાયણદેવ યુવક મંડળ તથા સમસ્ત સત્સંગ સમાજ સોનારડાના આયોજનથી તેમજ સ.ગુ. શા. પી.પી. સ્વામી (ગાંધીનગર મંદિર મહંતશ્રી)ની પ્રેરણાથી અત્રે સોનારડા (તા. દહેગામ) શ્રી સ્વામિનારાયણ મંદિરમાં તા. ૨-૩-૧૭ થી તા. ૫-૩-૧૭ દરમ્યાન ''આદર્શ ભક્ત ગાથા'' ત્રિદિનાત્મક રાત્રીય પારાયણ સ.ગુ.શા. સ્વામી ચૈતન્યસ્વરૂપદાસજીના વક્તાપદે થઈ હતી. ગામના અને આજુબાજુના ઘણા ભક્તોએ કથા શ્રવણ કરી ખૂબજ સુંદર લાભ લીધો હતો. પ.પૂ. લાલજી મહારાજશ્રી આ પ્રસંગે પધારીને સૌને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. ધામો ધામથી સંતોએ પધારી અમૃતવાણીનો લાભ આપેલ. આ પ્રસંગે ભવ્ય શાકોત્સવ પણ ઉજવાયો હતો. પારાયણ દરમ્યાન સભા સંચાલન સ.ગુ. શા.સ્વા. નારાયણમુનિદાસજી (કાલુપુર)એ સુંદર રીતે શોભાવ્યું હતું.

(શ્રી નરનારાયણદેવ યુવક મંડળ સોનારડા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર હિંમતનગર**

પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રીની આજ્ઞા-આશીર્વાદથી શ્રી સ્વામિનારાયણ મંદિર હિંમતનગર ખાતે તા. ૨૬-૩-૧૭ ના રોજ બહેનોની ભવ્ય સત્સંગ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. કાલુપુર મંદિરથી પૂ. સાંખ્યયોગી બહેનોએ પધારી કથા વાર્તાનો સુંદર લાભ આપ્યો હતો. જેમાં મોટી સંખ્યામાં બહેનોએ લાભ લીધો હતો. સમગ્ર સભાનું આયોજન અત્રે મંદિરના મહંત શા.સ્વામી પ્રેમપ્રકાશદાસજીએ કર્યું હતું. સમગ્ર પ્રસંગમાં ઘનશ્યામ મહિલા મંડળની સેવા પ્રેરણારૂપ હતી.

અત્રે તા. ૨૪-૩-૧૭ ના એકાદશીના રોજ પ.ભ. પટેલ બાબુભાઈ કોદરભાઈ ને ત્યાં સત્સંગ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. તથા તા. ૭-૪-૧૭ ના એકાદશીના રોજ પ.ભ. દિલીપકુમાર કાંતિલાલ સુથારને ત્યાં સત્સંગ સભાનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં હરિભક્તોએ કથા વાર્તાનો લાભ લીધો હતો. શ્રી નરનારાયણદેવ યુવક મંડળે સુંદર સેવા કરી હતી.

(સંજયકુમાર કનુભાઈ ઓઝા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર માંડલ ૧૦૫ મો વાર્ષિક પાટોત્સવ**

સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાનની પૂર્ણ કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા જેતલપુરધામના મહંત શાસ્ત્રી સ્વામી આત્મપ્રકાશદાસજી તથા સ.ગુ. શાસ્ત્રી પુરુષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર માંડલનો ૧૦૫ મો વાર્ષિક પાટોત્સવ તા. ૬-૪-૧૭ ના રોજ વિધિવત રીતે ઉજવાયો. પાટોત્સવ પ્રસંગના ઉપલક્ષમાં ''આરતી વિવેચન'' ત્રિદિનાત્મક રાત્રીય કથા સ.ગુ. શા.સ્વામી ભક્તિનંદનદાસજીના વક્તાપદે તા. ૩-૪-૧૭ થી તા. ૫-૪-૧૭ પર્યન્ત સુંદર ભાવવાહી શૈલીમાં થઈ હતી. તા. ૫-૪-૧૭ ના કથાની પૂર્ણાહુતિ બાદ રાત્રે શ્રીહરિ પ્રાગટ્યોત્સવ ખૂબજ ધામધૂમથી ઉજવ્યો હતો.

તા. ૬-૪-૧૭ ના રોજ સવારે મંદિરમાં બિરાજમાન શ્રીહરિનું પૂજન અર્ચન, મહાપૂજા દ્વારા યજમાન પરિવારે લાભ લીધો હતો. પૂ. મહંત શાસ્ત્રી સ્વામી આત્મપ્રકાશદાસજી (જેતલપુર) તથા પૂ. મહંત સ્વામી શ્યામસુંદરદાસજી (મૂળી)ના વરદ્ હસ્તે શ્રીહરિકૃષ્ણ મહારાજનો સુંદર ષોડશોપચાર અભિષેક થયો હતો. પ્રાસંગિક સભામાં અમદાવાદ, મૂળી અને જેતલપુરથી પધારેલા સંતોએ આશીર્વાદ પાઠવ્યા હતા. છેલ્લે પાટોત્સવના યજમાન પ.ભ. ઘનશ્યામભાઈ સોની અને તેમના પુત્રોનું સન્માન કરવામાં આવ્યું હતું. આગામી ૧૦૬ માં પાટોત્સવના યજમાનશ્રીને પણ આશીર્વાદ આપ્યા હતા. સંતોએ અન્નકૂટ આરતી ઉતારી હતી. ત્યાર બાદ સૌએ પ્રસાદ ગ્રહણ કરી ધન્યતા અનુભવી હતી.

(કોઠારીશ્રી માંડલ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર કર્મશક્તિ પાર્ક ૧૯ મો પાટોત્સવ - રાત્રીય પારાયણ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તેમજ સ.ગુ.

શા.પી.પી. સ્વામી (મહંતશ્રી ગાંધીનગર)ની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર કર્મશક્તિ પાર્કનો ૧૯ મો પાટોત્સવ ખૂબજ ધામધૂમ પૂર્વક ઉજવાયો. આ પ્રસંગના ઉપલક્ષમાં શ્રીમદ્ સત્સંગિજીવન મહાગ્રંથની રાત્રીય પારાયણ તા. ૧૧-૪-૧૭ થી તા. ૧૫-૪-૧૭ દરમ્યાન સ.ગુ. શા.સ્વામી ચૈતન્યસ્વરૂપદાસજી (ગાંધીનગર સે-૨) ના વક્તાપદે થઈ હતી. વિશાળ સંખ્યામાં હરિભક્તોએ કથા શ્રવણ કર્યું હતું. આ પ્રસંગે અનેક આયોજનો પૈકી મહાપૂજા, અન્નકૂટ, મેડીકલ, કેમ્પ આદિ થયા હતા. નાના મોટા સૌ હરિભક્તોએ યજમાન બની સુંદર લાભ લીધો હતો.

તા. ૧૨-૪-૧૭ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા હતા અને ઠાકોરજીની આરતી ઉતારીને સભામાં રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. તા. ૧૬-૪-૧૭ ના રોજ સુંદર સંત સંગીત સંધ્યા કાર્યક્રમ થયો હતો. ધામો ધામથી સંતો પૈકી કાલુપુર મંદિરના પૂ. મહંત સ.ગુ. શા.સ્વા. હરિકૃષ્ણદાસજી આદિ સંતો પધાર્યા હતા. શ્રીનરનારાયણદેવ યુવક મંડળે પ્રેરણારૂપ સેવા બજાવી હતી. (કોઠારીશ્રી કર્મશક્તિ મંદિર)

**શ્રી સ્વામિનારાયણ મંદિર ઉનાવા ૩૫ મો પાટોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની અસીમ કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા સ.ગુ. શાસ્ત્રી પી.પી. સ્વામી (ગાંધીનગર મહંતશ્રી)ની પ્રેરણાથી તથા મહંત શા.સ્વામી ભક્તિકેશવદાસજી તથા કોઠારી ઉનાવા તેમજ સમસ્ત સત્સંગ સમાજના આયોજનથી શ્રી સ્વામિનારાયણ મંદિર ઉનાવામાં બિરાજમાન શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજનો ૩૫ મો પાટોત્સવ વૈશાખ સુદ-૩ અખાત્રીજના શુભ દિને ધામધૂમથી ઉજવાયો.

આ પ્રસંગના ઉપલક્ષમાં તા. ૨૭-૪-૧૭ થી તા. ૧-૫-૧૭ દરમ્યાન શ્રીમદ્ સત્સંગિભૂષણ પંચાન્હ પારાયણ (લોજ આગમનથી સ્વધામ ગમન સુધી) સ.ગુ. શા.સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજી (કોટેશ્વર) તથા સ.ગુ. શા.સ્વા. રામકૃષ્ણદાસજી (ગાંધીનગર)ના વક્તાપદે સંગીતના સુમધુર તાલે સંપન્ન થઈ હતી. આ પ્રસંગમાં ગામના ભાવિક ભક્તોએ યજમાન બની સુંદર લાભ લીધો હતો.

રાત્રીય કાર્યક્રમમાં શ્રી નરનારાયણદેવ યુવક મંડળ ઉનાવા, શ્રી નરનારાયણદેવ યુવક મંડળ ઝુંડાલ દ્વારા કીર્તન ભક્તિ અને ''માં બાપને ભૂલશો નહિ'' કાર્યક્રમ કલાકાર અશ્વિનભાઈ જોષી દ્વારા સુંદર થયો હતો.

પ્રસંગ દરમ્યાન પ.પૂ. લાલજીમહારાજશ્રી અને પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરુપ ગાદીવાળાશ્રી પધાર્યા હતા અને રૂડા આશીર્વાદ આપી રાજી થયા હતા. ધામો ધામના સંતો પૈકી સ.ગુ. મહંત શા.સ્વામી હરિકૃષ્ણદાસજી આદિ ધામો ધામથી સંતો પધાર્યા હતા. પ્રસંગની વ્યવસ્થામાં સ.ગુ. મહંત સ્વામી પ્રાણજીવનદાસજી, પ્રાંતિજ, સ.ગુ. પુરાણી સ્વામી બાલસ્વરૂપદાસજી ગાંધીનગર, શા. વ્રજ સ્વામી મૂળી અને સ્વામી ગોપાલજીવનદાસજી (પ્રાંતિજ) રહ્યાં હતાં. ગામ અને આજુબાજુના ગામના ભક્તોએ કથા શ્રવણ, દેવ દર્શન અને ધર્મકુળ દર્શન કરી આનંદિત થયા હતા. (કોઠારીશ્રી ઉનાવા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર ઉમેદગઢ ૩૪ મો પાટોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા ઈડર મહંત શા. સિધ્ધેશ્વરદાસજી ની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર ઉમેદગઢ (ઈડર દેશ) નો ૩૪ મો પાટોત્સવ સંતો-હરિભક્તોની ઉપસ્થિતિમાં ધામધૂમથી ઉજવાયો. આ પ્રસંગે સમૂહ મહાપૂજાનું સુંદર આયોજન થયું હતું. જેમાં ૪૫ યુગલોએ લાભ લીધો હતો. પાટોત્સવના મુખ્ય યજમાન પટેલ પરસોતમભાઈ દવાભાઈ પરિવારે લાભ લીધો હતો. સંતોએ ઠાકોરજીની અન્નકૂટ આરતી ઉતારીને સભામાં કથા વાર્તાનો લાભ આપેલ. કે.આર. પટેલ દ્વારા સભા સંચાલન કરવામાં આવ્યું હતું. તેઓએ ગામનો સુંદર શ્રીહરિના સમયનો પ્રસંગ કહ્યો હતો. સૌએ દર્શન કરી પ્રસાદ લઈ ધન્યતા અનુભવી હતી. (કાંતિલાલ આર. પટેલ - ઉમેદગઢ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર બાપુપુરા કથા પારાયણ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા સ.ગુ. શા. સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજી (ગાંધીનગર મહંતશ્રી)ની પ્રેરણાથી તથા બાપુપુરા સમસ્ત સત્સંગ સમાજ તરફથી તા. ૬-૪-૧૭ થી તા. ૧૦-૪-૧૭ દરમ્યાન શ્રી નીલકંઠ મહાદેવના પ્રાંગણમાં સ.ગુ. શા. સ્વામી ચૈતન્યસ્વરૂપદાસજી (ગાંધીનગર)ના વક્તા પદે ''શ્રી વિદુર નીતિ પંચાન્હ'' રાત્રીય પારાયણ ધામધૂમથી સંપન્ન થઈ. ગામ અને આજુબાજુના ઘણાંજ ભાવિક ભક્તોએ સુંદર કથા શ્રવણનો લાભ લીધો હતો. પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીની આજ્ઞાથી શ્રી નરનારાયણદેવ મહિલા મંડળે પ્રેરણારૂપ સેવા બજાવી હતી. પારાયણની પૂર્ણાહુતિ પ્રસંગે કાલુપુર મંદિરથી સ.ગુ. મહંત શા. સ્વામી હરિકૃષ્ણદાસજી સંત મંડળ સાથે પધારી સભામાં આશીર્વાદ આપ્યા હતા. કથા દરમ્યાન દરેક ભક્તોને નાસ્તા રૂપ પ્રસાદની વ્યવસ્થા કોઠારીશ્રી અને ગામના આગેવાન હરિભક્તોએ કરી હતી.

(પુરાણી સ્વા. બાલસ્વરૂપદાસજી - ગાંધીનગર)

## મૂળી પ્રદેશના સત્સંગ સમાચાર

**ભક્તિનગર (તા. હળવદ) મંદિરમાં મહામંત્ર ધૂન**

પરમકૃપાળુ શ્રી સ્વામિનારાયણ ભગવાનની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા મૂળીધામના અ.નિ. સ.ગુ. શા.સ્વા. વિજ્ઞાનદાસજીની દિવ્ય પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર (બહેનોનું) હળવદ ખાતે (ગૌરી દરવાજા) દશાબ્દી મહોત્સવ પ્રસંગના ઉપલક્ષમાં ભક્તિનગર મંદિરમાં (બન્ને મંદિર) તા. ૨૦-૩-૧૭ ના રોજ ૧૨ કલાકની શ્રી સ્વામિનારાયણ મહામંત્રની અખંડ ધૂન સર્વે

હરિભક્તોએ સાથે મળી કરી હતી. પૂર્ણાહુતિ પ્રસંગે શ્રીજી સ્વરૂપ સ્વામી તથા શા. વ્રજવલ્લભ સ્વામી આદિ સંત મંડળે સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ મહામંત્રનો મહિમા સમજાવ્યો હતો. તેમજ બહેનોને સાંખ્યયોગી અનસુયાબા તથા સાંખ્યયોગી વનીતાબાએ મહિમા સમજાવ્યો હતો.

(કોઠારીશ્રી - ભક્તિનગર)

**નારીચાણા તથા બાવલી ગામે સત્સંગ સભા**

પરમકૃપાળુ સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાનની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી અત્રે ધ્રાંગધ્રા તાલુકાના નારીચાણા તથા બાવળી ગામે તા. ૯-૪-૧૭ ના રોજ સ.ગુ. સ્વા. ભક્તિહરિદાસજીની પ્રેરણાથી સુંદર સત્સંગ સભાનું આયોજન થયું હતું. આ પ્રસંગે ધ્રાંગધ્રા, સુરેન્દ્રનગર અને મોરબીથી સંતો પધાર્યા હતા અને શ્રીહરિના ત્રણ ગૂઢ સંકલ્પમાં મંદિર, દેવ, આચાર્ય મહારાજશ્રી અને સત્શાસ્ત્રો (નંદ સંતો રચિત)માં શ્રીહરિ પ્રગટ રહ્યાં છે તેવી સુંદર સમજણ સંતોએ આપી હતી. સભા સંચાલન મોરબી મંદિરના મહંત શા. સ્વામી ભક્તિનંદનદાસજીએ કર્યું હતું.

(પ્રતિ. અનીલભાઈ દુધરેજીયા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર મોરબી (સરદાર બાગ)**

અત્રે આપણા શિખરબધ્ધ મંદિરમાં બિરાજમાન સંકલ્પસિધ્ધ સ્વરૂપ મહાપ્રતાપી શ્રી ઘનશ્યામ મહારાજ, શ્રી રાધાકૃષ્ણદેવનાં પાવન સાંનિધ્યે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનાં રૂડા શુભ આશીર્વાદથી અત્રે મંદિરનાં નવયુવાન ઉત્સાહી વિદ્વાન સંત મહંત સ્વામી સદ્. ભક્તિનંદનદાસજીના માર્ગદર્શન અને આયોજન મુજબ મંદિરની બાજુમાં જ પૂ. મહારાજશ્રીની આજ્ઞાથી નૂતન સંપાદિત થયેલ વિશાળ ખુલ્લી જગ્યામાં તા. ૨૩-૪-૨૦૧૭ એકાદશીનાં પરમ પવિત્ર પર્વે સુંદર દિવ્ય સત્સંગ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ખૂબ મોટી સંખ્યામાં ભાઈઓ બહેનોએ પધારી સત્સંગ કથાવાર્તાનો સંતોનાં મુખેથી લાભ પ્રાપ્ત કર્યો હતો. દર એકાદશીની રાત્રીએ ૯-૦૦ થી ૧૦-૩૦ દરમિયાન નિયમિત રીતે સત્સંગ સભાનું આયોજન કરવાનું નક્કી કરવામાં આવેલ છે. અત્રેનાં સંતોનાં સતત પ્રયાસથી સહુને દેવ, આચાર્ય મહારાજશ્રી અને સત્સંગ પ્રત્યેની ખૂબ સુંદર નિષ્ઠા દ્રઢ થઈ રહી છે અને મોરબી શહેર તેમજ મચ્છું કાંઠા વિસ્તારને મૂળ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયને સત્સંગની સુંદર દ્રઢતા થઈ રહી છે. (મહંત સ્વામી - મોરબી)

## વિદેશ સત્સંગ સમાચાર

**શ્રી સ્વામિનારાયણ મંદિર ઓકલેન્ડ (ન્યુઝીલેન્ડ)**

પરમકૃપાળુ ભગવાન શ્રી સ્વામિનારાયણની પૂર્ણ કૃપાથી તથા અમદાવાદ શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તેમજ પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના રાજીપાથી તથા અમદાવાદ કાલુપુર મંદિરના સુપ્રસિદ્ધ વિદ્વાન કથાકાર સ.ગુ. શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી, ઘનશ્યામ સ્વામી આદિ સંત મંડળ દ્વારા તા. ૧૬-૪-૧૭ ને ચૈત્ર વદ-૫ રવિવાર મંદિરના ૯ માં પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીને કેશર જલાભિષેક, શણગાર આરતી-અન્નકૂટ આરતી કરીને સભામાં પૂ. શાસ્ત્રી સ્વામીએ કથા વાર્તાનો અલૌકિક લાભ આપેલ. સાથે આપણા મંદિરના પ્રેસિડેન્ટ પ.ભ. ડૉ. કાંતિભાઈ પટેલે પોતાનો અંતરનો ભાવ દર્શાવી સેવા કરનાર સૌનો આભાર વ્યક્ત કર્યો હતો. સાથે સાથે યજમાનો અને મંદિરમાં સેવા કરનાર હરિભક્તોનું સુંદર સન્માન કરવામાં આવ્યું હતું. સમગ્ર ઉત્સવના યજમાન પ.ભ. વિમલ જયંતીભાઈ પટેલ અને પ.ભ. બ્રિજેશભાઈ પટેલે, અભિષેક, મહાપ્રસાદ અને વાઘાની સુંદર સેવા કરી હતી. આપણા મંદિરમાં દર ગુરુવારે થતી વડીલોની સભા દ્વારા પણ સેવા થઈ હતી. આ સિવાય રામનવમી શ્રીહરિ જયંતી, શ્રી નરનારાયણદેવ જયંતી ફૂલદોલોત્સવ ભુજના આપણા સંતો દ્વારા થયેલ. શ્રી હનુમાન જયંતીના સુંદર કાંડના પાઠ સાથે દાદાનું પૂજન-અર્ચન કરવામાં આવેલ. ૭૦૦ જેટલા ભાવિક ભક્તોએ દેવ દર્શન કરી, કથા શ્રવણ કરી મહાપ્રસાદ ગ્રહણ કરી ધન્યભાગી બન્યા હતા.

(તુષારભાઈ શાસ્ત્રી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર શિકાગો**

પરબ્રહ્મ પરમાત્મા શ્રી સ્વામિનારાયણ ભગવાનની કૃપાથી તથા શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના સંપૂર્ણ રાજીપાથી તેમજ શિકાગો મંદિરના મહંત શા. યજ્ઞપ્રકાશદાસજી તથા પૂજારી સ્વા. શાંતિપ્રકાશદાસજીની પ્રેરણાથી અત્રે આપણા શિકાગો શ્રી સ્વામિનારાયણ મંદિરમાં સત્સંગ સભા, કથા વાર્તા, શ્રીહરિ પ્રાગટ્યોત્સવ રામનવમી અને શ્રી હનુમાન જયંતી આદિ ઉત્સવો ધામધૂમથી ઉજવાયા.

અત્રે સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામી વિરચિત શ્રીહરિ સ્મૃતિ નવાન્હ પારાયણ શા. યજ્ઞપ્રકાશદાસજીના વક્તાપદે અને શ્રી મમતાબેન દિનેશભાઈ પટેલના યજમાનપદે થઈ હતી. શ્રીહરિ જયંતી રામનવમીના વિશેષ સભા તેમજ શ્રી હનુમાન જયંતીના પણ શ્રી હનુમાનજીનું પૂજન આરતી શ્રી દિનેશભાઈ જોશીએ કરાવ્યું હતું. (વસંત ત્રિવેદી - શિકાગો)

**ડલાસ (ટેક્સાસ)માં પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના સાનિધ્યમાં સત્સંગ પ્રચાર**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા-પ્રેરણાથી તથા પ.પૂ. મોટામહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના આશીર્વાદથી અત્રે ડલાસ સીટીમાં આઈ.એસ.એસ.ઓ.ના નેજા હેઠળ પ્રથમવાર ૨૪ માર્ચના એકાદશીના અહીંના હિન્દુ

મંદિરમાં સાંજના ૪ થી ૮ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શુભ સાનિધ્યમાં તથા પૂ. શા.પી.પી. સ્વામી (જેતલપુર) તથા શા. ધર્મકિશોરદાસજી (કોલોનીયા) આદિ સંતોની ઉપસ્થિતિમાં સત્સંગને વિશેષ પોષણ મળે અને આપણા હરિભક્તોમાં પરસ્પર સ્નેહભાવ વિશેષ રહે તેમજ દેવ પ્રત્યેની નિષ્ઠા વૃધ્ધિ પામે જે અર્થે સુંદર સત્સંગ સભા યોજવામાં આવી હતી. સત્સંગ સભામાં સંતોએ સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાનનું માહાત્મ્ય મહિમા સાથે તથા પ.પૂ. મહારાજશ્રી દ્વારા થતી દેશ વિદેશની અનેક પ્રવૃતિ-મંદિરો, સમાજ સેવા, એજ્યુકેશન તેમજ અમેરિકા આદિ ઘણા દેશોમાં આપણા અનેક નવા મંદિરોનું નિર્માણ, સત્સંગ વિચરણ અને સેવા કરનાર સૌ ભક્તોને યાદ કરી તેમની સેવાને બિરદાવી હતી. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ ડલાસના સત્સંગની ઉત્તરોત્તર વૃધ્ધિ થાય તેવા રૂડા આશીર્વાદ આપીને ખૂબજ રાજી થયા હતા. હ્યુસ્ટનથી પધારેલા યુવાનોએ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીને આપ જેમ આજ્ઞા કરશો તે રીતે અમે સૌ સેવા કરવા તત્પર છીએ તેમ પ્રાર્થના કરી હતી. ટૂંક સમયમાં નવા ચેપ્ટરની રચના અને ત્યાં ભવિષ્યમાં સુંદર મંદિર થાય તેવી પ્રાર્થના સૌ હરિભક્તોએ પૂ. મહારાજશ્રીને કરી હતી. છેલ્લે ઠાકોરજીને થાળ-આરતી બાદ મહા પ્રસાદનો સૌએ લાભ લીધો હતો. (પ્રવિણ શાહ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર કોલોનીયા**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની અસીમ કૃપાથી તથા શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટામહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના આશીર્વાદથી તેમજ અત્રે મંદિરના મહંત શા.સ્વા. ધર્મકિશોરદાસજી તથા પાર્ષદ મૂળજી ભગતની પ્રેરણાથી કોલોનીયા સ્વામિનારાયણ હિન્દુ મંદિર ખાતે તા. ૧-૩-૧૭ ના સૌ પ્રથમવાર શ્રી ગણેશ ઉત્સવની ઉજવણી કરવામાં આવી હતી. શ્રી ગણેશજીને પાલખીમાં પધરાવી મંદિરના ગ્રાઉન્ડમાં વરઘોડા સ્વરૂપે મહંત સ્વામી તથા યજમાન પરિવાર અને અન્ય હરિભક્તો દ્વારા શોભાયાત્રા રૂપે મંદિર ફરતી પ્રદક્ષિણા કરવામાં આવી હતી. સૌ સંત-હરિભક્તોએ શ્રી ગણપતિ દાદાના કીર્તન-ધૂન અને બહેનોએ રાસ ગરબા કરી શ્રી ગણપતિ દાદાને મંદિરમાં પાછળના સિંહાસનમાં પધરાવી મહંત સ્વામીએ પૂજન કરી યજમાન પરિવાર સાથે આરતી ઉતારી હતી. કૌશિકભાઈ ભાવસાર, (યજમાન) શ્રી નયનભાઈ પરીખ તેમજ અન્ય ભક્તોએ સુંદર સેવા કરી હતી. મહંત સ્વામીએ શ્રી ગણપતિ દાદાનું માહાત્મ્ય કહ્યું હતું. છેલ્લે થાળ-આરતી બાદ મહાપ્રસાદનું સુંદર આયોજન થયું હતું. (પ્રવિણ શાહ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર હ્યુસ્ટન (ટેક્સાસ) ૧૭ મો પાટોત્સવ**

પરમકૃપાળુ સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાનની કૃપાથી તથા શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની શુભ આજ્ઞાથી તેમજ પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના આશીર્વાદથી હ્યુસ્ટન આપણા શ્રી સ્વામિનારાયણ હિન્દુ મંદિરનો ૧૭ મો પાટોત્સવ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીના શુભ સાનિધ્યમાં ધામધૂમથી ઉજવાયો. આ પ્રસંગે સંતોમાં પૂ. શા. પી.પી. સ્વામી (જેતલપુર) અત્રે મંદિરના ભક્તિનંદન સ્વામી, શા. નિલકંઠ સ્વામી, જેકસન મંદિરના દિવ્ય પ્રકાશ સ્વામી, પારસીપનીના ધર્મવિહારી સ્વામી, કલિવલેન્ડથી જ્ઞાન સ્વામી, એલન ટાઉનથી નરેન્દ્ર ભગત અને હજુરી પાર્ષદ વનરાજ ભગત આદિ વિશાળ સંત-પાર્ષદ, મંડળ અને હજારો હરિભક્તોની ઉપસ્થિતિમાં ૧૨ થી ૧૯ માર્ચ રવિવાર સુધી શ્રીમદ્ ભાગવતના ૯ માં સ્કંધની કથા શા. સ્વામી દિવ્યપ્રકાશદાસજીના વક્તા પદે થઈ હતી. પાટોત્સવના યજમાન પ.ભ. ગોવિંદભાઈ પટેલ (પ્રેસિડેન્ટશ્રી) પરિવારે સુંદર લાભ લીધો હતો. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે ઠાકોરજીનો ષોડશોપચાર અભિષેક વિધિવત રીતે સંપન્ન થયો હતા. અન્નકૂટ દર્શનમાં હજારો હરિભક્તોએ લાભ લીધો હતો. બાળકો દ્વારા સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમ થયો હતો. મહેમાનો અને યજમાનોનું સુંદર સન્માન કરવામાં આવ્યું હતું. પૂ. શા.પી.પી. સ્વામીએ પ.પૂ. મહારાજશ્રીના સત્સંગ પ્રચાર અને વિચરણની સૌને માહિતી આપી હતી. યજમાન પરિવાર દ્વારા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીનું પૂજન બાદ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ સમસ્ત સભાને રૂડા આશીર્વાદમાં વર્જીનિયા સ્ટેટમાં આપણા નિર્માણાધિન મંદિર વિશે પણ સૌને માહિતગાર કર્યા હતા. જે ૫૬૭ એકરમાં સંપ્રદાયમાં ખૂબજ મોટો પ્રોજેકટ તૈયાર થશે. જેથી તેમાં સૌ ભક્તોને સેવાની સુંદર તક મળી છે. તેમાં સૌ જોડાઈને યોગદાન આપવા અનુરોધ કર્યો હતો. છેલ્લે સૌને મહાપ્રસાદ જમાડવામાં આવેલ. (પ્રવિણ શાહ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર લેસ્ટર શ્રી રામનવમી તેમજ શ્રી સ્વામિનારાયણ જયંતી**

પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાનની અસીમ કૃપાથી તેમજ શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શુભ આશીર્વાદથી તા. ૫-૪-૧૭ ને બુધવારના રોજ શ્રી રામનવમી તેમજ શ્રી સ્વામિનારાયણ જયંતીના ઉપલક્ષમાં શ્રી સ્વામિનારાયણ મંદિર લેસ્ટરમાં સવારના ૧૦ થી ૧૨ મર્યાદા પુરુષોત્તમ ભગવાન શ્રી રામચંદ્રજીનો જન્મોત્સવ ખૂબજ

ધામધૂમપૂર્વક ઉજવાયો હતો અને સાંજે ૬ થી ૮ પૂર્ણ પુરૂષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણનો પ્રાગટ્યોત્સવ ખૂબજ ભવ્ય રીતે ઉજવવામાં આવ્યો હતો.

સાંજે ૬ વાગ્યાથી મંદિરમાં હરિભક્તો આવી ગયા હતા. યુવા હરિભક્તોએ નંદસંતો રચિત ભગવાનના જન્મોત્સવના પદોનું ગાન કરી વાતાવરણને ભક્તિમય બનાવી દીધું હતું. સાંજના ૭-૦૦ વાગ્યાથી સ્વામી ધર્મકિશોરદાસજીએ ભગવાનના પ્રાગટ્યનું હેતુ અને પ્રાગટ્યની સુંદર કથા કરી હતી. સાંજના ૮-૦૦ વાગે ભગવાનનો પ્રાગટ્યોત્સવ ઉજવવામાં આવ્યો હતો. ત્યારબાદ સર્વે હરિભક્તોએ નંદસંતો રચિત કીર્તનોથી રાસની રમઝટ બોલાવી હતી. ત્યારબાદ ભગવાનના જન્મોત્સવની કેક કાપી આરતી યજમાન પરિવાર દ્વારા કરવામાં આવી હતી. આ ઉત્સવના યજમાન પદે પ.ભ. શ્રી રૂતુલભાઈ ગીરીશભાઈ પટેલ પરિવાર રહ્યા હતા. આ શુભ પ્રસંગે હરિભક્તો દ્વારા સ્વામી ધર્મકિશોરદાસજીના માર્ગદર્શન નીચે છપૈયાધામની સુંદર ઝાંખી બનાવવામાં આવી હતી. જેના દર્શન માટે મોટી સંખ્યામાં હરિભક્તો પધાર્યા હતા.

તા. ૯-૪-૧૭ રવિવારના રોજ સમૂહ મહાપૂજાનું આયોજન કરવામાં આવેલ હતું. જેના યજમાનપદે ગં.સ્વ. કસ્તુરબહેન આણંદભાઈ ટાંક પરિવાર રહ્યા હતા. અંતમાં ભોજન પ્રસાદનું આયોજન કરવામાં આવેલ હતું.

પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી તેમજ માર્ગદર્શન નીચે લેસ્ટર મંદિરમાં સત્સંગ પ્રવૃત્તિ ખૂબજ સુંદર રીતે ચાલે છે. (કિરણ ભાવસાર)

**બ્રાહ્મણ વિદ્યાર્થીઓ માટે જેતલપુરમાં સંપ્રદાયની એક માત્ર વિદ્યાલયમાં વિના મૂલ્યે શિક્ષણમાં પ્રવેશ**

**(ધો. ૯-૧૦-૧૧-૧૨)**

આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રી સ્થાપિત તથા પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્યશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી શ્રી સ્વામિનારાયણ મંદિર જેતલપુરધામથી સંચાલિત શ્રી સ્વામિનારાયણ સંસ્કૃત મહાવિદ્યાલય એકસો બાણું વર્ષ (૧૯૨) જુની પાઠશાળા છે. તેમાં ગુજરાત રાજ્ય સરકારની સોમનાથ સંસ્કૃત વિશ્વવિદ્યાલય યુનિવર્સિટી માન્ય ધો. ૯ થી માસ્ટર ડિગ્રીનો અભ્યાસક્રમ ભણાવવામાં આવે છે. ગુજરાત રાજ્ય સરકાર માન્ય ડિગ્રી આપવામાં આવે છે. તેમાં સંસ્કૃત, અંગ્રેજી, હિન્દી, ગુજરાતી, કોમ્પ્યુટર, જ્યોતિષ, કર્મકાંડ વિગેરેના વિષયો ભણાવવામાં આવે છે. ધો. ૮ પાસ વિદ્યાર્થીને નવમા ધોરણમાં પ્રવેશ મળે છે. આ સંસ્થામાં ભણવા-રહેવાની વિના મૂલ્યે સુવિધા આપવામાં આવે છે. સંપ્રદાયમાં એક માત્ર ફ્રી શિક્ષણ આપતી આ સંસ્કૃત વિદ્યાલય જેતલપુર અક્ષરફુલવાડીમાં ચાલે છે તો બ્રાહ્મણના બાળકો માટેની વિદ્યાલય છે તો આપના પાલ્ય પુત્રને સુંદર ઉચ્ચ શિક્ષણનો લાભ આપવો હોય તો એડમીશન માટે તા. ૧૫-૫-૨૦૧૭ થી ૩૦-૫-૨૦૧૭ સુધીમાં સવારે ૮ થી ૧૧ સુધી અને રૂબરૂ આવીને યોગ્યતા અને જગ્યા હશે તો પ્રવેશ મળશે. શ્રી રેવતી બળદેવજી હરિકૃષ્ણ મહારાજનું દિવ્ય સાનિધ્ય અને પ્રસાદીની બોરસલીની છાયા યુક્ત દેવસરોવરના કિનારે અક્ષરફુલવાડીના ત્રિવેણી સંગમમાં ધર્મના સંસ્કારની સાથે શિક્ષણનો સુંદર લાભ મેળવો.

બ્રાહ્મણ બટુકો શાસ્ત્રોક્ત મુજબ જનમંગલ, નારાયણકવચ, હનુમાન સ્ત્રોત, હરિયાગ, મારૂતિયાગ, ગૌ પૂજન આદિ હવન અને પુરઃશ્વરણ પ્રસાદીની વાડીમાં કરે છે. તો જે કોઈ સત્સંગીને કોઈ નિમિત્તે હવન પુરશ્ચરણ કરાવવું હોય તો સંપર્ક કરવો.

વિશેષ માહિતી સંપર્ક : પ્રધાન અધ્યાપકશ્રી ૯૮૨૫૩૪૭૯૬૯ ● વી.ડી. પુરોહિત : ૯૪૨૭૦૩૩૭૮૦

લિ. મહંત સ્વામી આત્મપ્રકાશદાસજી - જેતલપુરધામ

અનુ. પેજ નં. ૩૧ નું ચાલુ

| | | |
|---|---|---|
| ફાગણ વદ-૧૨ | અજાગીયા જીતેન્દ્રભાઈ કાંતિલાલ (મોતૈયા લાડુ) | અમદાવાદ |
| ફાગણ વદ-૧૨ | ટાંક વસંતભાઈ ત્રિભોવનદાસ (દૂધપાક માલ પુંવા) | અમદાવાદ |
| ફાગણ વદ-૧૨ | વેકરીયા ધનસુખ કુંવરજી (મોહનથાળ) | બળદીયા-કચ્છ |
| ફાગણ વદ-૧૩ | ઠક્કર નરેશકુમાર કાંતિલાલ (ચુરમાના લાડુ) | પાટણ |
| ફાગણ વદ-૧૩ | પટેલ અશોકભાઈ આત્મારામ (ડ્રાઈફ્રુટ હલવો) | અમદાવાદ |
| ફાગણ વદ-૧૩ | પટેલ ભગવાનભાઈ ઓધવજીભાઈ (શ્રીખંડપુરી) | જરવલા |
| ફાગણ વદ-૧૩ | પટેલ ઘનશ્યામભાઈ કાંતિલાલ (મોહનથાળ) | મોરબી |
| ફાગણ વદ-૧૪ | પટેલ જયશ્રીબેન સી. (બુંદીના લાડુ) | અમદાવાદ |
| ફાગણ વદ-૧૪ | સોની વિરલબેન પ્રશાંતકુમાર (બુંદીના લાડુ) | ઝુંડાલ |
| ફાગણ વદ-૧૪ | પટેલ રમેશભાઈ સોમાભાઈ (મૈસુબ) | |
| ફાગણ વદ-૧૪ | ગોગારી રતબેન વાલજીભાઈ (બુંદીના લાડુ) | ઉતરસંડા |
| ફાગણ વદ-૩૦-૧ | મેપાણી અરજણ વિશ્રામ (મગસ) | સુરજપુર-કચ્છ |
| ફાગણ વદ-૩૦-૧ | અ.નિ. પારેખ પરસોતમભાઈ (સાટા) | મુંબઈ |

## અમદાવાદ મંદિરમાં શ્રી ઠાકોરજીને થાળ તથા સંત-વર્ણી પાર્ષદોને રસોઈ આપનારની યાદી

| તિથિ | રસોઈ આપનાર | ગામ |
|---|---|---|
| મહા વદ-૨ | પટેલ ચંદુભાઈ ફુલાભાઈ (મોહનથાળ) | લવારપુર |
| ફાગણ સુદ-૧ | અ.સૌ. પટેલ હિરાબેન સોમદાસ (મોતૈયા લાડુ) | પલીયડ |
| ફાગણ સુદ-૧ | ભંડેરી શીવજી રામજી (મોતૈયા લાડુ) | રામપર-વેકરા-કચ્છ |
| ફાગણ સુદ-૧ | વેકરીયા કલ્યાણ કરશન (મોતૈયા લાડુ) | રામપર-વેકરા-કચ્છ |
| ફાગણ સુદ-૨ | ઠક્કર જયંતીલાલ કાનજીભાઈ (મૈસુબ) | અમદાવાદ |
| ફાગણ સુદ-૨ | અ.સૌ. પટેલ હિરાબેન સોમદાસ (બુંદીના લાડુ) | પલીયડ |
| ફાગણ સુદ-૩ | શ્રી નરનારાયણદેવ પાટોત્સવ યજમાન પટેલ ગંગારામભાઈ મહાદેવભાઈ (મોહનથાળ) | મેમનગર |
| ફાગણ સુદ-૫ | ચૌધરી મણીભાઈ શીવાભાઈ (ચુરમાના લાડુ) | બાલવા |
| ફાગણ સુદ-૫ | વરસાણી શામબાઈ મનજી (ચુરમાના લાડુ) | માંડવી-કચ્છ |
| ફાગણ સુદ-૫ | હિરાણી લાલજી કરશન (ચુરમાના લાડુ) | બળદીયા-કચ્છ |
| ફાગણ સુદ-૬-૭ | અ.નિ. પટેલ અંબાલાલ મગનલાલ (મોહનથાળ) | ઝુંડાલ |
| ફાગણ સુદ-૮ | પટેલ ભરતકુમાર કાંતિલાલ (ચુરમાના લાડુ) | કડી |
| ફાગણ સુદ-૯ | રાબડીયા ધીરજભાઈ ધનજી (ગુલાબ જાંબુ) | વાડાસર-કચ્છ |
| ફાગણ સુદ-૯ | પટેલ માણેકલાલ શંકરલાલ (ચુરમાના લાડુ) | મોખાસણ |
| ફાગણ સુદ-૯ | પટેલ ઘનશ્યામભાઈ શંકરદાસ (દૂધપાક માલપુંવા) | મોખાસણ |
| ફાગણ સુદ-૯ | ભીમજી હરજી સુરેશ ભીમજી (ચુરમાના લાડુ) | |
| ફાગણ સુદ-૯ | અ.નિ. ધીરૂભાઈ બચુભાઈ (ચુરમાના લાડુ) | સુરત |
| ફાગણ સુદ-૧૦ | પિંડોરીયા વિનેશ વાઘજી (મોહનથાળ) | સુખપર-રોહા |
| ફાગણ સુદ-૧૦ | વેલાણી હીરજીભાઈ શીવજી (કાજુબદામ મૈસુબ) | સુખપર-રોહા |
| ફાગણ સુદ-૧૨ | પટેલ રમેશભાઈ અંબાલાલ (ચુરમાના લાડુ) | કુડાસણ |
| ફાગણ સુદ-૧૨ | અ.નિ. વેકરીયા રવજીભાઈ કાળાભાઈ (કાજુબદામ મૈસુબ) | |
| ફાગણ સુદ-૧૨ | વીરબાઈ ધનજી (ચુરમાના લાડુ) | બળદીયા-કચ્છ |
| ફાગણ સુદ-૧૨ | અ.નિ. પ્રેમબાઈ મનજીભાઈ વાધજીયાણી (ચુરમાના લાડુ) | સુખપર-કચ્છ |
| ફાગણ સુદ-૧૩ | ભૂડીયા શિવજી નારણ (સાટા) | સુખપર-કચ્છ |
| ફાગણ સુદ-૧૩ | પટેલ હિતેષ પ્રફુલભાઈ (સાટા) | ઉવારસદ |
| ફાગણ સુદ-૧૪ | તિવારી સંતોષકુમાર રામલખન (મોહનથાળ) | અમદાવાદ |
| ફાગણ વદ-૧ | સત્સંગ સભા મંડળ નારાયણઘાટ (મગસ) | |
| ફાગણ વદ-૧ | વશરામ ગોપાલ (મગસ) | રામપર-વેકરા |
| ફાગણ વદ-૧ | ભૂડીયા મનસુખ ભીમજી (કાજુબદામ મૈસુબ) | ઝાંબીયા |
| ફાગણ વદ-૨ | સાપરીયા બંસીભાઈ લાલજીભાઈ (ચુરમાના લાડુ) | અમદાવાદ |
| ફાગણ વદ-૨ | પટેલ અરવિંદભાઈ આર. (ચુરમાના લાડુ) | |
| ફાગણ વદ-૩ | પટેલ જીતેન્દ્રભાઈ આત્મારામદાસ (મોહનથાળ) | રાણીપ |
| ફાગણ વદ-૪ | હિરાણી વાલજીભાઈ કરશનભાઈ (સાટા) | બળદીયા-કચ્છ |
| ફાગણ વદ-૪ | પટેલ દિવ્યકાંત બાબુભાઈ (કાજુ બદામ મૈસુબ) | છત્રપુરા |
| ફાગણ વદ-૫ | સોની જનકભાઈ જયંતીભાઈ (દૂધપાક પુરી) | પાટણ |
| ફાગણ વદ-૬ | પટેલ દિવ્યકાંત બાબુલાલ (ચુરમાના લાડુ) | અમેરિકા |
| ફાગણ વદ-૭ | વેકરીયા નટુભાઈ દુર્લભભાઈ (મગસના લાડુ) | અમદાવાદ |
| ફાગણ વદ-૭ | દેસાઈ અજુભાઈ કનુભાઈ (મોહનથાળ) | બાપુનગર |
| ફાગણ વદ-૭ | રાઠોડ દુષ્યન્ત ભરતભાઈ (મોહનથાળ) | અમદાવાદ |
| ફાગણ વદ-૭ | ભાવસાર અશોકભાઈ ચંદુલાલ (બુંદીના લાડુ) | વિસનગર |

(અનુ. પેજ નં. ૩૦ ઉપર)

# શ્રી સ્વામિનારાયણ ભેટ યોજના

**પ.પૂ. મોટા મહારાજશ્રી અને સમસ્ત ધર્મકુળના આશીર્વાદથી શ્રીજી પ્રસન્નાર્થે**


૧૧૦૧/- કાચા લક્ષ્મણભાઈ રમણીકભાઈ, કાચા ટેલર્સ-લેસ્ટર
ચંદુભાઈ, વિનોદભાઈ, પ્રકાશભાઈ આર., પ્રકાશભાઈ એમ. કપીલભાઈ,સૂરજ, કુલદિપ, કર્નલ, પૃથ્વીરાજ, સહજ અને વિહાત આદિ પરિવાર
૫૫૫/- પ.પૂ. મોટા મહારાજશ્રીના રાજીપા અર્થે ભૂડીયા કાંતિલાલ કેસરા ઈસ્ટ લંડન-ફોટડી(કચ્છ)
૫૫૫/- પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રીના રાજીપા અર્થે અ.સૌ. જસવંતીબેન કાંતિલાલ ભૂડીયા ઈસ્ટ લંડન-ફોટડી(કચ્છ)
૧૦૧/- અ.નિ. હંસાબેન હર્ષદભાઈ પટેલ માસિક પુણ્ય તિથિ નિમિત્તે દહેગામ
૫૦૦/- પટેલ તુલસીબેન શ્રીહરિ-ધર્મકુળ પ્રસન્નાર્થે કચ્છ-ઈસ્ટલંડન
૧૦૦/- અ.નિ. ભાસ્કરભાઈ બચુભાઈના સ્મરણાર્થે નાંદોલ
૫૦૦/- પરમાર જગદીશ બચુલાલ શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે ધૂળકોટ-નાઈરોબી
૧૦૦/- મેવાડા રમેશભાઈ અ.નિ. ભાણો અશ્વિન ધીરૂભાઈ ના સ્મરણાર્થે જાંબુડાવાળા
૧૦૦/- ટાંક અંકિત, નિમેષ, નિયતિ, બિપીન શ્રીજી પ્રસન્નાર્થે મુંબઈ
૧૦૦/- બારોટ ધર્મિષ્ઠાબેન બળદેવભાઈ શ્રીજી પ્રસન્નાર્થે ઝુલાસણ
૧૦૦/- અ.નિ. કમળાબેન રામભાઈ પટેલના સ્મરણાર્થે મોખાસણ
૧૦૦/- ભાવસાર મોક્ષદ વિશાલ સ્કુલે બેસાડવા નિમિત્તે પેથાપુર
૫૦૧/- પટેલ વસંતીબેન શંકરભાઈ શ્રીહરિ પ્રાકટ્યોત્સવ નિમિત્તે મોટેરા
૫૦૧/- પટેલ શાંતાબેન જસવંતભાઈ જન્મ દિને તા. ૧-૧ મોટેરા
૧૧૧/- અ.નિ. મોદી રણછોડલાલ સુરચંદદાસ શ્રીજી પ્રસન્નાર્થે મહેસાણા
૧૧૧/- અ.નિ. મહેતા મણીલાલ મુલચંદદાસ શ્રીજી પ્રસન્નાર્થે સાબરમતી
૧૫૧/- પટેલ હિરેનભાઈ હરિભાઈ ચિ. હિરના જન્મ દિને તા. ૧૨-૪ ઉનાવા
૧૫૧/- પટેલ ચિરાગ હરિભાઈ ચિ. નિલના જન્મ દિને તા. ૨૩-૫ ઉનાવા
૧૦૦/- લુણગરીયા રિંકલ જગદીશભાઈ જન્મ દિને પારખીલોરી
૧૦૦/- મોદી અમરતલાલ મગનલાલ શ્રીજી પ્રસન્નાર્થે સેટેલાઈટ
૧૦૦/- અ.નિ. પટેલ જોઈતાભાઈ છગનદાસ પુણ્ય તિથિ નિમિત્તે ડાંગરવા
૨૦૦/- અ.નિ. પટેલ સાકરબેન કેશાભાઈ પ્રથમ પુણ્ય તિથિ નિમિત્તે અંબાપુર
૧૫૧/- અમીન રાહિલ જે. ઓસ્ટ્રેલીયા પ્રવાસ નિમિત્તે રાયસણ
૧૦૧/- વાઘેલા સરદારસિંહ શિવસિંહ પુણ્ય તિથિ નિમિત્તે આગીયા
૧૧૧/- મોદી ધવલ રાજેશકુમાર લગ્ન પ્રસંગે હિરાવાડી
૧૦૧/- વેકરીયા મંજુલાબેન વિઠ્ઠલભાઈ નેહાએ ગાડી લીધી તે નિમિત્તે ગાંધીનગર
૧૦૧/- પટેલ રમેશભાઈ શંકરલાલ ચિ. પરેશભાઈના લગ્ન પ્રસંગે સોજા
૧૦૧/- પટેલ પિનલબેન ચિનુભાઈ જન્મ દિને ઉનાવા
૨૦૧/- પટેલ નૈયા સંજયભાઈ શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે સાબરમતી
૧૦૦/- પટેલ વનમાળીભાઈ જીવણભાઈ ચિ. કુશના જન્મદિને બોપલ
૨૦૦/- પટેલ દેવાંગ ભરતભાઈ ચિ. કાવ્યાના જન્મ દિને મોટેરા
૧૦૧/- મારવી મિત રૂપેશભાઈ શ્રીજી પ્રસન્નાર્થે અમદાવાદ
૧૦૧/- મારવી કુશલ પ્રકાશભાઈ સ્કુલે બેસાડ્યો તે નિમિત્તે અમદાવાદ
૫૦૦/- ચૌહાણ કનૈયાલાલ પુરુષોત્તમદાસ શ્રીહરિની કૃપાથી બન્ને આંખે મોતિયાના સફળ ઓપરેશન નિમિત્તે કલોલ
૧૦૦/- પટેલ સૌમીલ શ્રવણભાઈ ચિ. હેતાન્સના જન્મ દિને અસલાલી
૧૨૫/- સોની હરિશભાઈ અને દેવેન્દ્રભાઈ ઓચ્છવીયા અ.નિ. સોની વેણુભાઈ મણીભાઈના સ્મરણાર્થે અમદાવાદ
૧૨૫/- અ.નિ. સોની મણીલાલ ગબડદાસ (ઓચ્છવીયા) ના સ્મરણાર્થે અમદાવાદ
૧૫૧/- મોદી નૈતિક સુરેશકુમાર એમ.બી.બી.એસ.માં ફર્સ્ટ કલાસ નિમિત્તે સોજા
૧૫૧/- મોદી પ્રતિક રાજેશકુમાર ભાણાના લગ્ન પ્રસંગે સોજા
૧૦૧/- દલાલ જયશ્રીબેન મનોજકુમાર જન્મ દિને અમદાવાદ
૧૦૧/- સુખડીયા નિશિત યોગેશકુમાર એ.સી. લાવ્યા તે નિમિત્તે વિરાટનગર
૨૦૫/- પટેલ રૂખીબેન મોતીદાસ મેનાબેનની પ્રથમ પુણ્ય તિથિ નિમિત્તે વાગોસણા
૧૦૦/- પટેલ અશ્વિનકુમાર ચંદુલાલ શ્રીજી પ્રસન્નાર્થે વાગોસણા
૧૦૦/- ચાવડા હિરેન રણછોડભાઈ ચિ. હિતાંશીના ૧૨ માં જન્મ દિને બળોલવાળા
૧૦૦/- પટેલ પ્રકાશભાઈ કાંતિલાલ ચિ, સેલ્વીના લગ્ન પ્રસંગે ઉંઝા
૧૦૦/- પટેલ પ્રકાશભાઈ કાંતિલાલ ચિ. ધ્યાનને મેડીકલમાં એડમીશન નિમિત્તે ઉંઝા
૧૦૦/- પટેલ રિયા જયેશભાઈ જન્મ દિને ઈટાદરા
૧૦૦/- પટેલ અનોખી જયેશભાઈ જન્મ દિને ઈટાદરા
૧૦૦/- પટેલ યુવરાજકુમાર ગોપાલભાઈ શ્રીહરિ પ્રાકટ્યોત્સવ દિને બાયડ
૧૦૦/- પટેલ સંસ્કારકુમાર ગોપાલભાઈ શ્રીહરિ પ્રાકટ્યોત્સવ દિને બાયડ
૧૦૦/- પટેલ સવિતાબેન મનુભાઈ શ્રીહરિ પ્રાકટ્યોત્સવ દિને બાયડ
૧૦૦/- પટેલ સતીષકુમાર મનહરભાઈ શ્રીહરિ પ્રાકટ્યોત્સવ દિને બાયડ
૧૦૦/- પટેલ ચેતનકુમાર મનહરભાઈ શ્રીહરિ પ્રાકટ્યોત્સવ દિને બાયડ
૧૦૦/- પટેલ ઉત્સવકુમાર નિલેષભાઈ શ્રીહરિ પ્રાકટ્યોત્સવ દિને બાયડ
૧૦૦/- પટેલ ભીખીબેન વિરમભાઈ શ્રીહરિ પ્રાકટ્યોત્સવ દિને બાયડ
૧૦૦/- પટેલ પ્રિયેશકુમાર પ્રવિણભાઈ શ્રીહરિ પ્રાકટ્યોત્સવ દિને બાયડ
૧૦૦/- પટેલ અંકુરકુમાર પ્રવિણભાઈ શ્રીહરિ પ્રાકટ્યોત્સવ દિને બાયડ
૧૦૦/- પટેલ ચિરાગકુમાર મહેન્દ્રભાઈ શ્રીહરિ પ્રાકટ્યોત્સવ દિને બાયડ
૧૦૦/- પટેલ આશિષકુમાર જયંતીભાઈ શ્રીહરિ પ્રાકટ્યોત્સવ દિને બાયડ
૧૦૦/- પટેલ અલ્પેશકુમાર જયંતીભાઈ શ્રીહરિ પ્રાકટ્યોત્સવ દિને બાયડ
૧૦૦/- પટેલ રાજવીર વિરેન્દ્રકુમાર તા. ૨૫-૪ જન્મ દિને બાયડ
૧૦૦/- પટેલ કૌશલેન્દ્ર ભરતભાઈ શ્રીજી પ્રસન્નાર્થે બાયડ
૧૦૦/- પટેલ રિધ્ધિબેન કંદર્પકુમાર શ્રીજી પ્રસન્નાર્થે રડોદરા
૧૦૦/- મોદી પ્રીતકુમાર ભાવિકકુમાર જન્મ દિને સતલાસણા
૧૦૦/- મોદી ક્રિશકુમાર ભાવિકકુમાર જન્મ દિને સતલાસણા
૧૦૦/- પટેલ દશરથભાઈ કચરદાસ ચિ. તીર્થની ઓસ્ટ્રેલીયા ક્રિકેટ ટીમમાં પસંદગી થઈ તે નિમિત્તે ડાંગરવા
૨૫૦/- પટેલ સંકેતકુમાર ચંદુભાઈ પુત્ર જન્મ પ્રસંગે લાલોડા
૨૫૦/- પટેલ ધવલકુમાર રમણભાઈ દીકરીના જન્મ પ્રસંગે લાલોડા
૧૫૧/- ઠક્કર મહેશભાઈ રતીલાલ ચિ. મીત માટે નવી ગાડી નિમિત્તે સી.ટી.એમ.

૧૮૦/- પટેલ કશ્યપ એન. પ્રથમ પગાર નિમિત્તે અમદાવાદ
૧૦૦/- પટેલ ચિમનલાલ કેશવલાલ શ્રીજી પ્રસન્નાર્થે અમદાવાદ
૧૦૦૦/- મોરી વસુભાઈ કમાભાઈ કાલીયાણા
શ્રીહરિકૃપાથી જીરૂ સારુ થયું તે નિમિત્તે
૧૦૧/- મોદી ગૌરવ દિલીપભાઈ ગાડી લાવ્યા તે નિમિત્તે ગાંધીનગર
૧૦૧/- પટેલ ધરણી શિરાલી, ઉન્નત, ચંદ્રેશભાઈ બાયડ
શ્રીહરિ પ્રાકટ્યોત્સવ દિને
૧૦૦/- ગીતાબેન નવીનભાઈ શ્રીજી પ્રસન્નાર્થે ચાંદખેડા
૨૦૨/- ઉપાધ્યાય કુમુદચંદ્ર જગન્નાથ શ્રીહરિ પ્રાકટ્યોત્સવ દિને અમદાવાદ
૨૦૦/- પટેલ અરવિંદભાઈ ત્રિકમદાસ કરજીસણ
શ્રીહરિ પ્રાકટ્યોત્સવ દિન નિમિત્તે
૧૦૧/- પટેલ શ્રેષ્ઠ સંજયભાઈ શ્રીહરિ પ્રાકટ્યોત્સવ દિન નિમિત્તે વડુ
૧૦૧/- અ.નિ. પટેલ અંબાલાલ નાનદાસના સ્મરણાર્થે વડુ
૧૦૦/- પટેલ કૃણાલ ધાર્મિક ધ્યાન શ્રીહરિ પ્રાકટ્યોત્સવ દિને વડુ
૧૦૦/- પટેલ વિષ્ણુભાઈ અંબાલાલ શ્રીહરિ પ્રાકટ્યોત્સવ દિને વડુ
૧૦૦/- પટેલ અમરતભાઈ અંબાલાલ શ્રીહરિ પ્રાકટ્યોત્સવ દિને વડુ
૧૦૦/- પટેલ કોકિલાબેન રમણભાઈ એન. શ્રીજી પ્રસન્નાર્થે ચાંદખેડા
૧૦૦/- મોરી દિલીપભાઈ કમાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે કાલીયાણા
૧૦૦/- મોરી નરસંગભાઈ ખોડાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે કાલીયાણા
૧૦૦/- રાવલ મધુકાંતાબેન કાંતિલાલ જન્મ દિને કાલીયાણા
૧૦૦/- કુમારી અમીબેન રાજુભાઈ દવે જન્મ દિને કાલીયાણા
૫૦૦/- પટેલ રૂચિબેન જયેશભાઈ પગાર નિમિત્તે અંબાપુર
૧૦૦/- પટેલ વિષ્ણુભાઈ કેશાભાઈ શ્રીહરિ પ્રાકટ્યોત્સવ દિને વહેલાલ
૨૦૧/- અ.નિ. ચૌહાણ રામાભાઈ પચાણભાઈ પુણ્ય તિથિ નિમિત્તે વણી
૧૦૦/- ચાવડા જયદિપ રમેશભાઈ શ્રીજી પ્રસન્નાર્થે વણી
૧૦૧/- પટેલ કુમુદચંદ્ર પરસોતમદાસ શ્રીજી પ્રસન્નાર્થે રાણીપુરા
૧૦૧/- પટેલ હર્ષકુમાર ઘનશ્યામભાઈ જન્મ દિને ખેરોલ
૫૦૧/- સિંધવ દિપુભાઈ નારણભાઈ બળોલ
સુરેન્દ્રનગર સરકારી જોબમાંથી નિવૃતિ નિમિત્તે
૫૦૦/- પટેલ બિપીનકુમાર ગોપાલભાઈ અમદાવાદ
શ્રીહરિ પ્રાગટ્યદિન નિમિત્તે
૧૦૧/- ભાવસાર તેજેન્દ્ર રમેશચંદ્ર સગાઈ નિમિત્તે અમદાવાદ
૧૦૧/- ભાવસાર હિમાંશુ એમ. શ્રીહરિ પ્રાગટ્યોત્સવ દિને કલોલ
૧૧૧/- પટેલ હિમાંશુ ઘનશ્યામભાઈ જન્મ દિને લવારપુર
૧૧૧/- પટેલ ભૌમિક ઘનશ્યામભઈ જન્મ દિને લવારપુર
૫૦૦/- પટેલ રમણભાઈ સોમાભાઈ શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે વાવોલ
૧૦૦/- ઝાલા કિરીટસિંહ વાઘુભા શ્રીજી પ્રસન્નાર્થે અડવાળ
૧૦૦/- વાળા પ્રકાશબા સિધ્ધરાજસિંહ શ્રીજી પ્રસન્નાર્થે તળાજા
૧૧૧૧/- પટેલ અર્જુનકુમાર મહેશભાઈ નવી ગાડી લાવ્યા તે નિમિત્તે ગોઠીબ
૨૫૧/- મોદી રોનક રાજેન્દ્રકુમાર અમદાવાદ
ચિ. પુત્રી રિતન્યાના જન્મ પ્રસંગે
૨૦૧/- પટેલ જગદીશભાઈ નાનાલાલ અમદાવાદ
ચિ. બીનાબેનના લગ્ન પ્રસંગે
૧૦૦/- પટેલ મણીબેન અંબાલાલ શ્રીજી પ્રસન્નાર્થે ઉંઝા
૧૦૦/- પટેલ હેમીબેન લક્ષ્મણભાઈ શ્રીજી પ્રસન્નાર્થે ઉંઝા
૧૦૦/- દરજી ભીખાભાઈ શંકરદાસ દહેગામ
પ્રથમ માસિક પુણ્ય તિથિ નિમિત્તે
૧૦૦/- પટેલ દાનાભાઈ રણછોડદાસ પુણ્ય તિથિ નિમિત્તે વિહાર
૧૦૦/- પટેલ નરેન્દ્રકુમાર ભીખાભાઈ પરિવારને વિહાર
કેનેડાના પી.આર. નિમિત્તે
૧૧૧/- નાગર નવિનચંદ્ર બાબુલાલ શ્રીજી પ્રસન્નાર્થે ઝાણુંવાળા
૧૦૦/- પટેલ દિનેશભાઈ રામાભાઈ ચિ. બિનલબેનના લગ્ન પ્રસંગે વિહાર
૧૦૦/- પટેલ દિનેશભાઈ રામાભાઈ વિહાર
ચિ. પાર્થિવને ઓસ્ટ્રેલીયાના વિઝા નિમિત્તે
૧૦૧/- ડાભી કનકેશ ગીરીશકુમાર જન્મ દિને અમદાવાદ
૧૦૧/- માંડલીયા ગીતાબેન પંકજભાઈ નવું ઘર લીધું તે નિમિત્તે અમદાવાદ
૨૫૦/- પટેલ જીયાબેન અંકુરભાઈ જન્મ દિને ઉંઝા
૨૦૦/- પટેલ પ્રતિક ચિનુભાઈ ચિ. કાનવીના જન્મ દિને સીડની
૧૦૦/- પટેલ દશરથભાઈ ધૂળાભાઈ નવી ગાડી લાવ્યા તે નિમિત્તે ઉનાવા
૧૦૦/- મોદી અમરતલાલ મગનલાલ રામનવમી નિમિત્તે સેટેલાઈટ
૧૦૧/- અ.નિ. ભાવસાર આનંદીબેન અંબાલાલ મોટપ
૨૩ મી પુણ્ય તિથિ નિમિત્તે
૫૦૦/- પટેલ હિરલબેન હર્ષદકુમાર શ્રીજી પ્રસન્નાર્થે અમેરિકા
૧૦૧/- મોદી ભીખીબેન અંબાલાલ શ્રીજી પ્રસન્નાર્થે અમદાવાદ
૧૦૦/- પટેલ વ્યોમેશ રજનીકાન્ત નવા બિજનેશ નિમિત્તે કણભા
૧૦૦/- પટેલ રજનીકાંત શનાભાઈ નવા બિજનેશ નિમિત્તે કણભા
૧૦૧/- પટેલ તૃષાબેન જીતેન્દ્રકુમાર ઓસ્ટ્રેલીયા ગયા તે નિમિત્તે અમદાવાદ
૨૦૧/- પટેલ પાર્થ, જીતુભાઈ જન્મ દિને અમદાવાદ
૫૦૦/- અ.નિ. પટેલ રણછોડભાઈ બેચરભાઈના સ્મરણાર્થે ઝુંડાલ
૧૧૦/- જોશી વત્સલકુમાર નિતીનભાઈ તા. ૨૩-૧ લગ્ન પ્રસંગે કોઠંબા
૧૦૦/- કા. વિમલકુમાર નારણદાસ શ્રીજી પ્રસન્નાર્થે ધનસુરા
૧૦૧/- ભાવસાર હસુબેન ઘનશ્યામભાઈ શ્રીજી પ્રસન્નાર્થે અમદાવાદ
૨૦૦૦/- અ.નિ. પટેલ મેનાબેન ત્રિભોવનદાસના સ્મરણાર્થે વડુ
૧૦૦/- પટેલ નીતાબેન ચિરાગકુમાર શ્રીજી પ્રસન્નાર્થે કલોલ
૧૦૦/- ત્રિવેદી ભરતભાઈ શ્રીજી પ્રસન્નાર્થે કલોલ
૧૦૦/- પટેલ ભીખાભાઈ મગનભાઈ શ્રીજી પ્રસન્નાર્થે ધાકડી
૧૦૦/- પટેલ રસિકભાઈ હેમાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે ધાકડી
૧૫૧/- અ.નિ. રામપરીયા નીતાબેન જયેશભાઈના સ્મરણાર્થે મુંબઈ
૧૦૦/- પટેલ નિલમ ભાણાના જન્મ દિને દેઉસણા
૧૦૦/- અ.નિ. ચૌહાણ આયુષસિંહ વજેસિંહના સ્મરણાર્થે ટાંકીયા
૨૫૧/- ચૌધરી ભાવેશકુમાર માધુભાઈ શ્રીજી પ્રસન્નાર્થે બાપુપુરા
૧૦૧/- પટેલ જશોદાબેન શંકરભાઈ પુત્રની ટ્રાન્સફર નિમિત્તે સાયરા
૨૦૦/- વાઘેલા અશોકસિંહ જામભા ગોધાવી
સ્મિતરાજ, વ્રજરાજ, કર્મરાજ, મનસ્વીબાના જન્મ દિને
૧૫૦/- અ.નિ. કડીયા રાજેન્દ્રકુમાર કાળીદાસના સ્મરણાર્થે સોજા
૧૦૦/- પટેલ મોન્ટુ મુકેશભાઈ નવું એકટીવા લાવ્યા તે નિમિત્તે દેઉસણા
૧૦૧/- મોરી હરિભાઈ ચેલાભાઈ અમદાવાદ
નવા મકાનમાં રહેવા ગયા તે નિમિત્તે
૧૦૫/- ભાવસાર તારાબેન સુંદરલાલ શ્રીજી પ્રસન્નાર્થે અમદાવાદ
૧૦૦/- પટેલ કોકીલાબેન કેશવલાલ શ્રીજી પ્રસન્નાર્થે ગાંધીનગર
૧૦૦/- પટેલ સ્નેહાબેન જસુભાઈ પરીક્ષામાં ફર્સ્ટ કલાસ નિમિત્તે લવારપુર
૧૦૦/- પટેલ મહેન્દ્રભાઈ અંબાલાલ શ્રીજી પ્રસન્નાર્થે મોટેરા
૧૦૦/- અ.નિ. પટેલ જગદીશભાઈ હેમાભાઈના સ્મરણાર્થે પરઢોલ

| | | |
|---|---|---|
| ૧૦૦/- | પટેલ ગીરીશભાઈ ગોવિંદભાઈ શ્રીજી પ્રસન્નાર્થે | પરઢોલ |
| ૨૦૧/- | ચૌધરી દુષ્યંતકુમાર નરેન્દ્રભાઈ ચિ. વ્યોમના જન્મ પ્રસંગે | માણેકપુર |
| ૧૦૧/- | વાઘેલા હર્ષિતાબેન કલ્પેશસિંહ શ્રીજી પ્રસન્નાર્થે | ગોધાવી |
| ૧૦૧/- | વાઘેલા પ્રિયાંશીબા તેજેન્દ્રસિંહ શ્રીજી પ્રસન્નાર્થે | ગોધાવી |
| ૧૦૦/- | પરમાર બાબુભાઈ ત્રિકમભાઈ જન્મ દિને | બળોલ-ભાલ |
| ૧૦૦/- | પટેલ ભોળાભાઈ ચતુરદાસ શ્રીજી પ્રસન્નાર્થે | ભાઉપુરા |
| ૧૦૦/- | પટેલ જસુભાઈ છગનભાઈ જન્મ દિને | ધનસુરા |
| ૬૦૦/- | પટેલ રણછોડભાઈ અંબાલાલ શ્રીજી પ્રસન્નાર્થે | કલોલ |
| ૧૫૦/- | ટાંક ગોપાલભાઈ મેઘજીભાઈ ૭૮ માં જન્મ દિને | સુરત |
| ૫૦૧/- | ચૌધરી હિરાબેન રમણભાઈ શ્રીજી પ્રસન્નાર્થે | બાલવા |
| ૧૦૦/- | ચૌધરી વર્ષાબેન જીજ્ઞેશકુમાર શ્રીજી પ્રસન્નાર્થે | બાલવા |
| ૧૦૧/- | ચૌધરી રઈબેન કાનાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે | બાલવા |
| ૧૦૧/- | ચૌધરી શાંતાબેન જેશંગભાઈ શ્રીજી પ્રસન્નાર્થે | બાલવા |
| ૧૦૧/- | પટેલ મનોરમાબેન પિયુષભાઈ શ્રીજી પ્રસન્નાર્થે | સૂકાટીંબા |
| ૧૦૧/- | જયસ્વાલ સંજયભાઈ કનૈયાલાલ શ્રીજી પ્રસન્નાર્થે | સૂકાટીંબા |
| ૧૦૧/- | પટેલ ભાઈલાલભાઈ ખેમાભાઈ<br>વિવો એજન્સી મળી તે નિમિત્તે | જાનવડ |
| ૧૦૧/- | પટેલ મણીબેન લખીદાસ શ્રીજી પ્રસન્નાર્થે | જાનવડ |
| ૧૦૧/- | અ.નિ. મોદી હિરાબેન મફતલાલના સ્મરણાર્થે | અમદાવાદ |
| ૧૦૧/- | પટેલ ગીતાબેન ધર્મેન્દ્રકુમાર શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે | નાંદોલ |
| ૧૦૦/- | મોરી અજીતભાઈ પથાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે | કાલીયાણા |
| ૧૦૦/- | મોરી અશોકભાઈ કાનજીભાઈ શ્રીજી પ્રસન્નાર્થે | કાલીયાણા |
| ૨૦૧/- | ઠક્કર જગદીશભાઈ આત્મારામભાઈ શ્રીજી પ્રસન્નાર્થે | કઠલાલ |
| ૨૦૦/- | અ.નિ. પટેલ માણેકબેન મણીલાલ<br>બીજી પુણ્યતિથિ નિમિત્તે | દહેગામ |
| ૨૦૦/- | એક હરિભક્ત નવા મકાન નિમિત્તે | પેથાપુર |
| ૨૦૦/- | પટેલ મૈત્રીબેન પ્રવિણભાઈ<br>ડોકટરમાં પ્રથમ વર્ષે પાસ થયા તે નિમિત્તે | પેથાપુર |
| ૧૦૦/- | અ.નિ. પટેલ શાંતાબેન રેવાભાઈ પ્રથમ પુણ્ય તિથિ નિમિત્તે | ધનસુરા |
| ૧૦૧/- | મોરી ભીખાભાઈ દાનુભાઈ નવું ટ્રેકટર લાવ્યા તે નિમિત્તે | ડેડીયાસણ |
| ૧૦૧/- | અ.નિ. મોરી ભીખાભાઈ કનુભાઈ<br>તા. ૩-૪ અક્ષરવાસી થયા તે નિમિત્તે | ડેડીયાસણ |
| ૧૦૦/- | ભાવસાર ધનલક્ષ્મીબેન વિનોદભાઈ<br>ચિ. ભાણા હિતના જન્મ દિને | કલોલ |
| ૧૫૧/- | સોની જલ્પેશકુમાર બિપીનચંદ્ર મિતના જન્મદિને | નવાવણઝર |
| ૧૦૦/- | ત્રિવેદી ઘનશ્યામભાઈ એમ. શ્રીજી પ્રસન્નાર્થે | ગાંધીનગર |
| ૧૦૦/- | દરજી મનોજભાઈ અશોકભાઈ શ્રીજી પ્રસન્નાર્થે | નરોડા |
| ૧૦૧/- | પટેલ મંજુલાબેન રજનીકાંત શ્રીજી પ્રસન્નાર્થે | અમદાવાદ |
| ૫૦૦/- | પટેલ વિરલ મનુભાઈ ચિ. અવિરના જન્મ દિને | નાંદોલ |
| ૧૦૦/- | પટેલ અંજનાબેન મનુભાઈ શ્રીજી પ્રસન્નાર્થે | નાંદોલ |
| ૧૧૧/- | અ.નિ. મહેતા ડાહીબેન મણીલાલ શ્રીજી પ્રસન્નાર્થે | સાબરમતી |
| ૧૧૧/- | અ.નિ. મોદી ચંચળબેન રણછોડદાસ શ્રીજી પ્રસન્નાર્થે | મહેસાણા |
| ૧૫૧/- | પટેલ શ્રેષ્ઠ સંજયભાઈ<br>પ.પૂ. મોટા મહારાજશ્રીના જન્મોત્સવ પ્રસંગે | વડુ |
| ૧૫૧/- | પટેલ પ્રાચી સંજયભાઈ<br>પ.પૂ. મોટા મહારાજશ્રીના જન્મોત્સવ પ્રસંગે | વડુ |
| ૧૦૦/- | પટેલ લાલજીભાઈ ગણેશદાસ<br>પ.પૂ. મોટા મહારાજશ્રીના જન્મોત્સવ પ્રસંગે | ભાવપુરા |
| ૧૦૧/- | મોઢ પલક સુધીરકુમાર<br>ધો-૧૨ માં સારા ટકા આવ્યા તે નિમિત્તે | મહેસાણા |
| ૧૦૧/- | શ્રી નરનારાયણ પ્લાસ્ટીક<br>પ.પૂ. મોટા મહારાજશ્રીના જન્મોત્સવ પ્રસંગે | બાપુનગર |
| ૧૦૧/- | ઠક્કર સોમચંદભાઈ હેમચંદભાઈ<br>પ.પૂ. મોટા મહારાજશ્રીના જન્મોત્સવ પ્રસંગે | ઓઢવ |
| ૧૦૦/- | ચાવડા લાભુબેન લખમણભાઈ<br>સર્વોપરી ધામ છપૈયા યાત્રા નિમિત્તે | રામપરા |
| ૧૦૧/- | મોદી પાવન ભરતભાઈ શ્રીજી પ્રસન્નાર્થે | કુડાસણ |
| ૧૦૦/- | પટેલ શારદાબેન પરસોતમદાસ શ્રીજી પ્રસન્નાર્થે | ગાંધીનગર |
| ૧૦૦/- | પટેલ લલીતાબેન રમણભાઈ શ્રીજી પ્રસન્નાર્થે | સાબરમતી |
| ૧૦૦/- | પટેલ ધીરેનકુમાર રમણભાઈ શ્રીજી પ્રસન્નાર્થે | સાબરમતી |
| ૧૦૦/- | પટેલ દિવ્યા ધીરેનકુમાર શ્રીજી પ્રસન્નાર્થે | સાબરમતી |
| ૧૦૦/- | પટેલ રમણભાઈ મરઘાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે | સાબરમતી |
| ૧૦૦/- | મોદી મોસમ સાગર ચિ. પ્રિયલના પ્રથમ જન્મ દિને | મુંબઈ |
| ૧૦૦/- | પટેલ બિપીનચંદ્ર ગોપાલભાઈ અમેરિકાના વિઝા નિમિત્તે | અડાલજ |
| ૧૦૧/- | મોદી પ્રાર્થનાબેન હર્ષદભાઈ શ્રીજી પ્રસન્નાર્થે | ગાંધીનગર |
| ૧૦૦/- | મોદી હર્ષદભાઈ ચંદુલાલ શ્રીજી પ્રસન્નાર્થે | ગાંધીનગર |
| ૧૦૧/- | ડૉ. રામકૃષ્ણ સુરેશભાઈ ચિ. પાર્થના જન્મ પ્રસંગે | વિસનગર |
| ૧૦૧/- | મોદી વસુમતીબેન સુરેશભાઈ ચિ. પાર્થના જન્મ પ્રસંગે | વિસનગર |
| ૧૦૧/- | પટેલ બોની ભરતભાઈ શ્રીજી પ્રસન્નાર્થે | સાબરમતી |
| ૧૦૦/- | રાણપુરા મહેશભાઈ દલપતભાઈ શ્રીજી પ્રસન્નાર્થે | અમદાવાદ |
| ૧૦૦/- | કા. પ્રાપ્તિબેન જીજ્ઞેશભાઈ જન્મ દિને | બાલાસિનોર |
| ૧૦૧/- | પટેલ ચેલ્સી મૌલિક જન્મ દિને | વાગોસણા |
| ૨૦૦/- | પટેલ કૈલાશબેન હર્ષકાન્ત શ્રીહરિ પ્રસન્નાર્થે | હિરામોતી |
| ૧૦૦/- | ચાવડા જીગ્નેશસિંહ (ભાણેજ બાપુ)<br>ચિ. ભાર્ગવસિંહના જન્મ દિને | ડાંગરવા |
| ૧૦૦/- | ચૌધરી તર્ષ પ્રિતેશકુમાર જન્મ પ્રસંગે | સાયરા |
| ૫૦૧/- | પોરીયા ધનસુખભાઈ દામજીભાઈ<br>શ્રીહરિની કૃપાથી નવી ગાડી લાવ્યા તે નિમિત્તે | મુલુન્ડ |
| ૧૦૧/- | વેગડ હર્ષદભાઈ અરજણભાઈ<br>સુરેન્દ્રનગરથી પુલહાશ્રમ પદ યાત્રા નિમિત્તે | મુલુન્ડ |
| ૧૦૦/- | બ્રહ્મભટ્ટ રાજુભાઈ ચિ. પુત્રી કાજલને<br>ત્યાં ભાણા રિયાનના જન્મ પ્રસંગે | વડસર |
| ૧૦૦/- | પટેલ ભૂમિકાબેન હિરેનકુમાર જોબ નિમિત્તે | અમદાવાદ |

**સંપાદક, મુદ્રક અને પ્રકાશક :** મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી દ્વારા શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ માટે શ્રી સ્વામિનારાયણ પ્રિન્ટીંગ પ્રેસ, શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ. (ગુજરાત) પીન કોડ-૩૮૦ ૦૦૧ ખાતે છાપ્યું અને શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ (ગુજરાત) પીન કોડ-૩૮૦૦૦૧ વતી પ્રકાશિત કર્યું.















૧.ઓકલેન્ડ (ન્યુઝીલેન્ડ) મંદિરના પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીની આરતી ઉતારતા શા. સ્વામી નિર્ગુણદાસજી તથા આરતીના દર્શન કરતા હરિભક્તો. ૨. શિકાગો મંદિરમાં કથા પારાયણ પ્રસંગે કથા શ્રવણ કરતા હરિભક્તો. ૩. લેસ્ટર (યુ.કે.) મંદિરમાં રામનવમીના દર્શન ૪. નવા ગામ મંદિરના પાટોત્સવ પ્રસંગે ઠાકોરજી સમક્ષ અન્નકૂટ દર્શન.૫. બાપુપુરામાં રાત્રીય પારાયણ પ્રસંગે વ્યાસપીઠની આરતી ઉતારતા કાલુર મંદિરના મહંત શા. સ્વામી હરિકૃષ્ણદાસજી તથા ઉદ્‌બોધન કરતા પી.પી.સ્વામી - ગાંધીનગર. ૬. હરિદ્વારમાં શ્રી સ્વામિનારાયણ મંદિર ગાંધીનગર સે. ૨ દ્વારા આયોજીત કથા પારાયણ.૭. અમદાવાદ મંદિર સભામંડપમાં માણેકપુર (ચૌધરી)ગામના ખેડૂત ભક્તો સાથે મહંત સ્વામી હરિકૃષ્ણદાસજી તથા શા.સ્વામી નારાયણમુનિદાસજી.

Registered under RNI-GUJ Guj /2007/20221 "Permitted to post at Ahd. PSO on 11 the every month under postal REG. No. GAMC. - 003/15-17 issued ssp Ahd Valid up to 31-12-2017 Licenced to Post without pre payment No. CPMG/GJ/01/2015 valid up

1


2


૧.શ્રી સ્વામિનારાયણ મંદિર સીડની બ્લેકટાઉનના ૧૨માં પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીનો અભિષેક કરતા પ.પૂ.લાલજીમહારાજશ્રી. ૨. જેક્સનવીલે (અમેરિકા) મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા કરતા તથા સભામાં આશીર્વચન આપતા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી


પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા આશીર્વાદથી

શ્રી બાળ સ્વરૂપ ઘનશ્યામ મહારાજ બિરાજીત જીર્ણોધ્ધારિત

અક્ષર ભુવન (કાલુપુર) મંદિરના ઉદ્‌ઘાટન પ્રસંગે








મંગલ કાર્યક્રમ

શ્રી ઘનશ્યામલીલામૃત કથા

વક્તા : સ.ગુ.શા. સ્વામી રામકૃષ્ણદાસજી(કોટેશ્વર ગુરૂકુળ)

પ્રારંભ : તા. ૩૧-૫-૨૦૧૭ બુધવાર

કથા સમય : દરરોજ રાત્રે ૮-૦૦ થી ૧૧-૦૦

પોથીયાત્રા : તા. ૩૧-૫-૨૦૧૭ રાત્રે ૭-૩૦ કલાકે

શ્રી ઘનશ્યામ જન્મોત્સવ : તા. ૩૧-૫-૨૦૧૭ રાત્રે ૧૦-૪૫ કલાકે

પૂર્ણાહુતિ : તા. ૦૪-૬-૨૦૧૭ રવિવાર

તા. ૪-૬-૨૦૧૭ રવિવાર

અભિષેક : સવારે ૬-૩૦ કલાકે ● અન્નકૂટ તથા શણગાર આરતી : સવારે ૮-૧૫ કલાકે

સાંજે : કથા પૂર્ણાહુતિ ● મંદિર ઉદ્‌ઘાટન આતશબાજી તથા રંગારંગ કાર્યક્રમઃ રાત્રે ૯-૩૦ થી ૧૦-૩૦

નોંધ : ● કથા બાદ દરરોજ નાસ્તારૂપી પ્રસાદની વ્યવસ્થા રાખેલ છે.
● મહોત્સવ દરમ્યાન અમદાવાદના દરેક વિસ્તારમાંથી વાહન વ્યવસ્થા કરેલ છે આથી પોતાના વાહનો લાવવાનો આગ્રહ રાખવો નહિ. મંદિરમાં પાર્કિંગ થશે નહિં.

સ્થળ : શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ

આયોજક : મહંત શા. સ્વામી હરિકૃષ્ણદાસજી શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ


સૂચનાઃ- હવેથી શ્રી નરનારાયણ દેવ દેશના મંદિરોના પ્રસંગોની પત્રિકા કે બેનર કાલુપુર મંદિરમાં માત્ર ડીઝીટલ ફોર્મમાં મુકવામાં આવશે. તેના માટે આપે kalupurmandir@gmail.com પર આપની ડીઝાઈન મોકલવી વોટ્સ અપ પર મોકલવી નહીં.- આજ્ઞાથી

Praful Kharsani